Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૨૯
તા.૨૫-૦૯-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ આસો સુદ- ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૧ સૂર્યાસ્ત : ૦૬:૩૪

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૩.૮ | વડોદરા | ૩૨.૬ |
| અમદાવાદ | ૩૧.૫ | સુરત | ૩૨.૦ |
| ગાંધીનગર | ૩૪.૦ | નલિયા | ૩૧.૬ |

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# દેશના વિકાસમાં દરેક વ્યક્તિ યોગદાન માટે તૈયાર : મોદી

## વિચાર વૈભવ...

### માસ્ટર્સ હેન્ડ્સ ! (ઉસ્તાદના હાથની કરામત!)

પોતાના છએક વરસના બાળકને પિયાનો તરફ આકર્ષણ થાય અને એ વગાડવા માટે એને પ્રોત્સાહન મળે એટલા માટે એક માતા એને પેડ્રોવસ્કીના પિયાનો વાદનના કાર્યક્રમમાં લઈ ગઈ. ટિકિટ લઈને મા-દીકરો એક મોટા ઓડિટોરિયમમાં પ્રવેશ્યાં.

બંને બેસવા જતાં હતાં એ જ વખતે માતાની નજર ત્રીજી હરોળમાં બેઠેલી એની વરસો જૂની બહેનપણી પર પડી. માતા એને જોઈને ખુશ થઈ ગઈ. ત્યાં જઈને પોતાની સખીને ભેટી પડી. વરસો પછી બંને સખીઓ મળી હતી એટલે ઘણી બધી વાતો નીકળી અને બંને એ વાતોમાં ખોવાઈ ગઈ.

આ બાજુ, જેવું માતાનું ધ્યાન બીજે પરોવાયું કે પેલા છ વરસના બાળકે ઓડિટોરિયમમાં રખડવાની સુવર્ણતક ઝડપી લીધી. ખાંખાંખોળાં કરતો અને લહેરથી આંટા મારતો એ એક અધૂકડા વાસેલા બારણા પાસે આવી પહોંચ્યો. દરવાજા પર 'રજા સિવાય આવવું નહીં' એવું લખેલું હતું. પરંતુ એટલે ઊંચે આટલા નાના બાળકને દેખાય પણ કેમનું? એ તો પોતાની લહેરમાં બારણું હડસેલીને અંદર પ્રવેશી ગયો.

આ બાજુ કાર્યક્રમ શરૂ થવાનો સમય થયો એટલે ઓડિટોરિયમની લાઈટો ધીમી કરવામાં આવી. પેલી માતા પોતાની સખીની રજા લઈ પોતાની બેઠક પર પાછી ફરી. આવીને જુએ છે તો પોતાનો દીકરો ગાયબ હતો! હજુ તો એ ચારે તરફ નજર નાખે એના પહેલાં તો લાઈટો બંધ થઈ ગઈ અને પડદો ખૂલ્યો. સ્ટેજની બરાબર મધ્યમાં ગોઠવાયેલ સ્ટીનવે પિયાનો પર સ્પોટલાઈટ ફોકસ થઈ. એ લાઈટ પડતાં જ જે દ્રશ્ય દેખાયું એનાથી પેલી માતાના હોશકોશ ઊડી ગયા. એનો છ વરસનો દીકરો ત્યાં પહોંચી ગયો હતો અને એને આવડે એવી રીતે 'ટ્વિંકલ ટ્વિંકલ લિટલ સ્ટાર' વગાડી રહ્યો હતો. ઓડિયન્સ કાંઈ સમજે એ પહેલાં જ પેડ્રોવસ્કી પોતે સ્ટેજ પર આવી પહોંચ્યાં.

માત્ર બે જ ક્ષણમાં એ ઉમદા કલાકાર અને ઉચ્ચ કોટીના આદમીએ પરિસ્થિતિને પારખી લીધી. કાંઈ પણ બોલ્યા વિના કે ઓડિયન્સનું અભિવાદન પણ કર્યા વિના એ ઝડપથી પેલા બાળક પાસે પહોંચી ગયા. બાળક હજુ આ બધાથી સાવ અજાણ હતો. એ તો પોતાની નાનકડી આંગળીઓથી સૂર કાઢવાનો પ્રયત્ન કરવામાં જાણે કે ખોવાઈ જ ગયો હતો. એની બરાબર પાછળ જઈને પેડ્રોવસ્કીએ એના કાનમાં કહ્યું, 'ડોન્ટ ક્વીટ, કીપ પ્લેયિંગ! છોડતો નહીં, વગાડવાનું ચાલુ રાખજે, આપણે જરૂર સરસ સુર કાઢી શકીશું!'

પછી એમણે બાળકની ઉપર જરાક ઝૂકીને પોતાના ડાબા હાથે બાસ આપવાનું અને જમણો હાથ લાંબો કરીને ઓબ્લીગેટો (ખૂટતા બધા સૂર) પૂરા કરવાનું શરૂ કરી દીધું. અને પછી તો પૂછવું જ શું? નાનકડા અને તદ્દન બિનઅનુભવી બાળ કલાકારની આંગળીઓએ પેદા કરેલ સૂરોને એક માસ્ટરના હાથની કરામતે કોઈ માની જ ન શકે એવા અદ્દભુત સંગીતમાં ફેરવી નાખ્યા. ઓડિયન્સમાંથી કોઈએ પોતાની જિંદગીમાં ક્યારેય આવી જુગલબંધી જોઈ ન હતી કે સાંભળી પણ ન હતી. એક એવો રોમાંચક અનુભવ બધાને થયો કે જેનું વર્ણન જ ન થઈ શકે.

સંપૂર્ણ થિયેટરમાં, લગભગ પંદરેક મિનિટ સુધી જાણે કોઈએ જાદુ કર્યો હોય એવું વાતાવરણ રચાઈ ગયું. એ પછી જ્યારે એ સંગીત પૂરું થયું ત્યારે બધાએ પૂરા ઓડિટોરિયમને તાળીઓના ગડગડાટથી ભરી દીધું. થોડીવાર પહેલાં ડઘાઈ ગયેલી પેલી માતાએ પણ આંખોમાં હર્ષનાં આંસુ સાથે તાળીઓ પાડવાનું શરૂ કરી દીધું!

આપણી જિંદગીનું પણ આવું જ કાંઈક નથી હોતું? આપણે બસ પૂરા વિશ્વાસથી આપણી જિંદગીનું ગીત ગાતા-વગાડતા જવાનું. ખાતરી રાખવાની જ કે ખૂટતા સૂરોને એ ભરી જ દેશે. એણે કહેલી વાત ક્યારેય નહીં ભૂલવાની કે, 'ડોન્ટ ક્વીટ! કીપ પ્લેયિંગ! છોડશો નહીં! હારશો નહીં! મંડ્યા રહો! હું પાછળ છું જ ને! સંભાળી લઈશ!'

ડૉ.આઈ.કે.વીજળીવાળા

**જાહેર હરાજી**

છાણીયા ખાતર (ઉકરડા) ની જાહેર હરાજી

તા.૨૬/૦૯/૨૦૧૭, મંગળવાર સવારે ૧૦.૦૦ વાગે

શ્રી રાજારામ ગૌશાળા આશ્રમ
ટેટોડા, તા.ડીસા, જિ.બ.કાં.
ફોન : ૦૨૭૪૪ - ૨૪૩૪૩૩
મો.૯૭૨૪૩૨૫૩૨૯, ૯૭૨૪૩૨૫૩૧૧

## મન કી બાત કાર્યક્રમને ત્રણ વર્ષ પૂર્ણ થયા : સ્વચ્છતા અભિયાનમાં મિડિયાની ભૂમિકા વધી છે : ખાદીના વેચાણમાં હવે નોંધપાત્ર વધારો થયાનો મોદીનો દાવો

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં અનેક મુદ્દા ઉપર ફરી એકવાર વિસ્તારપૂર્વક વાત કરી હતી. મોદીએ સ્વચ્છતા, ખાદી સહિતના મુદ્દા ઉપર વાત કરી હતી. ઓક્ટોબર મહિનાના મહત્વની પણ વાત કરી હતી. મન કી બાત કાર્યક્રમને ત્રણ વર્ષનો ગાળો પૂર્ણ થઈ ગયો છે. ૩૬માં એપિસોડમાં મન કી બાતમાં મોદીએ જુદા જુદા વિષયો ઉપર પોતાના અભિપ્રાય આપ્યા હતા. મોદીના કહેવા મુજબ મન કી બાતના પરિણામ સ્વરુપે સરકાર વધારે સંવેદનશીલ બની ગઈ છે. સમગ્ર દેશના લોકો સાથે જોડાઈ જવાની તેમને અસામાન્ય તક મળી છે. મોદીએ કહ્યું હતું કે, આ એક એવા મંચ તરીકે છે જ્યાંથી લોકોના અભિપ્રાય, તેમના મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. દેશના લોકો રચનાત્મકરીતે અભિપ્રાય આપી રહ્યા છે. ભારતીયોની તાકાતને દર્શાવવા માટે પણ આ એક મંચ તરીકે છે. મોદીએ ઉમેર્યું હતું કે, સ્વચ્છતા હી સેવા મુવમેન્ટને જે રીતે ટેકો મળી રહ્યો છે તે અભૂતપૂર્વ બાબત છે. સ્વચ્છ ભારતમાં લોકો પોતાની ભૂમિકા અદા કરી રહ્યા છે. મોદીએ ઉમેર્યું હતું કે, સ્વચ્છતાના અભિયાનમાં મિડિયાની ભૂમિકા પણ વધી રહી છે. સરદાર પટેલે સમગ્ર દેશને એક સાથે જોડવાનું કામ કર્યું હતું. અમે તેમના દાખલા ઉપર આગળ વધી રહ્યા છીએ અને એકતાના મંત્ર સાથે વધી રહ્યા છે. એકતા ભારતની શક્તિ દર્શાવે છે. દરેક વ્યક્તિ દેશના વિકાસમાં યોગદાન આપવા માટે ઈચ્છુક છે. નવરાત્રિ તહેવાર અને દિવાળી ફિફા ૨૦૧૭ વર્લ્ડકપ વચ્ચે યુવા પેઢીને ખુબ સારી તક રહેલી છે. મોદીએ આ પ્રસંગે કહ્યું હતું કે, દેશના વિકાસ અને સમાજના વિકાસમાં ભૂમિકા ભજવવા માટે લોકો તૈયાર છે. પોતાના સંબોધનમાં મહાત્મા ગાંધી, પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી, જય પ્રકાશ નાયારણ, દિનદયાળ ઉપાધ્યાય, નાનાજી દેશમુખ જેવા મહાપુરુષોના સમાજ નિર્માણમાં યોગદાનની પ્રશંસા કરી હતી. મોદીએ શહીદોના પત્નિની પ્રશંસા કરતા કહ્યું હતું કે, સેનામાં સામેલ થયેલા લેફ્ટીનન્ટ સ્વાતિ અને નિધીની કુશળતા તમામ લોકો સામે આવી ગઈ છે. વડાપ્રધાને ૩૧મી ઓક્ટોબરના દિવસે રન ફોર યુનિટિ કાર્યક્રમથી વધુને વધુ લોકોને જોડવા માટે કહ્યું હતું. દેશવાસીઓને ફુટબોલ સાથે જોડાવવાની પણ અપીલ કરી હતી. દેશવાસીઓને નવરાત્રિની શુભેચ્છા પણ પાઠવી હતી. મોદીએ ખાદી જયંતિના અવસરે ખાદીના મહત્વની પણ વાત કરી હતી. શ્રીનગરમાં રહેતા બિલાલદારના ડાલ સરોવરની સફાઈમાં યોગદાનની પણ વાત કરી અનુસંધાન પાના નં.૬

ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણીનો કિસાન હિતકારી ઐતિહાસિક નિર્ણય

## ૯૦૦ પ્રતિ મણના ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવા નિર્ણય

**૧૦૬ કેન્દ્રો ઉપરથી મગફળીની ખરીદી શરૂ કરાશે : ખેડૂતોના હાથમાં મણદીઠ ૨૫૦ વધારાના આવશે : ખેડૂતોને ૫૦૦ કરોડ જેટલી મોટી રકમ મળી જશે**

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતના મઘફળી પકવતા ધરતીપુત્રોના વિશાળ હિતમાં એક મહત્વપૂર્ણ ઐતિહાસિક નિર્ણય લઈને આગામી લાભ પાંચમ-૨૫ ઓક્ટોબરથી ૯૦૦ પ્રતિમણના ટેકાના ભાવે સરકાર મગફળી ખરીદશે તેવી જાહેરાત કરી છે. વિજય રૂપાણીએ આ અંગેની ઘોષણા કરતા કહ્યું હતું કે, આ વરસે રાજ્યમાં ખુબ સારો વરસાદ થતાં તે ખેડૂતો માટે ૧૬ આની એટલે કે ૧૦૦ ટકા લાભદાયી નિવડ્યો છે. આના પરિણામે રાજ્યમાં વિપૂલ પ્રમાણમાં મગફળી, અડદ, તુવેરદાળ કપાસ જેવા પાકોનું ઉત્પાદન ખેડૂતોએ કર્યું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ વિપૂલ ઉત્પાદન થતાં ખેડૂતોને તેમનો આ પાક ઉત્પાદન બજારમાં સસ્તા ભાવે વેચવા વારો ન આવે તેની અમગચેતી રાખીને રાજ્ય સરકારે મગફળીની ખરીદી ૯૦૦ પ્રતિ મણના ભાવે ૧૦૬ કેન્દ્રો પરથી કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું હતું કે, હાલ મગફળીનો પ્રતિમણ બજાર ખરીદ ભાવ ૬૦૦-૬૫૦ ચાલે છે તે સામે રાજ્ય સરકાર રૂપિયા ૯૦૦ પ્રતિમણ ખરીદી કરશે. એટલે કે પ્રતિમણ રૂપિયા ૨૫૦ રૂપિયા ખેડૂતોને વધુ કિંમત મળશે. રાજ્ય સરકારે ૨૦૧૬-૧૭ના વર્ષમાં એક લાખ નવ હજાર ૫૮ ધરતીપુત્રોની ૨.૧૦૭ લાખ મેટ્રીક ટન મગફળી રૂપિયા ૮૮૯.૨૯ કરોડના

અનુસંધાન પાના નં.૬

## આજથી રાહુલનો સૌરાષ્ટ્ર ઝોનનો ચૂંટણી પ્રવાસ શરૂ

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને લઈ કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આવતીકાલે તા.૨૫મી સપ્ટેમ્બરથી તેમના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવાસની યાત્રાએ નીકળશે. તા.૨૫થી તા.૨૭ સપ્ટેમ્બર સુધીની ત્રણ દિવસની યાત્રાનો રાહુલ ગાંધી દ્વારકા ખાતે દ્વારકાધીશના દર્શન કરી પ્રારંભ કરશે. રાહુલ ગાંધીનું ખુલ્લી જીપમાં રોડ શોનું આયોજન રાખવાની ઈચ્છા હતી પરંતુ પોલીસ તરફથી આ અંગેની જરૂરી પરવાનગી નહી મળતાં હવે બુલેટપ્રુફ વાહનનો ઉપયોગ કરે તેવી પણ શકયતા સેવાઈ રહી છે. બીજીબાજુ,

અનુસંધાન પાના નં.૬

## ડીસાના ધનાવાડા પાસે બાઈક ઝાડ સાથે ટકરાતાં બાઇક સવારનું મોત




**પરિવારના મોભી યુવકના મોતથી અરેરાટી**

ડીસા

ડીસા તાલુકાના ધનાવાડા ગામ નજીક રવિવારે બપોરે બાઈક ઝાડ સાથે ટકરાતાં ગામના એક યુવકનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. પરિવારના મોભી યુવકના મોતથી ભારે ગમગીની ફેલાઈ છે

આ કરુણ અકસ્માતની વિગત એવી છે કે,ડીસા તાલુકાના ધનાવાડા ગામનો રણજિત મેઘજી ઠાકોર ( ઉ.વ.આ.૩૦) નામનો યુવક રવિવારે પોતાનું બાઈક નં.GJ 1MK ૬૨૭ લઈ ડીસા થી ધનાવાડા ગામ તરફ આવતો હતો ત્યારે રસ્તામાં અચાનક કોઈ જનાવર આડું આવ્યું હોય કે ગમે તે રીતે તેને સ્ટિયરિંગ પર નો કાબુ ગુમાવતા બાઈક રોડ સાઈડે ઉતરી ઝાડ સાથે અથડાયું હતું.

અનુસંધાન પાના નં.૬

## ભાભર નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈક સવાર બે આશાસ્પદ યુવાનોના મોત






**રાધનપુરથી ભાભર આવી રહેલ સાળા-બનેવીના મોત થતાં અરેટારી**

તા.પ્રતિ. ભાભર

ભાભર તાલુકાના ચીચોદરા પાટીયા નજીક ભાભર-રાધનપુર હાઈવે ઉપર ભાભર તાલુકાના બે આશાસ્પદ યુવાનો રાધનપુરથી ભાભર તરફ આવી રહેલાને અકસ્માત નડતા બન્નેના ઘટના સ્થળે કમકમાટી ભર્યા મોત થતાં પંથકમાં અરેટારી વ્યાપી ગઈ હતી.

જાણવા મળતી વિગતો મુજબ ભાભર તાલુકાના ચલાદર ગામના પીન્ટુ ઉર્ફે પ્રવિણ કાશીરામભાઈ ઠાકોર(ઉ.વ.૨૫) તથા તેમના સાળા કિશાન ભૂપતભાઈ ઠાકોર(ઉ.વ.૨૦) બન્ને જણા શનિવારના દિવસે રાધનપુર ખાતે કપડા લેવા પોતાના બાઈક ઉપર ગયા હતા. ખરીદી પતાવીને સાંજે ભાભર તરફ બાઈકમાં પરત આવી રહેલા સાળા-બનેવી ભાભર તાલુકાના ચીચોદરા ગામ નજીક રાધનપુર-ભાભર હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન સામેથી આવી રહેલ સ્વીફ્ટ ગાડી ભટકાઈ જતાં જોરદાર ધડાકા સાથે અકસ્માત સર્જાયો હતો. બાઈક સવાર બન્ને આશાસ્પદ યુવાનોને ગંભીર ઈજાઓ થતાં તેમના ઘટના સ્થળે જ મોત થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે સ્વીફ્ટ ગાડીનો આગળનો ભાગ તૂટી ગયો હતો. જ્યારે બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ અકસ્માતની જાણ થતાં લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બન્ને યુવાનોની

અનુસંધાન પાના નં.૬

## સુરતમાં દારૂની મહેફિલ માણતા ૧૧ મહિલા સહિત ૨૯ ઝડપાયા




**બર્થ-ડે પાર્ટીમાં ચાલતી દારૂની મહેફિલ પર પોલીસે રેડ પાડી ૨૯ને ઝડપી પાડયા**

સુરત

અલથાણમાં એક બર્થ-ડે પાર્ટીમાં ચાલતી દારૂની મહેફિલ પર પોલીસે રેડ પાડી હતી. જેમાં ૧૧ મહિલા સહિત ૨૯ ઝડપાઈ ગયા હતા. પોલીસ બાતમી આધારે રેડ પાડી તમામને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા નબીરાઓને છોડાવવા માટે પરિવારજનો પોલીસ મથકે દોડી આવ્યા હતા. જેથી પોલીસ સ્ટેશન બહાર મોંઘીદાટ કાર્સનો ખડકલો થઈ ગયો હતો. અલથાણ વિસ્તારમાં આવેલા મોહન પાર્કમાં મોડી રાત્રે ૨ વાગ્યા આસપાસ બર્થ-ડે પાર્ટીમાં દારૂની મહેફિલ ચાલતી હોવાની પોલીસને બાતમી મળી હતી. જેથી

અનુસંધાન પાના નં.૬

## મતદારોમાં જાગૃતિ અર્થે મા અંબાના સંકલ્પ લેવડાવાયા



વિધાનસભાની સામાન્યા ચૂંટણી-૨૦૧૭ને અનુલક્ષી મતદારોની જાગૃતિમાં વધારો થાય જેનાથી મતદાનમાં વિક્રમજનક પ્રગતિ થઈ શકે તે માટે જીલ્લાર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી બનાસકાંઠા શ્રી દિલીપકુમાર રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર જીલ્લો વહીવટીતંત્ર દ્વારા વ્યાલપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આધશકિત મા અંબેના નવરાત્રીના પવિત્ર મહોત્સવમાં ચૂંટણી પંચની માર્ગદર્શીકા અનુસાર મતદારોની જાગૃતિ વધારવા નવ દિવસ સુધી લોકોને સંકલ્પવ લેવડાવવામાં આવી રહ્યા છે. તસ્વી રમાં પ્રસિધ્ધહ યાત્રાધામ અંબાજી ખાતે મંદિરના ચાચર ચોકમાં અગ્રણીઓ, અધિકારીઓ અને હજારો માઈભકતો મતદાર જાગૃતિ અંગે સંકલ્પ લઈ રહ્યા છે. ઉલ્લેધખનીય છે કે સમગ્ર બનાસકાંઠા જીલ્લોમાં સ્વી પ અંતર્ગત મતદારોની જાગૃતિ વધારવા માટે નવરાત્રીમાં દરેક સ્થીળોએ સંકલ્પકના આવા કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે જેને વ્યાનપક જનસમર્થન મળે છે.




બનાસકાંઠા જિલ્લામાં હવે નવરાત્રિ ધીમે ધીમે જામી રહી ત્યારે ખેલૈયાઓ મનભરી ઝૂમી ઉઠી રહ્યા છે. શહેરી વિસ્તારમાં ડી.જે.ના તાલે અને ગ્રામ્ય વિસ્તારમાં હળવી કંઠથી ગવાતા માતાજીના ગરબાની ધૂમ મચી છે. માતાજીની ગરબી ફરતે બાળાઓ ગરબા ગાઈ રહી છે. જિલ્લાના તમામ શહેરોમાં જુદી જુદી વેશભૂષામાં સજ્જ યુવક - યુવતીઓ અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘૂમી રહ્યા છે. પાર્ટી પ્લોટમાં યુવા હૈયાઓ મનમુકીને આધુનિક સીસ્ટમના તાલે ગરબાની રમઝટ માણી રહ્યા છે. (ભરત સુંદેશા, સંજય જોષી)

## સૂર્યોદય - ૬.૩૧ સૂર્યાસ્ત - ૬.૩૪

## તિથિદર્શન

આસો સુદ-૫ સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો સુદ : પાંચમ સોમવાર નવરાત્રી નક્ષત્ર : અનુરાધા યોગ :વિષ્કુંભ કરણ : કૌલવ આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

શીતેઅનીતે વસનમશનં વાસરાન્તે નિરાન્તે
ક્રીડારમ્ભં કુવલયદશાં યૌવનાનન્તે વિવાહમ્
સેતોર્બન્ધં પયસિ ચલિતે વાર્ધ કે તીર્થયાત્રાં
વિત્તેઅતીતે વિતરણમતિં કર્તુમિછન્તિ મૂઢાઃ

'ઘોડા નાસી જાય પછી તબેલાને તાળાં ' એ કહેવતને આચાર્ય રીતે સમજાવતો આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ' નો છેઃ-

'જે મૂઢ-મૂર્ખ જનો છે તે યોગ્ય સમય- કાળ વહી ગયા પછી કાર્ય કરવા ઈચ્છ તા હોય છે. અથવા સમય પસાર થઈ જાય પછી જ પ્રયત્ન શરૂ કરે છે. દા.ત., શિયાળો પૂરો થઈ જાય પછી ગરમ- ઉનનાં વસ્ત્રો ખરીદવા નીકળે, કે સીવડાવે છે. ભોજનનો નિયમ સમય મધ્યાહ્નનો છે પણ દિવસના અંતે તો હજુ આજે રસોઈ (બપોરની) શું કરશુ! રાત પૂરી થવા આવી હોય ત્યારે પતિ- પત્ની રતિક્રીડા માટે વિચારણા કરે! તત્પર થાય. યૌવન પસાર થઈ ગયા પછી લગ્ન માટે તૈયાર થાય, જાહેરાતો કે સાયબર શોધવા નીકળે! નદીનાં પાણી વહી ગયાં પછી બંધ બાંધવાના આયોજન કરે! વૃદ્ધાવસ્થા આવ્યા પછી યાત્રાઓનાં આયોજન કરે (દમ-શ્વાસ-ડાયાબિટીસ- હૃદયરોગ જેવા સથવારા સાથે પછી યાત્રા ન થાય યુવાવસ્થામાં જ ક પરી યાત્રાઓ કરી લેવી જોઈએ.) અને પૈસા ખલાસ થવા આવ્યા હોય પછી જ દાન- ધર્મની બુદ્ધિ આવે તેનો કોઈ અર્થ નથી. કોઈ પણ યોગ્ય સમયે કરી લેવું- 'પછી' પર કંઈ જ ન મુકાય.

**સુરેશ પ્રા.ભટ્ટ**

## નવા એવેન્ટાડોર એસ રોડસ્ટર



એવેન્ટાડોર એસ રોડસ્ટર ફ્રેન્કફર્ટમાં આઈએએના ઓટોમોબિલી લેમ્બોર્ગિની દ્વારા પ્રસ્તુત છે, એવેન્ટાડોર એસ એ ઓપન એર ડ્રાઈવીંગ સાથે ટેકનોલોજી અને ડ્રાઈવીંગ ડાઈનેમિક્સનો સમાવેશ કરે છે.એવેન્ટાડોર એસ રોડસ્ટરની કિંમત INR ૫.૭૯ કરોડ(એક્સ શોરુમ)

## રાજ્યસભાના પૂર્વ સાંસદ જ્યંતિલાલ બારોટનું નિધન



ડીસા

મહેસાણા રાજ્ય સભાના પૂર્વ સાંસદ અને ગુજરાત ભાજપના કર્મઠ તથા પીઠ અગ્રણી જ્યંતિલાલ બારોટનું શનિવારના રોજ નિધન થતાં ભાજપ સંગઠન સહિત તેમના કાર્યકરોમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. સ્વ.જ્યંતિલાલ બારોટે ભાજપ સંગઠનને મજબુત કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. તેમની કર્તવ્ય નિષ્ઠ કાર્ય પ્રણાલીથી તેઓ ભાજપ કાર્યકરો સહિત આમ પ્રજામાં સારી એવી લોકચાહના ધરાવતા હતા.

## આજનો દિન મહાન - યશવંત કડીકર

'છોટે સરદાર' ચંદુલાલ મણિલાલ દેસાઈની જન્મજયંતી છે.

ચંદુલાલ દેસાઈનો જન્મ ૨૫-૯-૧૮૮૨ ના રોજ થયો હતો.

તેઓ પોતે દાંતના ડૉકટર હોવા છતાં તેમણે લોકસેવાએ જીવનનો મંત્ર બનાવી આજીવન ભેખધારી બની રહ્યા તેઓ સ્પષ્ટવકતા હતા.

૩૦-૮-૧૯૬૮ ના રોજ અમેનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ :** આ સપ્તાહ દરમિયાન હિમ્મત અને સ્વાસ્થય ટકાવી રાખવા હિતાવહ. દ્રઢતા અને મક્કમતા કેળવવા માનસિક સ્વાસ્થય જાળવી શકશો તો પરિસ્થિતની સાનુકૂળતા રહેશે. નાણાંકીય મૂંઝવણ રહ્યા કરે. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાતને અટકેલા લાભો મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. મળેલી તકને ઝડપી લેવી. કૌટુંબિક પ્રશ્નોને કારણે મનમાં અશાંતિ રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

**વૃષભ :** આ સમય દરમિયાન માનસિક ઉત્પાત કે અજંપો વર્તાય. આત્મવિશ્વાસ અડગ રાખવું. તમારા વિચારો અને સિધ્ધાંતોને વળગી ન રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી દ્વારા યશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વક અને સહનશીલતાસભર વર્તન કરવું. સંતાનો સાથે સારૂં રહે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન :** આ સપ્તાહ દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એક બાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે જેથી નાણાંભીડનો સામનો કરવો પડે. નોકરી ક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકશો નહીં. વિરોધીઓના કારણે વિઘ્નો આવે. વેપાર-ધંધા ક્ષેત્રે પણ સંઘર્ષમય સ્થિતિ રહે. દામ્પત્યજીવનમાં સાનુકૂળતા અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારું રહે.

**કર્ક :** આ સપ્તાહ દરમિયાન અકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે. મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવું. નાણાંકીય જવાબદારી વધે, આવક કરતા જાવક વધે. આ સમય દરમિયાન નાણાંનુ રોકાણકરવું નહિં કે મોટા સાહસમાં ન પડવું હિતાવહ. નોકરીયાત માટે આ સમય સારો છે. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો કે સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે. જીવનસાથીનો સહકાર મળે.

**સિંહ :** આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અનુભવાય. બેચેની રહે, મનને પ્રવૃત્તિમાં રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઇ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું અને ઉતાવળીયા નિર્ણયો ન લેવા. ઉપરી અધિકારીથી ચકમક ઝરે. મિલ્કત અંગેના પ્રશ્નો યથાવત રહે. ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય. આરોગ્ય એકંદરે સારું રહે.

**કન્યા :** આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકશો. સફળતા મળે. મનમાં આનંદ-ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય રીતે મૂંઝવણ અનુભવાય છતાં કોઇ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય. વિરોધીઓના હાથ વડે નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થીજીવનમાં સંવાદીતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને. આરોગ્ય સારું રહે.

**તુલા :** આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે. નવિન તકો આવે તેને વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડી ગુંચવાય. ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારા કાર્યો અટકે નહીં. નોકરી-ધંધા ક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેને તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય, હિતશત્રુઓથી સાવધ રહેવું. ધીરજ અને સંયમ રાખવું. સ્વજનો સાથે મતભેદ રહે. કુનેહપૂર્વકનું વર્તન રાખવું અને આરોગ્ય જાળવવું હિતાવહ.

**વૃશ્ચિક :** આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો. આત્મવિશ્વાસમાં વધારો થાય. વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટે આયોજન થાય. નોકરીયાત માટે સારું રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓના કારણે વિઘ્નો આવે. કૌટુંબિક રીતે જોતા ભાઇ-ભાંડુ સાથે વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય.

**ધન :** આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે. અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિંતો ગૃહસ્થીજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાકીય કાર્યો પાર પડે. ખર્ચ વધે, નોકરીયાત વર્ગ માટે સાનુકૂળતાસભર સમય. ઉપરી અધિકારીઓનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઇ-ભાડુંઓની મદદ મળે. જીવનસાથી સાથે સમજદારીભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય. તબિયત એકંદરે સારી રહે.

**મકર :** આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી ચાલી આવતી અશાંતિ દૂર થાય. સાનુકૂળતા સભર સમય. વધારાની આવક ઊભી થાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલીના પ્રશ્નોનો હલ થાય. મહત્વની કામગીરી અંગે યશ મળે. કૌટુંબિક પ્રશ્નો હલ થાય. જીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. તબિયત સારી રહે.

**કુંભ :** આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય ક્ષેત્રે સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચમાં થોડો વધારો થતા નાણાંકીય મૂંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત માટે સારો સમય છે છતાં પણ સમાધાનકારી વલણ અપનાવવું હિતાવહ. દામ્પત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકાર ભર્યું વાતાવરણ રહે.

**મીન :** આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય અને મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઇ શકાય. નોકરીયાત વર્ગ માટે મિશ્ર સમય. વાણી સંયમ જાળવવો હિતાવહ. ગૃહસ્થીજીવનમાં મતભેદ રહે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## બેન્ક ઓફ બરોડા થરાદમાં મેનેજરના મનસ્વી વર્તનથી ગ્રાહકમાં રોષ

### માતા સાથે જોઇન્ટ ખાતું હોવા છતાં પણ રૂપિયા નહી આપતાં અમદાવાદનો ધક્કો

(પ્રતિ.) થરાદ

થરાદની બેંક ઓફ બરોડામાં રાજગોર લક્ષ્મણભાઈ હીરાભાઈ અને રાજગોર શાંતાબેન હીરાભાઈ નામે માતાપુત્રનું જોઈન્ટ એકાઉન્ટ હોઇ ગત સોમવારે પુત્ર પ્રકાશભાઈ રાજગોર સાથે બેંકમાં પડેલ નાણાં ઉપાડવા જતાં બેંક મેનેજરે આ જઈન્ટ ખાતું છેજેથી આ શાંતાબેનને અમો રૂપિયા ના આપી શકીએ તેમ જણાવ્યું હતું.આથી અરજદારે જોઈન્ટ ખાતાનો મતલબ શું જણાવવા છતાં પણ જો રૂપિયા ઉપાડવા હોયતો તમારા દિકરાને જયાં હોય ત્યાંથી બોલાવવો પડશે નહીતો એક રૂપિયો પણ આપશું નહી તેમ જણાવતાં હેરાન પરેશાન થઈને ઘરે ગયા હતા.ત્યાર બાદ પુત્ર લક્ષ્મણભાઈ ને બીજા દિવસે સવારે અમદાવાદથી થરાદ બોલાવ્યો હતો.

રાજગોર લક્ષ્મણભાઈ તારોખ ૨૧/૦૯/૨૦૧૭ ના રોજ અમદાવાદથી થરાદ આવી માતા શાંતાબેન સાથે બેંક ઓફ બરોડામાં ત્રણ અને પચાસ મીનિટે પહોંચતાં મેનેજરે હવે બેંક નો ટાઈમ પુર્ણ થઈ ગયો છે તેમ જણાવતાં તેમણે અમદાવાદથી આવતાં રસ્તામાં વાહન ખરાબ થતાં અને ટ્રાફીકના કારણે બેંકમાં આવતા પાંચ મીનીટ વાર લાગી છે અને નોકરી હોઈ પરત અમદાવાદ જવાનું હોઇ પૈસાની પણ જરૂર હોઇ પૈસા આપોની કલાકો સુધી આજીજી કરવા છતાં પણ બેંક મેનેજરે પૈસા ન આપતાં બીજા દિવસે પણ પાછા ઘરે જવાનો વારો આવતાં બેંકની સેવાઓ પ્રત્યે ભારે અસંતોષ અને રોષની લાગણીઓ ફેલાવા પામી હતી.આ અંગે બેંક ઓફ બરોડાની રિજ્યોનલ ઓફીસમાં લેખિત રજુઆત પણ કરવામાં આવી હતી.જેમાં મેનેજર અને અન્ય એક કર્મચારી ગ્રાહકો સાથે દૂર વ્યવ્હાર કરતા હોવાની રજુઆત કરવામાં આવતાં ખળભળાટ મચવા પામ્યો હતો.

## થરા શ્રી ઓગડ વિદ્યામંદિર ખાતે રાજ્ય સબ જુનીયર કબડ્ડી સ્પર્ધા યોજાઈ

### સુરત ગ્રામ્ય ભાઈઓની તાપી બહેનોની ટીમ વિજેતા જાહેર બનાસકાંઠા જિલ્લાની બહેનોની ટીમ ત્રીજા સ્થાને


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

ગુજરાત રાજ્ય કબડ્ડી એસોસીએશન દ્વારા બનાસકાંઠા જિલ્લા કબડ્ડી એસોસીયેશન આયોજીત રાજ્ય કક્ષાની ૧૬ અન્ડર સબ જુનીયર કબડ્ડી ટુર્નામેન્ટ ભાઈઓ- બહેનોની થરા શ્રી ઓગડ વિદ્યામંદિર ગ્રાઉન્ડ ખાતે થરા નગરપાલિકાના ઉપપ્રમુખ અને કાંકરેજ તાલુકા કેળવણી મંડળના ટ્રસ્ટી ધીરજકુમાર કિર્તિલાલ શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેનો શુભારંભ જિલ્લાના સહકારી આગેવાન થરા માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ આર.પટેલે દિપ પ્રાગટ્ય કરી કરાવ્યો. જિલ્લા કબડ્ડી એસોસીયેશનના પ્રમુખ જે.ટી. જોષીએ શબ્દ પુષ્પ દ્વારા મહાનુભાવોને આવકારી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે કાંકરેજ ધારાસભ્ય ધારશીભાઈ ખાનપુરા, જિલ્લા પંચાયતના સદસ્ય હરગોવનભાઈ શિરવાડીયા, પાલિકા પ્રમુખ વિનોદજી ઠાકોર, નાયબ મામલતદાર અમરતભાઈ આલ (ગાંધીનગર), તાણા ગ્રા.પં.પૂર્વ સરપંચ ગીરીશભાઈ પટેલ,

અનુસંધાન પાના નં.૬

## રતનપુર ખાતે વીજ કરંટ લગતા મોત

પાલનપુર

પાલનપુર તાલુકાના રતનપુર ખાતે ખેતરમાં ખેત મજૂરી કરતા એક ૩૭ વર્ષીય શ્રમિકને વીજ કરંટ લગતા તેનું મોત નિપજ્યું હતું.

મૂળ દાંતા તાલુકાના ચીખલા ગામના વતની પણ હાલ મજૂરી અર્થે રતનપુર ખાતે રહેતો ૩૭ વર્ષીય બાબુભાઈ કાનાભાઈ અંગારી ખેતરમાં ખેત મજૂરી કરી પેટિયું રળતો હતો. જે ગતરોજ ઝટકા મશીન ચાલુ કરવા જતા તેને વીજ કરંટ લગતા તેનું મોત નિપજ્યું હતું. જેના મૃતદેહને પી.એમ. માટે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો.

## વાવની "ઓમ પ્રાયમરી સ્કુલ" માં નવરાત્રી મહોત્સવની ઉજવણી


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવ ખાતે આવેલી ઓમ પ્રાયમરી પ્રાઈવેટ સ્કુલમાં દર વર્ષે ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારોની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ નવરાત્રી પ્રારંભે બીજા નોરતે શાળાના ભૂલકાઓએ વિવિધ વેશભૂષાઓમાં સજ્જ થઈ નવરાત્રી પર્વની ઉજવણી કરી હતી. સ્કુલના આચાર્ય તેમજ સ્ટાફમિત્રો દ્વારા મહોત્સવમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમાંકે આવેલા સુંદર પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરાયા હતા. જેમાં સુથાર કૃપાલી મુકેશભાઈ, પ્રજાપતિ જીયા મુકેશભાઈ, જોષી પીનલ મગનીરામભાઈએ પ્રદર્શન કરી પ્રેક્ષક મિત્રોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

## એ.પી. ત્રિવેદી શૈક્ષણિક સંકુલ ખોરડાનું ગૌરવ

પ્રતિનિધિ થરાદ

ગુજરાત સરકારના ઉપક્રમે 'ગુજરાત ક્વીઝ' સ્પર્ધા યોજાઈ હતી.જેમાં એ.પી.ત્રિવેદી માધ્યમિક અને ઉ.મા. વિદ્યાલય ખોરડાના ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થી ગૌસ્વામી મહિપતવન રઘુવનની 'ગુજરાત ક્વીઝ' જોનલ કક્ષાએ પસંદગી થવા પામી હતી.તે બદલ એ.પી.ત્રિવેદી શૈક્ષણિક સંકુલ પરિવાર અભિનંદન પાઠવ્યા હતા.

## આ ફેસ્ટીવલ સીઝનમાં રેડ બુલ બોક્સમાં ઉજવણીના નવા અનુભવનો પરિચય આપે છે



ભારતના તહેવારો જીવનને ભરપુર ઉજવવાના પર્યાય છે. સામૂહિક ઉત્સાહએમાં કંઈક વિશેષ લાગણી લાવે છે. ભારતની શેરીઓમાં ઝળકતી ઉત્સાહપૂર્ણ ઉત્સવની ભાવનામાંઉર્જા અને ગતિના દર્શન થાય છે તેની ઝાંખી કરાવવાના એકમાત્ર હેતુ સાથે, રેડ બુલ ઈન્ડિયાવર્ચ્યુઅલ રિયાલિટી પેક સાથે લિમિટેડ એડિશન કન્સેપ્ટ કેન લોન્ચ કરવા તૈયાર છે.રચનાત્મક રીતે જીવનના ઉત્સવની દ્રષ્ટિ અને જેની સાથે જોડાઈ શકાય તેવા અનુભવો પુરાપાડવાના પ્રયાસરૂપે રેડ બુલ દ્વારા આમંત્રિત પ્રસિદ્ધ વિઝ્યુઅલ આર્ટિસ્ટ સમીર કુલાવૂર ગ્રાફિકકલાની શ્રેણી સાથે સેલેબ્રેશન કેનની રચવા કરશે. સેલેબ્રેશન કેનની ડિઝાઈનમાં વિવિધ તહેવારસંબંધિત મોટિફ અને પ્રતિકાત્મકરુપે દેશના જુદા જુદા ભાગોના તહેવારોની હાજરી હશે. દાખલાતરીકે, કપલ વચ્ચેનો રોમાન્સ દર્શાવવા માટે, હૃદયના પ્રતીક અને આંખના સંપર્કને નવરાત્રીનારમતિયાળ પરિપેક્ષમાં બતાવવા માટે વપરાયો છે.મોટિફ વિશાળ મેગ્નમ ઓપસના ટુકડા તરીકે કાર્ય કરે છે જે વીઆર દ્વારા પ્રગટ થશે અને તેનેમુખ્ય ભીતચિત્રમાં આકારિત કરવામાં આવશે. ઝીણી વિગતો સાથે મુકવામાં આવશે. સેલેબ્રેશનકેનની મર્યાદિત આવૃત્તિ સાથે વર્ચ્યુઅલ રિયાલિટી ૬ પેક પણ ખરીદી શકાય છે, જેમાં પેકેજ વર્ચ્યુઅલ રિયાલિટી ગ્લાસમાં રૂપાંતરિત થઈ શકે છે. સ્માર્ટફોન પરના URLhttp://celebration.redbull.in ને ટાઈપ કરવાથી, જીવનમાં આવતા વિવિધ ઉત્સવોની ઝાંખી સાથેવર્ચ્યુઅલી રિયાલિટીના એનિમેટેડ ૩૬૦ વિશ્વમાં ડુબકી લગાવી શકાય છે. વધુમાં, કોમ્યુનિકેશનકોડમાં ઈન્ટરેક્ટિવ ગેમિંગ અનુભવ માટે બે સંકલિત વીઆર ગેમ્સ હશે.

## લિ'લ ચેમ્પ્સ પોતાના સૌથી મોટા પ્રશંસકો 'ઈન્ડિયા કી ફર્માઈશ' સ્પેશ્યલની ટયૂન્સ પર ગાય છે




બાળકો માટેનો ભારતનો સૌથી મોટો સિંગિંગ રિઆલિટી શો, ઝી ટીવીનો સા રે ગા મા પા લિ'લ ચેમ્પ્સ, અઠવાડિયે દર અઠવાડિયે કેટલાંક અપવાદરૂપ સંગીત પરફોર્મનિસસ વડે દર્શકોને વિસ્મિત કરી રહેલ છે. પ્રતિભાશાળી 'તૂફાન્સ' અને 'ભુકમ્પસ' પોતાના સંગીતમય અંદાઝ વડે દર્શકોનું મનોરંજન કરવા પોતાનું સર્વોત્તમ મૂકી રહેલ છે. અસાધારણ સિંગિંગ કેમ કે તેઓ તેમને વિલક્ષણ ગાયન વડે ઉજાણી કરાવી રહેલ છે. લોકપ્રિય માંગ પર આ વીકએન્ડ પર, શો એક વખત ફરીથી 'ઈન્ડિયા કી ફરમાઈશ' પર નિરૂપણ કરશે, જયાં દેશભરમાં પ્રતિસ્પર્ધીઓના પ્રશંસકો પોતાના મનપસંદ લિ'લ ચેમ્પ્સ માટે શો પર ચીયર કરતાં અને તેઓને માટે ગીત ગાવા વિનંતી કરતાં જોવા મળશે. શનિવારના એપિસોડમાં, ધ્રૂન ટિકૂના પ્રશંસકો, મુંબઈના વિખ્યાત 'ડબ્બાવાલાઝ' શો પર તેઓને શો પરની પેઓની અતુલ્ય મુસાફરી બાબતે અભિનંદન આપવા આવશે. જયારે ધ્રૂને પોતાના પ્રશસંક માટે 'પ્યાર હમે કિસ મોડ પે લે આયા' ગાયું, તો ડબ્બાવાળાઓએ એના પરફોર્મન્સને મીઠાઇથી ભરેલો એક ડબ્બો પ્રસ્તુત કરી વધાવી લીધો. પંજાબના મહેનતુ ટ્રક ડ્રાઇવરોએ પોતાના મનપસંદ ગીતની ઈચ્છા 'લગન લાગી' પૂરી કરાવ્યાપછી પોતાના મનપસંદ પ્રતિસ્પર્ધી આફતાબ સિંઘને બેસ્ટ ઓફ લક કહ્યું. ડ્રામા કવીન યમના અજીન જેના પ્રશંસકો ગુજરાતથી તેણીના શો પર જોડાયા હતાં, 'શુભારંભ' ગાવા માટે તેણીના પ્રશંસકોએ તેણીના પરફોર્મન્સને ઊજવણીમાં ફેરવી નાંખ્યું. વધુમાં, યમનાના ઉત્સુક પ્રશંસકો હોસ્ટ—આદિત્ય નારાયણ તથા જજિસ – જાવેદ અલી અને હિમેશ રેશમિયા માટે પરંપરાગત ગુજરાતી પોશાક લઈને આવયાં હતાં અને તેઓની સાથે ગરબા પણ કર્યા. શ્યામક દાવરના વિકટ્રી આર્ટસ ફાઉન્ડેશમાંથી શ્રેયાન ભટ્ટાચાર્યના પ્રશંસકોએ શ્રેયને 'કભી અલવિદા ના કહેના' પર દરેક જણને વિસ્મિત કરી દે તે પહેલા તેઓએ તેને ગુલાબો વડે શુભેચ્છા પાઠવી. તેના આત્મીય પરફોર્મન્સ પછી મૂડ સરસ થઇ જતાં એણે તેઓની સાથે 'કાલા ચશ્મા' પર ડાન્સ કર્યો.

## સ્વર્ગ કે નરક જેવું નથી કયાંયે રે ! કરેલા કર્મનાં તો બદલા અહીંયા રે !!

સમુદ્રનાં મોજાં કીનારાના સાથે અથડાઈને એક ધ્વનિદોષ ઉત્પન્ન કરી રહ્યો છે. ચારે તરફ અંધકાર છવાઈ રહ્યો છે. મંદ મંદ વાતા પવનની લહેરખી ખાતા ભુતકાળમાં ખોવાઈ ગયેલા યુવાને પોતે શું મેળવ્યું ને શું ગુમાવ્યું એનો તાળો મેળવવાની કોશીશ કરી રહ્યો છે.

તેનું નામ છે ભવ્ય. ઝરણાં નામની યુવતી અને ભવ્ય વર્ષોથી એકબીજાના ગળાડુબ પ્રેમમાં હતા. લગ્ન માટે બંનેના પરિવાર તૈયાર હતા પરંતુ ભવ્યના પિતાની ફેકટરીમાં અચાનક આગ લાગતાં ઘણું બધું નુકશાનથઈ ગયું અને નુકશાનનું વળતર મેળવવા માટે અતિ ધનાઢય ઘરની એકની એક દિકરી નિશાની સાથે ભવ્યનું વેવિશાળ નક્કી થઈ ગયું. સારો ભણેલો ગણેલો, રૂપાળો જમાઈ કોને ના ગમે અને એ પણ પોતાની અપંગ દિકરી માટે. લગ્ન પણલેવાઈ ગયા. નિશા અઢળક દહેજ લઈને આવી. જે દેવું ભરપાઈ થતા પણ ચાર પેઢી સુધી ચાલે એટલું હતું.નિશા ખુબ જ ડાહી અને રૂપાળી હતી. અપંગ હોવા છતાં ઘરની તમામ જવાબદારી એણે ઉપાડી લીધી.બધાની હેતથી સેવા કરતી, ભવ્યને પણ ખુબ જ વહાલથી સાચવતી, સાસુ સસરાનો પડયો બોલ ઝીલતી. દરેકના હૃદયમાં પોતાનું સ્થાન બનાવવા હંમેશા પ્રયત્ન કરતી પણ એવું દુર્ભાગ્ય કે એની શારીરીક ખોડને કારણે તે કયારેય સાસુ સસરાની લાડકી પુત્રવધુ ના બની શકે કે ના ભવ્યના દિલની રાણી. કહેવાય છેકે પૈસો પૈસાને ખેંચે. ભવ્યની જાહોજલાલીવધતી જતી હતી. કારોબાર ચારે તરફ વિસ્તરતો જતો હતો. નવા નવા વહેપારી સંબંધો સ્થપાતા જતા હતા.એક દિવસ...



**મનદર્પણ**
મંજુ પ્રજાપતિ

નિશા.. આજેઘેર નાની એવી પાર્ટીનું આયોજન કરવાનું છે. ફોરેનની એક કંપનીના મેનેજર આવવાના છે. એમની સાથે બીજા પચ્ચીસેક માણસો હશે. બરાબર વ્યવસ્થા કરી લેજે..

ઓકે ભવ્ય.. તમે કાંઈ ફિકર ના કરો... બધું સરસ ગોઠવાઈ જશે.. તમે નિશ્ચિત થઈને જાઓ..

આખો દિવસ નિશા કામમાં રોકાયેલી રહી.સાંજ પડતાં મહેમાન આવી ગયા..પાર્ટીની શરૂઆત થઈ ગઈ.. ધીમું ધીમું સંગીત ચાલતું હતું.. જામ પર જામ પીવાતા હતા ત્યાં નિશા સરસ મજાની બ્લ્યુ રંગની સાડી પહેરી હોલમાં આવી પણ ઠેસ વાગતાં તે નીચે પડી ગઈ.રંગમાં ભંગ પડયો.. બધા ભેગા થઈ ગયા.પેલા મેનેજરે પુછયું કોણ છે આ ? અપંગને પોતાની પત્ની કહેતાં શરમ આવી એટલે કહ્યું અમારા એક રીલેટીવની દિકરી છે. બિચારીનું હવે આ દુનિયામાં કોઈ નથી રહ્યું.. અનાથ છે.. તો અહીં અમારી સાથે ભવ્યની જીભ થોથવાતી હતી.. નિશા ભવ્યના આ ત્રુટક ત્રુટક શબ્દોને સ્તબ્ધ બની સાંભળતી રહી. એના શરીરમાંથી જાણે ચેતના જ ચાલી ગઈ. કંઈપણ બોલ્યા વિના તે પોતાના રૂમમાં ચાલી ગઈ.. એ રાત્રે ભવ્ય સાથે એને તકરાર થઈ. કારણ કે એનું દિલ વેદનાથી ભરાઈ ગયું હતું. હાડોહાડ અપમાનથી એને હૃદયમાં આઘાત લાગ્યો હતો. આટલી નિરાધાર લાચાર પોતાની જાતને એણે કયારેય અનુભવી નહોતી.

ભવ્ય આજે મને ખબર પડી કે તું મારા જેવી અપંગ છોકરી સાથે લગ્ન કરવા કેમ તૈયાર થઈ ગયો હતો ? તે મારી સાથે નહીં પણ મારા પિતાની સંપત્તિ સાથે લગ્ન કર્યા છે. તને મારા કરતાં મારા દાયજામાં વધારે રસ હતો ખરૂં ને ?

તું જે માને તે.. પણ લગ્ન કરીને મેં તને દુઃખી નથી કરી. લહેર કરીશ.. મારા ઘરમાં.. પછી શું જોઈએ છે તારે ?

પૈસો જ માત્ર સુખ નથી ભવ્ય ! હું તો તારા દિલની રાણી બનવા આવી હતી પણ તેં મનેકયારેય મનથી તારી પત્ની માની જ નથી. છતાં મેં તને કયારેય કોઈ ફરીયાદ કરી નથી. મને વિશ્વાસ હતો કે મારા હેત અને પ્રેમથી હું તારું હૃદય જીતી લઈશ પણ એ તો કયારેય નહીં બને...!

તો ભવ્ય રાજીખુશીથી તું મને છુટાછેડા આપી દે.. એ તમામ સંપત્તિ આપી દેજે. જે હું મારી સાથે લઈને આવી છું. હું લાગણીના સંબંધોમાં માનું છું દુનિયાના જડ વહેવારોમાં નહીં.. આ ઘરમાં હવે મારો જીવ મુંઝાય છે. જ્યાં મારૂ કોઈ જ નથી ત્યાં હું મારૂ જીવન પસાર નહીં કરી શકું.. તું તારી રીતે સ્વતંત્ર છે મને પણ આ ગુંગળામણમાંથી મુક્તિનો શ્વાસ લેવા દે.. હું શારીરિક રીતે ભલે નબળી હોઈશ પણ મારૂ મનોબળ ખુબ મક્કમ છે. તારી યાદોમાં આખી જીંદગી પસાર કરી લઈશ. હું કાલે જ પપ્પાને અહીં બોલાવું છું..

નિશાની વાત સાંભળી ભવ્ય ડઘાઈ ગયો. એક પણ શબ્દ બોલ્યા વિના મમ્મી-પપ્પાને વાત કરી. એમના પેટમાં પણ તેલ રેડાયું. ચિંતા વધી ગઈ. નિશાના પાછા ફરવાના નિર્ણયથી નહીં પણ દહેજ પાછું આપવાની વાતથી ત્રણે જયાં મુંઝવણમાં બેઠા હતા ને ઝરણાનો ફોન આવ્યો. હેલો ભવ્ય ! ઝરણા બોલું છું.

અહીં ઝરણા કેમ છે તું ? ઘણાં સમયે ફોન કર્યો. કયારે આવી દિલ્હીથી ?

જાનુ..! તારી અનેતારી યાદોથી દુર ભાગતી રહી પણ તને ભુલી જવો મારા માટે અશકય છે. તું મને નહીં મળે તો હું આત્મહત્યા કરી લઈશ.. તું મને આમ તરછોડીને નિશા સાથે સુખ નહીં ભોગવી શકે...

સુખી તો હું પણ કયાં છું ઝરણા એનાથી પીછો છોડાવવા મથું છું. સંજોગો એવા સર્જાયા હતા કે મારે એની સાથે લગ્ન કરવા પડયા. બાકી એ કયાં સ્વપ્ન સુંદરી છે કે એના સુખમાં હું પાગલ થઈને ફરૂં ? પ્રેમ તો મેં તને કર્યો છે અને હંમેશા તને મેળવવાના સપનાં જોઉં છું.

તો પછી એને છુટાછેડા કેમ નથી આપી દેતો...

એ પણ શકય નથી. હવે બીજો કોઈ ઉપાય વાતને અધવચ્ચે જ અધુરી મુકી ભવ્યએ ફોન કાપી નાખ્યો. એના ચિત્તભ્રમમાં ઝરણા વસી ગઈ. રોમે રોમમાં ઝરણા સમાઈ ગઈ. પ્રેમમાં વ્યાકુળ બની ગયો. હવે નિશા એને એના પ્રેમના માર્ગ શુળનીજેમ ભોંકાવા લાગી. મધ્યરાત્રી સુધી તે આમથી તેમ આંટા મારતો રહ્યો. એની ઉંઘ નિશાની વાત સાંભળી હરામ થઈ ગઈ હતી. એશોઆરામની જીંદગી હવે એને કોઠે પડી ગઈ હતી અને પાછું બધું સમેટીને નિશાના પપ્પાને પાછું આપી દેવાનું મંજુર ન હતું.વળી દિલમાં ઝરણાનો પ્રેમ દરીયાના તોફાની મોજાની જેમ ઉછાળા મારતો હતો. ઝરણા એની બાળપણની પ્રીત હતી. નિશાને માર્ગમાંથી હટાવવાનો એક જ ઉપાય હતો. કંઈક નિશ્ચય સાથે તે રૂમમાં ગયો. નિશા ગાઢ નિંદ્રામાં સુતી હતી.

## ભાભર પોલીસે રોમિયાગીરી કરતા ઈસમોના વધુ ૧૭ બાઈકો ડિટેઈન કરતા ફફડાટ


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિ. ભાભર

જિલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજરની સુચના અને માર્ગદર્શન હેઠળ ભાભર પોલીસે નવરાત્રિ દરમ્યાન રોમિયોગીરી કરતા અગાઉ ૨૩ બાઈકો ડિટેઈન કર્યા હતા. જ્યારે બીજા દિવસે પણ આ ઝુંબેશ ચાલુ રાખીને ગતરાત્રિ ટ્રાફિકને અડચણરૂપ અને રોમિયોગીરી કરતા વધુ ૧૭ બાઈકોને ડિટેઈન કરવામાં આવતાં આવા બાઈક ચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ભાભર પોલીસે અલગ અલગ જગ્યાઓ ઉપર પોઈન્ટ ગોઠવીને રજીસ્ટ્રેશન કાગળો વગર,સ્વચ્છ નંબર પ્લેટ વગર, ત્રણ સવારી, આર.ટી.ઓ અમાન્ય હોર્ન અને એલ.ઈ.ડી. લાઈટ વગેરે ગુનામાં બાઈકો ડિટેઈન કરતા પોલીસની કામગીરીથી લોકોમાં હર્ષની લાગણી જન્મી હતી.

## ધાનેરા પોલિસે દારુ ભરેલ ટ્રક ઝડપી એક આરોપી જેલના હવાલે

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા પોલિસ શનિવારે રાત્રે પ્રોહી. પેટ્રોલીગ માં ધાનેરા હતા ત્યારે ખાનગી રાહે બાતમી મળેલ કે રાજસ્થાન તરફથી દારુ ભરેલ ટ્રક ધાનેરા તરફ આવી રહી છે. ત્યારે ધાનેરા પી.આઇ. જી.એલ.ચૌધરી અને તેમની ટીમના દિલાવરખાન, વિજયસિહ, ઈશ્વરભાઈ, ભેમજીભાઈ વગેરે દ્વારા નેનાવા ગામ પાસે આવેલ પોલિસ ચેકપોસ્ટ ઉપર સઘન વાહન ચેકિંગ હાથ ધર્યુ હતુ જે દરમ્યાન રાજસ્થાન તરફ થી આવતી ટ્રક નંબર GJ-12- Z-0247 ને ઉભી રખાવી તપાસ કરતા ટ્રક ખાલી હતી.

પરંતુ પોલિસને સંકા જતા પોલિસે ટ્રકમાં ચડી તપાસ કરતા તેમાં ચોરખાના બનાવેલ જોવા મળતા ટ્રક ચાલકને ઝડપી લીધો હતો અને ટ્રકના પાછળના ભાગે


એન.કે.મોદી

બનાવેલ ખાનાઓ ખોલતા તેમાંથી દારુની બોટલો મળી આવી હતી. ટ્રકને ધાનેરા પોલિસ મથકે લાવી તેમાંથી ૧૪૦૪ બોટલ દારુ કબ્જે લીધો હતો જેની કિમત રુ.૪૨૧૨૦૦/- તથા ગાડીની કિમત રુ.૧૦૦૦૦૦૦/- કુલ મળી રુ.૧૪૨૧૨૦૦/- નો મુદ્દામાલ કબ્જે લીધો હતો અને GJ-12- Z-0247 ટ્રકના ચાલક આયદાનસિહ ગોરધનસિહ રાજપુત રહે.સનાવડા તા. પોખરણ, જી. જેસલમેર (રાજસ્થાન) સામે ગુનો નાંધી વધુ તપાસ હાથ ધરી હતી. જ્યારે બીજો એક ઈસમ જે રાજસ્થાનમાંથી પ્લાસ્ટીકના કટ્ટામાં દારુની ૯૪ બોટલ લૈને આવતો પોલિસના હાથે ઝડપાતા પોલિસે ૯૪૦૦/- ના મુદ્દામાલ સાથે રમેશભાઈ ગણેશાભાઈ દેવાસી રહે. રેવાડા, તા. રાણીવાડા, જી. જાલોર (રાજસ્થાન) વાળાને જેલના હવાલે કર્યો હતો.

## રવિયાણા ગામે વોર્ડ નં.૮ માં ગટરલાઈન નાંખવા તંત્રની ઢીલી નીતિ

**લોકસંવાદ કાર્યક્રમ, તાલુકા સ્વાગત કાર્યક્રમ તથા ગ્રામસભાઓમાં રજુઆત છતાં પરિણામ શુન્ય**

પ્રતિનિધિ રવિયાણા

કાંકરેજ તાલુકાના રવિયાણા ગામે વોર્ડ નં.૮ માં છેલ્લા સાત વર્ષથી લેખિત તથા મૌખિક રજુઆતો કરવા છતાં ગટરલાઈન નાખવામાં ગ્રામ પંચાયત દ્વારા ઢીલી નીતિ અપનાવાઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યના દરેક નાગરિકને વિકાસના ફળ મળે તેવી નેમ છે. ત્યારે રવિયાણા વોર્ડ નં-૮ માં રહેતા દલિત સમાજના ભાઈઓને ગટર લાઈનથી વંચિત રાખવામાં આવ્યા છે. આ અંગે ગ્રામજનોના જણાવ્યા મુજબ તા. ૨૯/૭/૨૦૧૭ ના ''લોકસંવાદ કાર્યક્રમ'' જિલ્લા આયોજન અધિકારી, મામલતદાર કાંકરેજ, તાલુકા વિકાસ, અધિકારીને લેખિત રજુઆત અરજદારો દ્વારા કરવામાં આવેલ છે. આ ઉપરાંત તાલુકા સ્વાગત કાર્યક્રમ તેમજ


મહાદેવ પરમાર

દરેક ગ્રામ સભામાં આ પ્રશ્નની રજુઆત કરવા છતાં ગટરલાઈન નાખી આપવામાં ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે.

રાજ્ય સરકાર તથા ભારત સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાનમાં નાગરિકો દ્વારા સાથ સહકાર આપવામાં આવે છે. પણ ન છૂટકે રોડ પર પાણી રોકવાની ફરજ પડે છે. તાલુકા સ્વાગત કાર્યક્રમ વખતે તે વખતના તાલુકા ભાજપા પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ અને હાલ રવિયાણાના ડે.સરપંચ ઉમેદભાઈ પટેલ રવિયાણાવાળા દ્વારા અરજદારને ખાત્રી આપેલ કે અમો તમોને તમારા વોર્ડમાં ગટરલાઈન મંજુર કરી નાખી આપીશું. તે પણ તેમના વચનથી પર ઉતરેલ છે. વધુમાં તાલુકા પંચાયત પ્રમુખે પણ ટી.ડી.ઓની રૂબરૂમાં રજુઆત કરેલ છે. પણ પરિણામ શૂન્ય રહ્યું છે.

અનુસંધાન પાના નં.૬

## બાપલામાં પુરગ્રસ્ત લોકોને સહાય ચુકવવા લોક માંગ


રમેશ પીરગર

પ્રતિનિધિ બાપલા

ધાનેરા તાલુકામા આવેલા પુરમા કેટલાક ગામોમા ભારે નુકશાન થયં હતું જેમાં બાપલા વાછોલ વકતાપુર રવિ આલવાડા વગેરે ગામોમા વધારે નુકશાન થયું હતું. જેમાં મોટા પ્રમાણમાં ખેડૂતોઅને પશુ જાનહાની થવા પામી હતી.તો કેટલાક ગામોમાં પુરના પાણી ઘરોમાં ધરાશાઈ થઈ ગયેલ હતા .જેમાં ખેતરોમાં બનાવેલા ઘરોમા પણ નુકશાન થવાના કે પડીજવાના પણ સમાચાર મળ્યા છે..જેમાં સરકારશ્રી તરફથી ગામમાં રહેતા પરિવારોને કેશડોલ રેશનકીટ તેમજ જરૂરી રાહત આપવવામાં આવેલી જયારે ગામડાઓમાં મોટા ભાગની પ્રજા ખેતરોમાં વસવાટ કરેછે.તેમને પાકા મકાનો પડી જવા છતાં સરકારી તંત્ર દ્વારાકોઈ રાહત ન અપાતા લોકોમા ભારે નારાજગી જોવા મળી છે.

## શિહોરી રતનપુર ગામેથી ટ્રેક્ટરની ઉઠાંતરી

ડીસા

કાંકરેજ તાલુકાના શિહોરી રતનપુર ખાતે રહેતા મેપાજી નેપાજી ઠાકોરની માલિકીના મેસી ફરગ્યુશન ટ્રેક્ટર ન. જી.જે.૮. પી.૮૭૮૯(કિંમત રૂા.૪,૦૦,૦૦૦) ની કોઈ અજાણ્યા શખ્સો ઉઠાંતરી કરી ગયા હતા. જે અંગે તેઓએ શિહોરી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

## ખીમાણાથી જસાલી માર્ગની દુર્દશા..!!!



ડીસા

કાંકરેજ તાલુકાના ખીમાણાથી દિયોદર તાલુકાના છેવાડાના જસાલી ગામ સુધી ૬ કિ.મી.ના રોડની ભારે દુર્દશા થવા પામી છે. જો કે આ માર્ગ પર રેતી ભરેલા ઓવરલોડ ડમ્પરો બેફામ દોડતા હોવાના કરણે રોડ તુટી જવા પામ્યો છે. આ બાબતે અવારનવાર તાલુકા કક્ષાએ રજુઆતો કરવા છતાં આજદિન સુધી પરિણામ શૂન્ય રહેવા પામ્યુ છે.

ત્યારે કાંકરેજના ધારાસભ્ય તેમજ દિયોદર મત વિસ્તારના ધારાસભ્ય અને રાજ્યમંત્રી આ બાબતે અંગત રસ દાખવી સત્વરે આ માર્ગનું મરામત કામ હાથ ધરાવે તેવી પ્રજાની ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

## પાલનપુરમાં કરીયાણાની દુકાનમાં ચોરી

પાલનપુર

પાલનપુરના વીરબાઈ ગેટ રાણીબાગ વિસ્તારમાં રહેતા પ્રશાંતભાઈ અરવિંદભાઈ પઢીયારની શહેરના બાદરપુરા, ટેલીકોમ એક્સચેન્જ પાછળ આવેલ કરીયાણાની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. તેઓ તેલના કેરબા, સાબુ, શેમ્પુ સહિત કિ.રૂા.૧૨,૨૯૦ નો કરીયાણાનો સામાન ઉઠાવી ફરાર થઈ જતાં પાલનપુર શહેરના પૂર્વ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

## ભીલડી આનંદ બંગ્લોઝમાં વિકાસ ગાંડો થયોના પોસ્ટર લાગ્યા..!!



કંચનજી ઠાકોર

પ્રતિ. ભીલડી

વિકાસ ગાંડો થયો ના લુક સુત્ર સોશ્યલ મિડીયામાં છેલ્લા ૧૫ દિવસથી ફરી રહ્યા છે. ત્યારે ભીલડી આનંદ બંગ્લોઝના શોપીંગમાં વિકાસ ગાંડો થયો છે નું પોસ્ટર લાગતા લોકોમાં રમુજ સાથે કુતુહલ સર્જાયું છે અને ભીલડીમાં આનંદ બંગ્લોઝમાં પોસ્ટર લગાવવામાં આવ્યું હોઈ તેને જોવા માટે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા અને આ વિકાસ નામની આ બલા કોણ છે. તે પણ એક વયોવૃધ્ધ કાકા દ્વારા પુછવામાં આવ્યું હતું. આમ ભીલડીમાં વિકાસ ગાંડો થયો છે સુત્ર ટોક ઓફ ધ ટાઉન બન્યું છે.

## દાંતામાં મુસાફરોની જીંદગી સાથે ખીલવાડ કરતા વાહન ચાલકો



દાંતા

દાંતા ની અંદર ખુલ્લે આમ જીપ ચાલકો ઉપર નીચે બેસાડી ને ૧૦રૂપીયા ના ખાતર લોકો ના જીવ સાથે ખીલવાડ કરતા નજરે જણાઈ રહયા છે.દાંતા માં પોલિસ તંત્ર ની બેદરકાળજી ના લિધે વાહન ચાલકો બેફામ રીતે કોઈ પણ તંત્ર ની બીક વગર શાળા માં ભણતા ભુલકા ઓ યુવાન છોકરા ઓ વૃધ્ધા વાળા માણસો ને એક ગાડી ની અંદર ઉપર નીચે આશરે૩૦ થી૩૫ પ્રેસેન્જર ભરી ને વાહન હકારતા નજરે પડી રહયા છે ? દાંતા તાલુકા ની પ્રજા ને આબધુ નરી આંખે દેખાય છે. તો સુ સરકારી તંત્ર પોલિસ તંત્ર ને નરી આંખે નજરે પડતુ નથી કે પછી નજરે તો પડે છે. પરંતુ આંખ આડે કાન કરી રહયા છે. કે મોટી કોઈ ઘટના ની તંત્ર ઈનજાર કરી રહયુ છે.

## ધાનેરા તાલુકા કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખનું સન્માન


એન.કે.મોદી

ધાનેરા તાલુકા કોંગ્રેસ સમિતિના નવનિર્મિત પ્રમુખ સરદારસિંહ રાજપૂતનો સન્માન સમારોહ તા.૨૩.૯.૨૦૧૭ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં આવનારી વિધાનસભા ચૂંટણી અંગે હોદેદારો સાથે વિચાર- વિમર્શ કરવામાં આવ્યા હતો. આવનારી વિધાનસભા ચૂંટણીમાં ધાનેરા-૯ વિધાનસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર જોઈતાભાઈ કે. પટેલને જીતાડવા માટે હાકલ કરી હતી. આ પ્રસંગે દ્ઘ્ઘ્ઠ જોઈતાભાઈ પટેલ સહીત ધાનેરા વિધાનસભા બેઠકના ઈન્ચાર્જ શ્રી મહેશભાઈ ચૌધરી, દાંતીવાડા કોંગ્રેસ પ્રમુખશ્રી નાથુભાઈ ઠાકોર.તાલુકા -જિલ્લા પંચાયતના સભ્યો અને વિશાળ સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## ધાનેરા ખાતે વિજય ટંકાર યુવા સંમેલન યોજાયું

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા ખાતે વિજય ટંકાર યુવા સંમેલન યોજાયુ હતુ. જેમાં ગુજરાતના યુવા ભાજપના પ્રમુખ ડો.ઋત્વિજ પટેલે કોંગ્રેસ ઉપર ચાબખા માર્યા હતા.

આવનારી વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ દ્વારા ગુજરાતમાં વિજય ટંકાર યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે જે સંદર્ભે ધાનેરા વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવારને વિજયી બનાવવા માટે ભાજપના યુવા કાર્યકરો કામે લાગ્યા છે. વિજય ટંકાર યુવા સંમેલન હિરાણી પાર્ટી પ્લોટમાં યોજાયું હતુ. જે પ્રસંગે ડો.ઋત્વિજ પટેલ, દિલીપજી ઠાકોર, બનાસડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ, બનાસડેરીના ડિરેક્ટર પી.જે. ચૌધરી, પ્રભારી વિજયભાઈ વસંતલાલ પુરોહિત, આશાબેન પટેલ તેમજ હરજીવનભાઈ પટેલ સહિત બહોળી સંખ્યામાં ભાજપના યુવા કાર્યકરો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા જે પ્રસંગે ઋત્વિજ પટેલે જણાવ્યુ હતું કે, આવનારી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની ૧૫૦ થી વધારે સીટો ગુજરાતમાં આવશે અને ધાનેરામાં ભાજપની સીટ આવશે તેમ જણાવ્યું હતું.

## શિહોરી ખાતે કાંકરેજ તાલુકા જાગીરદાર રાજપુત કર્મચારી મહામંડળની બેઠક યોજાઈ


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ શિહોરી/ કંબોઈ

કાંકરેજ વિભાગ જાગીરદાર રાજપુત કર્મચારી મહામંડળના પૂર્વ પ્રમુખ બાબુસિંહ ઝાલાના અધ્યક્ષ સ્થાને શનિવારે બેઠક યોજવામાં આવી હતી. જેમાં રાજપુત સમાજમાં શિક્ષણ વધારવા અને દિકરીઓને વધુ અભ્યાસ કરાવવા સહિત સમાજના જાગીરદાર રાજપુત સમાજ કાંકરેજ તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ વિશે ચર્ચાઓ કરવામાં આવી હતી.. ત્યારબાદમાં કાંકરેજ વિભાગ જાગીરદાર રાજપુત કર્મચારી મહામંડળનું નવા સંગઠનની રચના કરાઈ હતી. ૨૦૧૫ થી ૨૦૧૭ સુધી પ્રમુખ તરીકે સેવાઓ આપી રહેલા ઝાલા બાબુસિંહ ડી. એ સ્વેચ્છાએ નવા પ્રમુખ અને સંગઠન બનાવવા જણાવ્યું હતું. જેથી પ્રમુખ રાજેન્દ્રસિંહ બચુભા સોલંકી, મહામંત્રી અરજણસિંહ પી. વાઘેલા, ઉપપ્રમુખ નરેન્દ્રસહ ડી.વાઘેલા(આચાર્ય શિહોરી પે.કે.શાળા)- ઉ.પ્રમુખ માલસિંહ જાદવ, મંત્રી વાઘેલા ઉદેસિંહ વિરસિંહ, મંત્રી સોલંકી વિનુભા મણીસિંહ (કંબોઈ, ગાયત્રી વિદ્યાલય) અને ત્યારબાદ મહિલા સંગઠન મંત્રી તરીકે ઝાલા પ્રેમિલાબેન કિશોરસિંહ અને મહિલા સંગઠન મંત્રી- વાઘેલા, બિન્દુબા નરેન્દ્રસિંહ (આચાર્ય- આકોલી પે.કેન્દ્ર શાળા) ની નિમણુંક કરાઈ હતી. આ પ્રસંગે રાજપુત કર્મચારી મંડળના મહામંત્રી વિનુભા સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

## કાંકરેજ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવારના સેન્સ લેવાયા

પ્રતિનિધિ કંબોઈ

વિધાનસભા ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા બેઠકો નો ઘેર ચાલુ થઈ ગયો છે તેમજ ઉમેદવાર પસંદ કરવાની કામગીરી હાથ ધરાઈ છે. ત્યારે ગતરોજ ડીસા ના ભોયણ ખાતે કાંકરેજ વિધાનસભા સીટના સેન્સ ભાજપના નિરિક્ષકો દ્વારા લેવાયા હતા. જેમાં ટીકીટ વાંછુકોના બાયોડેટા લેવામાં આવ્યા હતા, જે પ્રસંગે કાંકરેજ તાલુકામાં ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. નિરીક્ષકોમાં હર્ષદભાઈ પટેલ, હર્ષદગીરી ગૌસ્વામી, નિમાબેન આચાર્યએ કાંકરેજ વિધાનસભાના ઉમેદવારોને સાંભળ્યા હતા. જે પ્રસંગે ભારતસિંહ ભટેસરીયા (મહામંત્રી બ.કાં.જી.ભાજપ) સહુનો આભાર માન્યો હતો.

## પાંથાવાડામાં પથ સંચલન યોજાયું

પ્રતિનિધિ પાંથાવાડા

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા પાંથાવાડામાં રવિવારે વહેલી સવારે પથ સંચલન યોજાયું હતુ.જેમાં મેઈન બજાર, મફતપુરા થઈ પરત ફર્યુ હતુ.જ્યાં વિજયા દશમીનું વિધિવત રીતે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું હતું.ગંગેશ્વર મહાદેવ મંદીરના મહંતશ્રી ૧૦૦૮ સદાગીરી મહારાજે આશીર્વચન આપ્યા હતા.જેમાં તાલુકા કાર્યવાહ ભરતભાઈ ચૌધરી,મુખ્ય વક્તા પારસભાઈ પઢીયાર,માવજીભાઈ પટેલ અને દિનેશભાઈ મેવાડા ઉપસ્થિત રહ્યા હતા.

## કોંગ્રેસના જનવેદના સંમેલન અંતર્ગત મીટીંગ યોજાઈ


અશોક શેઠ

તાલુકા પ્રતિ. દિયોદર

રાજીવગાંધી પંચાયતી રાજ સંગઠન દ્વારા આયોજીત નવસર્જન ગુજરાત જનવેદના સંમેલન દિયોદર તાલુકામાં તા. ૩૦/૯/૨૦૧૭ ના રોજ કોટડા ખાતે કોલ્ડ સ્ટોરેજમાં યોજાનાર છે. જેની તૈયારીના ભાગરૂપે ગતરોજ દિયોદર તાલુકા કોંગ્રેસ તથા લાખણી તાલુકા કોંગ્રેસના આગેવાનો કાર્યકરોની અને બેઠક આરામગૃહ ખાતે દિયોદર તાલુકા કાર્યકરોની એક બેઠક આરામગૃહ ખાતે દિયોદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. પધારેલા સૌને આવકારેલ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠનના ગુજરાત પ્રદેશના અગ્રણી ભારતસિંહ વાઘેલાએ કાર્યક્રમની રૂપરેખા આપી મોટી સંખ્યામાં કોંગ્રસના કાર્યકરોને ઉમટી પડવા હાકલ કરેલ. તેમણે જણાવેલ કે મે માત્ર આપણી વિધાનસભા મત વિસ્તારમાં કોંગ્રેસનો પંજો લહેરાય તેવી અપેક્ષા સાથે સ્વભંડોળથી જનવેદના સંમેલનનું આયોજન કરેલ છે. આપણા સૌનું એક માત્ર લક્ષ ટીકીટ નહીં પરંતુ પંજાનો ઉમેદવાર રહેશે.

અનુસંધાન પાના નં.૬

## ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી વડગામ દ્વારા રાશનની કિટ્સ વિતરણ કરાઈ


પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિ. વડગામ

નવરાત્રિ ઉત્સવ નિમિત્તે તાલુકા મથક વડગામ ખાતે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી વડગામ દ્વારા ગરીબ લાભાર્થીઓને રાશનની કીટસ વિતરણ કરવામાં આવી હતી. ગત તા.૨૪-૯-૨૦૧૭ રવિવારે વડગામ પ્રા.શાળાના પટાંગણમાં જિલ્લા તલાટી મંડળના પ્રમુખ કિરણભાઈ ડી.વડગામાની અધ્યક્ષતામાં યોજાયેલ કિટ્સ વિતરણ કાર્યક્રમમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, માનવસેવા મંડળ, લાઈફ મિશન વડગામ, માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ વડગામ, ગાયત્રી પરિવાર વડગામ, માનવસેવા ચેરીટેબલ સંગઠનોના પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ, અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. મહોતભાઈ ભગત, કરશનજી ભગત, પુષ્કર ગોસ્વામીએ કિટસ વિતરણ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતુ.

## રમુણ ખાતે રોયલ સ્કૂલના નવા મકાનનું ભૂમિપૂજન કરાયું


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકા રોયલ ઈંગ્લીશ મીડિયમના રમુણ ખાતે નિર્માણ થનાર સ્કૂલ બિલ્ડીંગનું હરજીવનભાઈ પટેલ(પૂર્વમંત્રી), માવજીભાઈ દેસાઈ (એ. પી. એમ. સી-ચેરમેન ડીસા), ધાનેરા એ.પી.એમ.સી. ચેરમેન ભગવાનદાસ પટેલ તથા નારણસિંહની ઉપસ્થિતિમાં ખાત મુહૂર્ત કરાયું હતું.

અત્રે એ નોંધવું જરૂરી છે કે એક વર્ષ અગાઉ આ સંકુલમા મોટા પાયે હોસ્ટેલનું ખાતમુહૂર્ત થયુ હતું. જેમાં અદ્યતન હોસ્ટેલ તૈયાર થઈ ગઈ છે. આ વિસ્તારના વિદ્યાર્થીઓને હવે ડીસા, પાલનપુર, ગાંધીનગર, અમદાવાદ વગેરે જગ્યાએ જવું નહી પડે તેમને હોસ્ટેલ અને અદ્યતન સ્કૂલ હાઈસ્કૂલની સુવિધા મળી રહેશે.

## માડકા મુકામે ફ્રી સર્વરોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો


વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

વાવના ધારાસભ્ય અને આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ વાવ-સુઈગામ ભાભર પંથકના ગામોમાં ફ્રી સારવાર કેમ્પો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે ગતરોજ તા. ૨૪/૯/૧૭ ના રોજ વાવ તાલુકાના માડકા ગામે સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં નામાંકિત તબીબોની હાજરીમાં બહોળી સંખ્યામાં દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો. આ કેમ્પને સફળ બનાવવામાં ભાજપના અગ્રણીઓ, બનાસડેરીના મિત્રો, બનાસબેન્કના મિત્રો, કાર્યકરો તેમજ માડકા ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હોવાનું ભગવાનભાઈ વ્યાસે જણાવ્યું હતું.

## તંત્રી સ્થાનેથી ...

### ગુસ્સો હંમેશા મુર્ખતાથી શરૂ થઈ પશ્ચાતાપ પર પૂરો થાય છે.

# ટ્રાફિક બાબતે કેન્દ્રીય મંત્રીના સૂચનાનો અમલ થાય તે જરૂરી

સમગ્ર દેશમાં ટ્રાફિક બાબતના નિયમોના ઉલ્લંઘનથી થતા જીવલેણ અકસ્માતના સેંકડો બનાવો બનતા હોવા છતાં તે બાબતે તંત્ર દ્વારા કોઈ આયોજનબદ્ધ વ્યુહરચના ઘડવામાં આવતી નથી. વિદેશમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વાહન ચાલકને ત્વરિત દંડ ભરવો પડતો હોય છે.

ગુજરાત જેવા રાજ્યમાં દિવસમાં સેંકડોવાર ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન થાય છે.ત્યારે હવે નિયમોનું પાલન ન કરનારા વાહન ચાલકોને ઝડપી લેવા માટે અમદાવાદ સહિત કેટલાક શહેરોમાં સીસીટીવી કેમેરા રોડના ખૂણે ખાંચરે મુકવામાં આવ્યા છે. હવે તેના દ્વારા દંડ ફટકારીને ઈ- મેમો આપીને દંડ વસુલ કરવામાં આવી રહ્યો છે. તેમ છતાં વાહન ચાલકો દ્વારા નંબર પ્લેટ ઉપર સ્ટિકર ચોંટાડવાથી લઈને કેમેરામાં ન દેખાય તે માટેના અનેક કિમીયા અજમાવવામાં આવ્યા છે, ત્યારે હવે નાગરિકો દ્વારા જ નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકોને પકડવામાં આવે તેવી વ્યવસ્થા સરકાર વિચારી રહી છે.

રાજ્ય સરકારનું કહેવું છે કે નાગરિકો ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકનો ફોટો પાડીને જો ટ્રાફિક પોલીસને મોકલશે તો યોગ્ય કદર કરી ઈનામ આપવામાં આવશે. તાજેતરમાં વડોદરા ખાતે આવેલા કેન્દ્રના પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આ બાબતે કરેલા સૂચનનો અમલ કરવાનું ગુજરાત સરકાર વિચારી રહી છે.

વાહન વ્યવહાર મંત્રી વલ્લભ કાકડીયાએ એવું જણાવેલ કે ગત ગુરૂવારે મળેલી કાઉન્સીલની બેઠકમાં નીતિન ગડકરીએ કરેલા સુચન અંગે રાજ્યમાં તેની વ્યવસ્થા ગોઠવવા બાબતની ચર્ચા થઈ હતી. સદર બેઠકમાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટની ટ્રાફિક સમસ્યા તેમજ રોજ બનતા અકસ્માતના બનાવો સંદર્ભે ગંભીરતાપૂર્વક ચર્ચા થઈ હતી.

ઉપરોક્ત બેઠકમાં ચાર જેટલા મહાનગરોના ટ્રાફિક ડીસીપી પણ હાજર રહ્યા હતા. અને તેમના વિચારો જાણીને તેનો અમલ થાય તે બાબતને ગંભીરતાપૂર્વક વિચારવામાં આવી હતી.

ખાસ કરીને મહાનગરોમાં રોડની ગુણવત્તા સુધારવા એન્જિનિયરિક પ્લાન્ટમાં ફેરફાર કરવા, એપ્રોચ ઓછા કરવા, ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે ત્યારે ફરજ ઉપર રહેલો ટ્રાફિક પોલીસ ક્યાં અને કઈ જગ્યાએ છે તે બાબતની જાણકારી સીસીટીવી કેમેરામાંથી મેળવી શકાય. મોટાભાગે ટ્રાફિક પોલીસ હાજર હોવા છતાં ટ્રાફિકની બાબતે નિષ્ક્રિય રહેતાં હોય છે અને મોબાઈલમાં વ્યસ્ત હોવાનું પણ મનાય છે. ગત વર્ષે રાજ્યમાં ૨૨૭૦ અકસ્માતના બનાવો બન્યા હતા. તેમાં ૩૦૦ થી વધુ જીવલેણ અકસ્માતના બનાવમાં રૂા. ૪૦૦૦ જેટલો દંડ ફટકારવામાં આવ્યો હોવા છતાં પરિસ્થિતિમાં કોઈપણ પ્રકારનો સુધારો થયો નથી.

ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકો નાસી જતાં હોય છે ત્યારે તેમને પકડી પાડવા માટેની કોઈ કાયમી વ્યવસ્થા છે જ નહિં! જેથી તમામ ટોલનાકા ખાતે આરટીઓ તેમજ પોલીસની ટીમ મુકવા જે નિર્ણય લેવાયો છે તે ઉચિત માની શકાય અને તમામ વાહનો ટોલબૂથ પરથી પસાર થાય તો ખ્યાલ આવી શકે. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કોણ કરે છે. તેમજ સીટ બેલ્ટ કે હેલ્મેટ ન હોય તે બાબતે દંડ વસૂલવો.

## રાજકારણથી પ્રેરિત, ધિક્કારથી પોષિત &TV પ્રસ્તુત કરે છે હાફ મેરેજ




લગ્નનું પવિત્ર બંધન તો સ્વર્ગમાં જ રચાયું હોય છે અને પૃથ્વી પર તે સાકાર થાય છે એવું માનવામાં આવે છે. જોકે આ પવિત્ર બંધન રાજકીય લાભ માટે બાંધવામાં આવે તો શું થઈ શકે ? શું આ લગ્નને લીધે જંગ છેડાશે કે પ્રેમની ભાવનાઓ ન ઉછાળો આવશે ? આ જ રેખા પર લાવી રહ્યા છીએ આવું જ એક લગ્ન. હાશ્ફ લાવી રહી છે 'હાફ મેરેજ'. અર્જુન (તરુણ મહિલાની) અને ચાંદિની (પ્રિયંકા પુરોહિત)ના જીવનનું પગેરું મેળવતાં હાફ મેરેજ રાજકીય પ્રભાવ અને સાંસ્કૃતિક માન્યતાઓ માંથી જન્મેલા અસામાન્ય વૈવાહિક બંધનમાં ડોકિયું કરાવે છે. નિર્માણ અને સંકલ્પના કોન્સિયસ ડ્રીમ્સના કવિતા બરજાત્યા અને કૌશિક ઘટકનાં છે. હાફ મેરેજ પ્રેમ અને જંગમાં બધું જ જાય જ છે એ કહેવતને ધિક્કાર અને રાજકારણમાં બધું જ જાય જ છેતરી કે ફેરવી નાખે છે.૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૭થી આરંભ કરતાં દર સોમવાર થી શુક્રવારે સાંજે ૭.૩૦ વાગ્યાથી ફક્ત &TV પર જોવા મળશે.

### "આસો નવરાત્રિ અનુષ્ઠાન"

## સંયમિત જીવન સુખી જીવન-૨

**૨.વિચારસંયમ** : આપણી દરેક પ્રવૃત્તિ કોઈ વિચાર દ્વારા જન્મ લે છે. મનમાં જેવી રીતના વિચારો ઉઠે છે. એ જ રીતે આપણે કર્મ કરીએ છીએ અને આપણે જેવા કર્મો કરીશુ એવો જ આપણો સ્વાભાવ અને સંસ્કાર બનતા જશે. આપણા વિચારો જ આપણું ભાગ્ય લખે છે. ઈશ્વરની આ સનાતન વ્યવસ્થા છે. દેવતાઓના ચિત્રમાં મસ્તકની પાછળ હંમેશા શ્વેત પ્રકાશવાન ચક્ર જોવા મળે છે. એ તેમના તેજને પ્રગટ કરે છે. દરેક મનુષ્યની પાછળ પણ આ પ્રકારનું ચક્ર હોય છે. આ ચક્ર આપણાં મનના તેજને દર્શાવે છે. જે આપણા વિચારો ગંદા હશે. તો આપણું ચક્ર પણ ધુંધળુ અને મેલા રંગનું બની જશે. જેમ જેમ આપણા વિચારો શુધ્ધ બનતાં જશે, તેમ ચક્ર પણ શ્વેત બનતું જશે અને તે અનુસાર આપણું ભાગ્ય પણ કાળુ કે શ્વેત બનતું જશે.

-દરરોજ સ્વાધ્યાય તથા શ્રેષ્ઠ વ્યક્તિઓ સાથે સત્સંગ દ્વારા શ્રેષ્ઠ પ્રેરણાઓ પ્રાપ્ત કરતા રહેવું જોઈએ.

- મનમાં હંમેશા શ્રેષ્ઠ વિચારો જાળવી રાખી અને મનનું તેજ વધારવું જોઈએ.

વિચારસંયમના લાભ :

-ધીરે ધીરે વિવેક જાગવા લાગશે અને મનની તેજસ્વીતા વધશે.

-વ્યવહારમાં શાલીનતા આવે છે, તો સામાજીક પ્રતિષ્ઠા પણ વધારે છે.

-વિચારસંયમથી મનની પ્રચંડ શક્તિમાં પણ વધારો થાય છે.

ઈન્દ્રિયસંયમ, વિચારસંયમ ઉપરાંત અર્થસંયમ તેમજ સમયસંયમ મહત્વ પણ જીવનમાં અગત્યનું છે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# રતનગઢ ગામે વડેચી માતાની સ્થાપના થઈ એ વખતે સવારના ચાર વાગી ગયા હતા... અદભુત પ્રસંગકર્મનું ફળ...



હું અને મારો સાળો અરવિંદ અમે બન્ને જણ તો હજુ માઢના દરવાજાથી દૂર ઉભા અરસ પરસ વાતો કરી રહ્યા હતા કે, આ કેવું કે' વાય નહી... કે, જ્યોત બીજા ગામથી લાવવી ને... સાથે માતાજી પણ આવે... એ તો માતાને આવવું હોય તો, નહીતર જ્યોત રસ્તામાં આપો આપ બુઝાઈ પણ જાય... આમ વાતોના ગપ્પા બંને જણ મારી રહ્યા હતા ત્યારે ન ભૂવાજીએ મને માઢની ખડકી નજીક બોલાયો ને કહ્યું કે લો આ અગરબત્તી પકડો. આ પહેલા જ્યારે જ્યોતવાળી ગાડી ગામમાં પ્રવેશી ત્યારે આગળ ઢોલીના ઢોલના ધબકારને પાછળ ગાડી. વાજતે ગાજતે માઢની ખડકી પાસે આવેલા. સામૈયું થયેલું. માતાજીના લાવ્યાના રૂડાં ગીતો ગાવાના.. ભુવાજીએ અગરબત્તીઓ પ્રગટાવી અને પ્રથમ મારા બાપુજીને અગરબત્તી પકડાવી. પછી મોટા બંને ભાઈને અને છેલ્લે મને અગરબત્તી પકડાવવા માટે અમે દુર ઉભા ઉભા સાળા સાથે વાતોના ગપ્પા મારતા હતા ત્યારે જ ભુવાજીએ નજીક બોલાવ્યા. અમે નજીક આવ્યા ને જેવી મે અગરબત્તી હાથમાં પકડી ને જાણે શું થયું. જોરથી હાકોટો થયો અને મારા હાથે જ સામૈયાના કળશમાં સવા રૂપીયો તે ભુવાજીએ નંખાયો. શરીર આખું ધ્રુજવા લાગ્યું. હાકોટા પણ ચાલું જ હતા મને ધીરે ધીરે માઢની અંદર થઈને ઘરની આગળ જે ચોક(બઝી) પડે ત્યાં લઈ ગયા. નક્કી જ હતું કે આ જગ્યાએ માતાની સ્થાપના કરવી. ભુવાજીએ અને આવનાર મહેમાનોએ ઘડીયાળમાં જોયું તો સવારના ચાર વાગી ગયા હતા ને દરેકને તે રાતના અગિયાર વાગ્યાની જે વાત થઈ હતી તે યાદ આવી ગઈ.

આગળના દિવસે સાંજે ભુવાજી અને સાથે ડેકલું વગાડનાર પાવળીયો ભાચલવા ગામમાંથી ગાડી લઈને આવેલા. ભુવાજીની સાથે પાવળીયો, મારો સાળો અરવિંદ અને ડ્રાઈવર આ ચાર જણ સાંજે જમીને તુરંત ઉંઘી જતા પહેલાં ભુવાજીએ પાવળીયાને કીધેલું કે રાતના અગિયાર વાગે પાટ કરીશુ. તે વખત મને ઉઠાડજો અને ભુવાજી તો ઉંઘી ગયા રાતના અગિયાર વાગ્યા પાટ મંડાણો, સફેદ ચાદરમાં ઘઉંની ઢગલી તૈયાર કરવામાં આવી. પાવળીયાએ ડેકલું સાથે લાવેલું પણ વગાડવાની કંઈ જરૂર હતી નહી. ભુવાજી કહીને ઉંઘ્યા હતા કે રાતે અગિયાર વાગે ઉઠાડજો. ભુવાજીને જગાડ્યા પાટ પાસે ગામમાંથી પધારેલા ચારેક માણસો, મહેમાનોને અમે ઘરના બધા બેઠા. ભુવાજીએ અને પાવળીયાએ દાણો દેખવાની તૈયારી કરી એ આ વખતે પણ ભુવાજીએ મારા બાપુજીને એ જ કીધું કે, મફાભાઈ તમે જે દેવીને પવિજો છો તેની સ્થાપના કરવી પડશે અને તેની જ્યોત લાવવી પડશે. આમ તો પાંચ વરસથી આ ભુવાજી પાસે બાધા હતી.

પાંચ વરસ પહેલા ઘરમાં કંકાસ અને રીસામણા મનામણાં આવું બધું થતું. ઘરમાં મન સ્થિર કોઈને પણ ન બેસતું એટલે કોઈકે કીધેલું કે, ડીસાના ભાચલવા ગામમાં ભગવાનભાઈ ભરવાડ નામે મોમા બાપાજીના ભુવો છે. તેમની પાસે જાઓ અને બાધા લેવડાવો એટલે કંઈક સારૂ થશે ત્યારે અને આ અગાઉ પણ મારી પણ મારા ધર્મપત્નીને પણ અવાર નવાર દુ:ખ સહન કરવું પડે તેવું થયેલું ત્યારે પણ મારા સાસરીયાવાળાઓએ આ ભુવાજી જોડે વાત કરી હતી. ત્યારે પણ ભુવાજીએ જ વાત કીધી હતી કે, બાઈને સાસરીયા તરફથી માતાજીની તકલીફ છે, તેઓ જે માતાને પુજે છે તેની અસલ સ્થાપના થઈ નથી એટલે તેઓ હેરાન થાય છે અને તેમના લીધે આ બાઈ પણ હેરાન થાય છે. મારા બાપુજીને પણ કોઈકે આ ભાચલવા ગામની જ વાત કરી ત્યારે હું, મારો ભાઈ અને બાપુજી ત્યાં ભાચલવા ગયેલા. જઈને ભુવાને વાત કરી હતી ત્યારે પણ ભુવાજીએ એ જ વાત કરી હતી કે, તમે જેને અધ્ધર સ્થાપના રાખીને પુજો છો, તે માતાને નીચે સ્થાપના આપજો બધું જ સારૂ થઈ જશે. બીજ કે તેરસે જો મંદિરે દર્શન કરવા અવાય તો આવજો. બાકી તમે જ્યારે કહેશો ત્યારે હું તમારા ઘેર આવીને માતાજીની સ્થાપના કરી આપીશ.

આ વાતને પાંચ વરસ પણ વીતી ગયેલા. આ પહેલા પણ એકાદ વખત ભુવાજીને ઘરે લાવેલા. તે વખતે પણ પાટ કરીને દાણો દેખીને ભુવાજી બોલેલા કે, બાધા હમણાં ચાલુ રાખો, થોડોક સમય પછી હું આવીને સ્થાપના કરી દઈશ. અમે અવાર નવાર બીજ કે તેરસે મામા બાપજીના સ્થાનકે ભાચલવા દર્શને જતા. ભુવાજીને મળતા દર્શન કરતા પણ જે જ્યારે બનવાનું હોય ત્યારે જ બનીને રહે છે. એટલે માતાને પણ હવે અમારા ઘેર આવવું હશે. તેથી જ જાણે આ વખતે તો ભુવાજી અને પાવળીયો ગાડી લઈને આવી ગયા.

અગિયાર વાગે પાટ મંડાણો, ભુવાજીને મુખ્ય આસન ઉપર બેસાડ્યા. બાજુમાં પાવળીયો, મહેમાનો અને ગામના લોકો બેસી ગયા. પાવળીયે દાણો પાર ઉપર નાંખ્યો તેમની ભાષામાં વેણ અને વધાવો જોયો. ભુવાજી ભગવાનભાઈની નજર પણ એ જ પાટ ઉપર હતી અને ભુવાજી બોલી ગયા કે મફાભાઈ તમે જે હાલ પુજો છો તે માતાજી તમારા ઘરે આવવા માંગે છે. હું પાંચ વરસથી આ જ કહુ છુ અને આ પાટ વખતે પણ માતાજી મને એ જ કહેવડાવે છે નાણોટા ગામના તમે જે માતાને પૂજો છો તે વડેચી છે, અને એ માતાજી તમારા ઘરે આવવા માંગે છે. બોલો શું કરવું છે ? મફાભાઈએ જવાબ આપ્યો કે, તમે જે કહો તે. તમને જે દેખાતું હોય તે અમે કરવા તૈયાર છીએ. જો વડેચી

**સંવેદના**
**પ્રવીણ એમ. નાઈ**

માતાને આવવું જ હોય તો એનાથી બીજુ સુખ અમારા માટે શું હોય પણ કંઈક ધીજ એટલે પુરાવો મળે તો. ભુવાજીએ કહ્યું કે, મફાભાઈ પુરાવો એ જ કે તમે માતાની સ્થાપના કર્યા બાદ મંદિર બનાવો તેનો ખર્ચ તમારા ખિસ્સામાંથી ન કાઢવો પડે ને મંદિર માટે જેટલી ઈંટો ઈંટવાડેથી લાવો એમાંથી ચાર ઈંટો વધે તો સાચુ માનજો કે વડેચી માતાની સ્થાપના થઈ. અને તમારા ઘરે સુખ શાંતિ વધે તેવું લાગે તો સમજવું દેવી તમારા ઘરે આવ્યા. મફાભાઈ અને આવનાર દરેકને લાગ્યું કે, ભુવાજીએ જે કહ્યું તે થઈને રહેશે. ભુવાજી આસન ઉપર બેઠા છે હવે તેઓને માતાજીએ સુઝવ્યું હોય કે ગમે તે મફાભાઈને વળી પુછ્યું કે, તમે આ વડેચીને ક્યારના પુજો છો ? ત્યારે મફાભાઈએ માંડીને વાત કરી. અમારા આ પંથકમાં જીવરાજભાઈ નામે એક ભાઈ હતા. તેઓને સંતાનમાં કોઈ ન હતુ. પણ તેઓને આ વડેચી ઉપર ખુબ જ શ્રધ્ધા હતી એવુ કહેવાય છે કે, વડેચીએ તેમને કહેલું કે, જો તારે પુત્ર અવતરે તો એમ સમજજે કે મે આપ્યો છે. કુદરતને વાત રાખવી ને આ ભાઈના ઘેર પુત્ર અવતર્યો. પણ વેડચીએ એવો કોલ કર્યો હતો કે તારે સંતાન થાય બાદ તે અને તેનો વારસદાર વડેચીને પૂજે. પણ એટલેથી ખિમાણીયા પરિવારના ઘણા ખરા કુટુંબો વડેચી માતાને પૂજે છે. તે પછી તો નાણોટા ગામે તેનું મોટું મંદિર બનાવેલ છે. નાણોટા ગામે ભુંજોળ અને કુવા આ બંને પટેલોની પેટા જ્ઞાતીઓ છે. તેમાં ભુંજોળોની આ વડેચી કુળદેવી તરીકે પણ છે. અને નાણોટા ગામના બીજા લોકો પાદર દેવ તરીકે આ વડેચીને પૂજે છે. આ વડેચીની અસલ સ્થાપના જ્યારે નાણોટા ગામે કરવાની હતી ત્યારે તે જ્યોત ગાંધીનગર જિલ્લામાં આવેલ રૂપાલ ગામેથી લાવી હોય તેવું કહેવાય છે. તે પછી ખિમાણીયા(નાઈ) પરીવાર પણ આ માતાને પુજે છે. ખિમાણા, ખોડા, ચીમનગઢ, ઝાલમોર, રવિયાણા, રતનગઢ, નાણોટા, વગેરે જે જે ગામમાં ખિમાણીયા પરિવારમાં પુત્ર જન્મ વખતે પ્રથમ બાળકની બાબરી નાણોટા ગામે વડેચીના ધામે જ ઉતરે છે, અને નૈવધ વધામણા પણ નાણોટા ગામે થાય છે. વધુમાં લગ્નગ્રંથીએ જોડાયા બાદ છેડાછેડી પણ ત્યાં મંદિરે માતાના દર્શન કર્યા બાદ જ છુટે છે. જે જે કુટુંબ આ માતાને પૂજે છે તેના ઘરે લીલીવાડી છે, તે જ મોટો ચમત્કાર છે.

ભુવાજીએ કહ્યું કે, મફાભાઈ તમે હાલ જે માતાને પૂજો છે એ બરાબર છે. અને તેની સ્થાપના કરવાના છો એ પણ બરાબર, પરંતુ મારી અસલ કુળદેવી તો બીજી જ છે એ તમને ખબર છે ? ત્યારે મફાભાઈએ કહ્યું કે, હા, બારોટના ચોપડે અમારી કુળદેવી મોમાઈ માતા ગણાય છે. પણ અમારા બાપ દાદા વારસાગતથી વડેચીને પૂજવાનું ચાલ્યું આવતું હોવાથી નવરાત્રીમાં પલ્લી પણ અમે વડેચીની ભરીએ છીએ. મોમાઈને માનીએ ખરા પણ પુજીએ છીએ વેડચીને. ત્યારે ભુવાજીએ કહ્યું કે, એ વાત તો બરાબર પણ મોમાઈ અહિ સ્થાપના વખતે વાંધો ઉઠાવે તો. સ્થાપના ન થવા દે તો ત્યારે મફાભાઈએ કહ્યું કે, તમે કહો તેમ, બીજું તો શું ? ત્યારે કુદરતને વાત રાખવીને ભુવાજીને જોરદાર પવન આવ્યો. અને ધુણતા ધુણતાં એ એટલું બોલેલા કે મફાભાઈ તમે ખુશીથી મા વેડચીની સ્થાપના કરો પણ ૨૧૦૦ રૂપિયા મોમાઈના નામે અલગ પ્રથમ મુકી દેજો. સ્થાપના ભલે વડેચીનો કરો પણ કુળદેવી મોમાઈને અધ્ધર દીવો તથા અગરબત્તી કરશો તો જે છે તેનાથી વધુ સુખ મળશે. અને બીજું કે, મોમાઈ કુળદેવીનો પ્રશ્ન કંઈ એકલા તમારા ઘર પુરતો જ નથી. આ પ્રશ્ન બધા જ ખેમાણિયા પરીવારની માટેનો છે.

આ પહેલાં તમારા ખેમાણિયા પરીવાર કોઈક જગ્યાએ ભેગો થયેલો અને કુળદેવી મોમાઈનું મંદિર બનાવવાની પણ વાત થયેલી પણ એ અધુરી રહેલી. જ્યારે સમય આવશે ત્યારે ગમે તે જગ્યાએ આ પંથકમાં મોમાઈની સ્થાપના થશે અને મોટું મંદિર બનશે. પણ અત્યારે તો તમે જે મોમાઈના નામે દિવો અગરબત્તી કરો તો સારૂ. બાકી તમે જે વડેચીની સ્થાપના કરવા જઈ રહ્યા છો તેમાં મોમાઈ રોકશે નહી અને મેં જે આગળ કહ્યું તેમ પુરાવો મળે તો સમજવું કે આ વડેચી માતાની સ્થાપના થઈ.

(ક્રમશ...)

**પ્રવીણ એમ.નાઈ રતનગઢ**
**(તા.કાંકરેજ)**

## કેન્દ્રિય પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને અમદાવાદ ખાતે સ્કીલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટનું ઉદ્દ્ઘાટન કર્યું



અમદાવાદ ભારતમાં સરકારમાં કેન્દ્રિય પેટ્રોલિયમ અને નેચરલ ગેસ તથા સ્કીલ ડેવલપમેન્ટ અને આંત્રપ્રોનિયર શીપ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને આજે અમદાવાદ ખાતે સ્કીલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટનું ઉદ્દ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત લોકોને સંબોધન કરતાં શ્રી પ્રધાને જણાવ્યું હતું કે, "દર વર્ષે લગભગ એક કરોડ યુવાનો રોજગારની તકો શોધતા હોય છે. યોગ્ય રોજગાર પૂરો પાડવા માટે યુવાનોને જરૂરી કૌશલ્ય વર્ધન તાલીમ આપવી જરૂરી બને છે. ઓઈલ ક્ષેત્રની કંપનીઓના સહયોગથી સ્કીલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટની સ્થાપના આ દિશામાં એક મોટું કદમ છે. યુવા પેઢીની અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે સરકાર એકલા હાથે સ્કીલ ડેવલપમેન્ટ હાથ ધરી શકે નહીં. આ માટે પીએસઈ, કોર્પોરેટ્સ, ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ અને ઔદ્યોગિક ક્ષેત્રોનો મજબૂત સહયોગ પણ જરૂરી છે."કૌશલ્ય તાલીમ અને ક્ષમતા નિર્માણ દ્વારા દેશના યુવાનોને સક્ષમ બનાવવાના ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ મીશનને હાંસલ કરવાના ઉદ્દેશ્ય સાથે આ ઈન્સ્ટિટ્યુટની સ્થાપના કરવામાં આવી છે. આ સ્કીલ ડેવલપમેન્ટ પહેલ સાથે દેશના યુવાનો માટે રોજગારની નવી તકો અને આવક સર્જન કરવી શક્ય બનશે.

આ ઉદ્દેશ્યને લક્ષ્યમાં રાખીને પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયે હાઈડ્રોકાર્બન સ્કીલ કાઉન્સિલની સ્થાપના કરી છે, જે વિવિધ રાજ્યોમાં છ સ્કીલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (એસડીઆઈ)ની સ્થાપના અને કામગીરી સુનિશ્ચિત કરશે. જાહેર ક્ષેત્રની ઓઈલ કંપનીઓ ઓએનજીસી, આઈઓસી, એચપીસીએલ, બીપીસીએલ, ઓઆઈએલ, ગેલ, ઈઆઈએલ અને બાલમેર લોરીએ આ સંસ્થાઓને પ્રોત્સાહન આપવાની જવાબદારી ઉઠાવી છે. આમાંથી ચોથી ઈન્સ્ટિટ્યુટની સ્થાપના અમદાવાદના અડાલજ ખાતે કરવામાં આવી છે, જેથી ગુજરાત અને આસપાસના રાજ્યોના યુવાનોની અપેક્ષાઓને પૂર્ણ કરી શકાય.

## મૈજિકબ્રિક્સે કામ-જીવન સંતુલનને શ્રેષ્ઠ બનાવવા માટે સમકાલીન કર્મચારી અનુકૂળ નીતિઓમાં પરિવર્તન કર્યુ

ભારતની નંબર ૧ પ્રોપર્ટી સાઈટ મૈજિકબ્રિક્સે સમકાલીન વૈશ્વિક એચઆર પ્રક્રિયાઓ અનુરૂપ કર્મચારીઓ અનુકૂળ નવી નીતિઓની શરૂઆત કરી છે જેનો હેતુ કર્મચારીઓમાં કામ અને જીવનના સંતુલનને વધારવો છે. પ્રોબેશન અવધિ, સેન્ડવિચ લીવ જેવી જૂની કંપની નીતિઓને સમાપ્ત કરી દીધી છે અને શોક, પિતૃત્વ અને એડોપ્શનની ત્રણ નવી શ્રેણીઓની શરૂઆત કરવામાં આવી છે. અમારી મૂળ શક્તિ માનવીય મૂડી છે અને અમે હંમેશા અમારા કાર્મચારીઓ અને તેમના પરિવારોની સહાયતા કરવામાં વિશ્વાસ રાખીએ છીએ. અમે આ સુનિશ્ચિત કરવા માટે અમારા કર્મચારીઓને જીવનની પ્રત્યેક અવસ્થામાં તેમની સાથે ઉભા છીએ. અમે એક એવું વાતાવરણ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ જ્યાં કંપની પોતાના કર્મચારીઓના સુખ-દુ:ખમાં સાથ રહીને કામ કરે છે.

## ગ્રન્ડફોસ ઈન્ડિયાએ IEE5 મોટર સાથે ઉચ્ચ દક્ષતાપૂર્ણ હાઈડ્રો એમપીસી પંપોની શરૂઆત કરી



ઉર્જા દક્ષ પંપોના પ્રમુખ વિનિર્માતા ગ્રન્ડફોસ ઈન્ડિયાએ આઈઈપ મોટરની સાથે હાઈડ્રો એમપીસી પંપોની એક નવી શ્રેણીની શરૂઆત કરી છે. ગ્રન્ડફોસ હાઈડ્રો એમરપીસી બૂસ્ટર પ્રણાલીઓ ઉચ્ચ સ્તરીય છે અને એક ફ્રીક્વેન્સી કન્વર્ટરથી જોડાયેલી IEE5 મોટર ગ્રન્ડફોસના પંપોના સંચિત અનુભવને ખાસ કન્ટ્રોલ સોફ્ટવેરથી જોડે છે. પંપ અને અનુકૂળ યોગ્ય સોફ્ટવેરનું આ સંયોજન કોઈપણ લોડ પોઈન્ટ માટે તમારી સિસ્ટમના પ્રદર્શનમાં સુધારો કરે છે, જેનાથી ઉર્જા વપરાશમાં અદ્વિતીય ઘટાડો આવે છે. આ ઉદ્યોગના એક અગ્રણી રૂપે ગ્રન્ડફોસ IEE5 મોટરને રજૂ કરવા માટે ઉત્સાહિત છે જે ૭ ટકા સુધી ઉર્જા સંરક્ષણમાં સહાયત અને આ નિયંત્રિત પંપોના પે-બૈક સમયને ઓછો કરે છે.

## આ તહેવારની સિઝનને ટપરવેરની ગિફ્ટીંગ રેન્જ સાથે ઉજવો




ટપરવેરની પ્રોડક્ટ્સ દરેક માટે દરેક તહેવારમાં ગિફ્ટ આપવા માટેની સંપૂર્ણ વિકલ્પ છે. પ્રીમિયમ કિચનવેર કેટેગરીમાં વિશ્વાસપાત્ર બ્રાન્ડ, ટપરવેર આ તહેવારની સિઝનમાં આપના માટે શ્રેષ્ઠ સૌગાદ લઈને આવ્યું છે. આધુનિક વિશેષજ્ઞતાની અને પારંપરિક કળાના મિશ્રણની સાથે ટપરવેર લાવે છે – સ્પેશ્યલ 'પોટલી' બેગસમાં પ્રિલૂડિઓ બોઉલ્સ અને ઈલુમિના બોઉલ્સ જે ડ્રાય ફ્રૂટ્સ, મીઠાઈ, નાસ્તો વગેરે પેક માટે ઉપયોગમાં લઈ શકાય છે. ફેસ્ટિવ સ્ટોર 'એન' સર્વ ઘરે બનાવેલા લાડવા, કૂકીઝ, કેક્સ વગેરે પેક કરવા માટે શ્રેષ્ઠ છે.

ઉપલબ્ધતા : ટપરવેર પ્રોડક્ટ્સ માત્ર ઓથોરાઈઝ્ડ ટપરવેર ડિસ્ટ્રીબ્યુટર્સથી ઉપલબ્ધ છે.

### દિવાળીના શુભ મુહૂર્તો (સવંત ૨૦૭૩/૭૪)

## દિવાળી અને માર્ચ એન્ડના ચોપડા નોંધાવવાના મુહૂર્તો

(૧) આસો સુદ - ૯ શુક્રવાર, તા.૨૯/૯/૨૦૧૭ રવિયોગ ઉત્તમ, સમય : સવારે ૦૬-૩૧ થી ૧૦-૫૯ શુક્ર, બુધ, ચંદ્રની હોરા શ્રેષ્ઠ. ચલ, લાભ, અમૃત ચોઘડિયા ઉત્તમ. બપોરે - ૧૨-૦૧ થી ૧૩-૫૯ વિજય મુહૂર્ત અને શુભ ચોઘડિયું શ્રેષ્ઠ. સમય : બપોરે ૧૪-૩૧ થી ૧૬-૩૧ બુધ, ચંદ્રની હોરા તથા રવિયોગ ઉત્તમ. સાંજે ૧૬-૫૮ થી ૧૮-૨૮ ગુરૂની હોરા શ્રેષ્ઠ.ચલ ચોઘડિયું ઉત્તમ તેમજ રવિયોગ બળવાન.

(૨) આસો સુદ - ૧૦ શનિવાર, તા.૩૦/૯/૨૦૧૭ શ્રી વિજયાદશમી રવિયોગ અહોરાત્ર, સમય : સવારે ૦૮-૦૧ થી ૦૯-૩૦ શુભ ચોઘડિયું અને ગુરૂની હોરા શ્રેષ્ઠ. સવારે ૧૦-૩૨ થી ૧૨-૫૩ સુધી શુક્ર, બુધ - ચંદ્રની હોરા તેમજ વિજયઅભિજીત મુહૂર્ત ઉત્તમ. બપોરે ૧૩-૫૮ થી ૧૬-૫૭ લાભ અને અમૃત ચોઘડિયા ઉત્તમ, ગુરૂની હોરા શ્રેષ્ઠ

(૩) આસો સુદ -૧૫ ગુરૂવાર, તા.૦૫/૧૦/૨૦૧૭ સવારે ૦૬-૩૩ થી ૦૮-૦૧ શુભ ચોઘડિયું,ગુરૂની હોરા શ્રેષ્ઠ. સવારે ૦૯-૩૩ થી ૧૫-૫૪ શુક્ર, બુધ, ચંદ્રની હોરા તેમજ ચલ, લાભ, અમૃત ચોઘડિયું અને વિજય અભિજીત મુહૂર્ત શ્રેષ્ઠ. બપોરે ૧૬-૩૩ થી ૧૮-૨૨ શુભ ચોઘડિયું ઉત્તમ, શુક્ર બુધની હોરા ઉત્તમ. દિવાળી અને માર્ચ એન્ડના ચોપડા નોંધવવા, કોમ્પ્યુટર સ્ટેશનરી વગેરે નોંધાવવા માટે પણ ઉત્તમ સમય.

નવા વર્ષના અને માર્ચ એન્ડના ચોપડા લાવવા (ખરીદવા) નું મુહૂર્ત

(૧) આસો વદ - ૯ શુક્રવાર તા.૧૩/૧૦/૨૦૧૭ પુનર્વસુ - પુણ્ય નક્ષત્ર સવારે ૦૬-૩૬ થી ૧૦- ૫૮ શુક્ર, બુધ, ચંદ્રની હોરા શ્રેષ્ઠ, ચલ, લાભ, અમૃત ચોઘડિયા ઉત્તમ. બપોરે ૧૨-૦૧ થી ૧૩-૫૨ વિજય અભિજીત મુહૂર્ત સાથે શુભ ચોઘડિયું બળવાન. બપોરે ૧૩-૩૬ થી ૧૬-૩૬ શુક્ર, બુધ અને ચંદ્રની હોરાઓ શ્રેષ્ઠ. સાંજે ૧૬-૪૭ થી ૧૮-૧૫ ચલ ચોઘડિયું અને ગુરૂની હોરા શ્રેષ્ઠ લક્ષ્મીદાયક. નવા વર્ષના અને માર્ચ એન્ડના ચોપડા નોંધવવા તેમજ લાવવા માટે ઉત્તમ સમય છે. સોનું, ચાંદી, ઝવેરાત ખરીદવા માટે ઉત્તમ તથા સિદ્ધયંત્રોની સ્થાપના - પૂજા માટે ઉત્તમ દિવસ.

ધનતેરસ - ધનપૂજા - ઈન્દ્ર - કુબેર - લક્ષ્મી પૂજન

આસો વદ-૧૩ મંગળવાર તા.૧૭-૧૦-૨૦૧૭. સમય સવારે ૮-૩૮ થી ૧૩-૫૧ ચલ, લાભ, અમૃત ચોઘડિયા શ્રેષ્ઠ, શુક્ર, બુધ, ચંદ્ર અને ગુરૂની હોરા ઉત્તમ તેમજ વિજય અભિજીત મુહૂર્ત સમન્વિત ઉત્તમ સમય ધનલાભકર્તા. બપોરે ૧૫-૧૮ થી ૧૮-૩૮ શુક્ર, બુધ અને ચંદ્રની હોરા તેમજ શુભ ચોઘડિયું લક્ષ્મીવૃધ્ધિકર્તા. રાત્રે ૧૯-૩૮ થી ૨૧-૧૮ બળવાન ગુરૂની હોરા ધનવૃધ્ધિકર્તા. લાભ ચોઘડિયું શ્રૈષ્ઠ ધનવર્ષાદાયક, રાત્રે ૨૨-૫૨ થી ૨૭-૩૨ શુભ-અમૃત-ચલ ચોઘડિયા, શુક્ર, બુધ, ચંદ્ર અને ગુરૂની હોરા શ્રેષ્ઠ લક્ષ્મીવર્ધક, આ સમયમાં મહાલક્ષ્મી-ધનપૂજન તથા વૈધો અને ડોક્ટરોએ શ્રી ધન્વંતરિ ભગવાન અને શ્રી અશ્વિનીકુમારનું પૂજન કરવું, ધનપૂજા, શ્રીયંત્ર,કુબેરયંત્ર અથવા કનકધારા યંત્રનું પૂજન કરવું અથવા નવા યંત્રો સ્થાપન કરવા. લક્ષ્મીયંત્ર, શ્રીયંત્રની પૂજા માટે શ્રેષ્ઠ જેઓને ચોપડા લાવવાના બાકી હોય તેમણે આજના દિવસે ઉપરોક્ત સમયમાં ચોપડા લાવવા. સાનું-ચાંદી-રત્નોની ખરીદી અને શ્રીયંત્ર, કનકધારા યંત્ર, કુબેરયંત્રની પૂજા કરવી તેમજ નવા યંત્રોની પ્રતિષ્ઠા કરવા માટે ઉત્તમ વેળા છે.

ધનતેરસ-કાળીચૌદશ અને દિવાળી ત્રણ દિવસ અહર્નિશ અખંડ જ્યોત કરી માતાજીની સોળશોપચાર પૂજનપૂર્વક સ્થાપના કરી, નિત્ય ભોગ-આરતી ઈત્યાદિ કરવા તથા ઉપરોક્ત મંત્રની ઓછામાં ઓછી ત્રણ-ત્રણ માળા સવાર-સાંજ કરવાથી ધન-ધાન્યની વૃધ્ધિ થાય છે. વ્યાપારમાં દિન-પ્રતિદિન પ્રગતિ થાય છે.

કાળી ચૌદશ નરક ચતુર્દશી(કાલી, ભૈરવ, હનુમાન, પૂજન, મશીનરી પૂજન)

આસો વદ-૧૪ બુધવાર તા.૧૮-૧૦-૨૦૧૭ આજે કાળીચૌદશની રાત જેમાં મહાકાલી, ભૈરવ, હનુમાન, નરસિંહ, ઘંટાકર્ણ મહાવીર, માણિભદ્રવીર, નાકોડા ભૈરવ તથા સમસ્ત વીર-પીર તમામ રક્ષક દેવોની મહાપૂજા અને આરાધના કરવાની આધિ, વ્યાધિ, ઉપાધિ અને નડતરો દુર થાય છે. આ દિવસે મશીનરી યંત્રની મહાપૂજા કરવી. આજે સવારે ૮:૦૮ થી રાત્રિપર્યંત ચતુર્દશી ઉપાસના, ઉગ્રદેવોની આરાધના કરવી સિધ્ધપ્રદ ગણાય.

દિવાળી-શારદા-ચોપડા પૂજન

આસો વદ-૦)) ગુરૂવાર તા.૧૯-૧૦-૨૦૧૭

(૧) સવારે ૦૬-૩૯ થી ૦૮-૪૯ ઉત્તમ તુલા લગ્ન, બુધ-ગુરૂ કેન્દ્રમાં, શુભ ચોઘડિયું અને ગુરૂની હોરા શ્રેષ્ઠ.(કર્ક, વૃશ્ચિક, અને મીન સિવાય)

(૨) સવારે ૮-૪૯ થી ૧૧-૦૫ સ્થિર વૃશ્ચિક લગ્ન, શુક્ર, બુધની હોરા શ્રેષ્ઠ તેમજ ચલ ચોઘડિયાનો આરંભ.(મેષ, સિંહ અને ધન સિવાય)

(૩) બપોરે ૧૧-૦૫ થી ૧૩-૧૦ ધન લગ્ન. લગ્ન હોરા, કેન્દ્રમાં ચંદ્ર-શુક્ર યોગકર્તા. લાભ ચોઘડિયું, વિજય અભિજીત મુહૂર્ત, ગુરૂની હોરાનો ઉત્તરાર્ધ ઉત્તમ, શુભ ચોઘડિયું (વૃષભ, કન્યા અને મકર સિવાય)

(૪) બપોરે ૧૧-૧૦ થી ૧૪-૫૭ મકર લગ્ન, બુધ, ગુરૂ કેન્દ્રમાં તથા ચંદ્ર-શુક્ર ત્રિકોણમાં યોગકર્તા, ગુરૂની હોરા, અમૃત ચોઘડિયું શ્રેષ્ઠ (મિથુન, તુલા અને કુંભ સિવાય).

(૫) બપોરે ૧૪:૫૭ થી ૧૬:૩૦ સ્થિર કુંભ લગ્ન, ત્રિકોણમાં બુધ-ગુરૂ યોગકર્તા, ગુરૂની હોરા બળવાન.(કર્ક, વૃશ્ચિક અને મીન સિવાય).

(૬) બપોરે ૧૬-૩૦ થી ૧૮-૦૧ મીન લગ્ન ચંદ્ર-મંગળ-શુક્ર કેન્દ્રમાં યોગકર્તા, શુક્ર-બુધની હોરાઓ શ્રેષ્ઠ, શુભ ચોઘડિયું ઉત્તમ. (મેષ, સિંહ અને ધન સિવાય).

(૭) સાંજે ૧૮-૦૧ થી ૧૯-૪૧ મેષ લગ્ન, બુધ-ગુરૂ કેન્દ્રમાં, બુધ-ચંદ્રની હોરા, અમૃત ચોઘડિયું ઉત્તમ. ગોધુલી વેળા ઉત્તમ.(વૃષભ, કન્યા અને મકર)

(૮) સાંજે ૧૯-૪૧ થી ૨૧-૩૯ બળવાન સ્થિર વૃષભ લગ્ન. ચંદ્ર-શુક્ર ત્રિકોણમાં યોગકારક, ગુરૂની હોરા અને ચલ ચોઘડિયું(મિથુન, તુલા અને કુંભ સિવાય)

(૯) રાત્રે ૨૩-૫૩ થી ૨૬-૦૮ કર્ક લગ્ન. શુક્ર, બુધની હોરા ઉત્તમ, લાભ ચોઘડિયું શ્રેષ્ઠ.(મેષ, સિંહ અને ધન સિવાય)

(૧૦) રાત્રે ૨૬-૦૮ થી ૨૮-૨૦ બળવાન સ્થિર સિંહ લગ્ન. શુભ ચોઘડિયું અને ચંદ્રની હોરા ઉત્તમ.(વૃષભ, કન્યા અને મકર સિવાય)

(૧૧) રાત્રે ૨૮-૨૦ થી ૩૦-૩૦ કન્યા લગ્ન. અમૃત ચોઘડિયું ઉત્તમ બ્રાહ્ય મુહૂર્ત શ્રેષ્ઠ.(તૃલા, કુંભ અને મિથુન સિવાય)

વિ.સંવત ૨૦૭૪ નવા વર્ષે પેઢી ખોલવાનું મુહૂર્ત

(૧)વિક્રમ સંવત ૨૦૭૪ સૌમ્ય નામ સંવત્સર કારતક સુદ-૧ શુક્રવાર તા.૨૦-૧૦-૨૦૧૭ ચિત્રા-સ્વાતિ સમન્વય. સમયઃ સવારે ૦૬-૪૦ થી ૧૦-૫૮ ચલ, લાભ અને અમૃત ચોઘડિયા ઉત્તમ, શુક્ર, બુધ, ચંદ્ર અને ગુરૂની હોરા શ્રેષ્ઠ. સવારે ૧૨-૦૦ થી ૧૩-૫૦ વિજય અભિજીત મુહૂર્ત અને શુભ ચોઘડિયાનો સમન્વય શ્રેષ્ઠ, નવા વર્ષે પેઢી ખોલવી, કાંટાપૂજન, તિજોરી, ધનભંડાર પૂજન કરવું તથા ચોપડામાં મિતિ દોરવી. આ નવા વર્ષનું સર્વશ્રેષ્ઠ મુહૂર્ત છે.

(૨) કારતક સુદ-૨ શનિવાર, સ્વાતિ નક્ષત્ર, તા.૨૧-૧૦-૨૦૧૭ સવારે ૦૭-૪૦ થી ૦૯-૩૨ ગુરૂની હોરા, શુભ ચોઘડિયું અને સિધ્ધિયોગ શ્રેષ્ઠ. બપોરે ૧૨-૦૧ થી ૧૨-૪૮ વિજય અભિજીત મુહૂર્ત, શુક્ર ચંદ્રની હોરા શ્રેષ્ઠ.

(૩) કારતક સુદ-૫ બુધવાર, તા.૨૫-૧૦-૨૦૧૭ લાભપાંચમ, જ્ઞાનપંચમી, સમય સવારે ૦૬-૪૨ થી ૯-૩૨ લાભ અને અમૃત ચોઘડિયા ઉત્તમ. બુધ-ચંદ્રની હોરા ઉત્તમ. સવારે ૧૦-૫૮ થી ૧૨-૨૩ શુભ ચોઘડિયું શ્રૈષ્ઠ.

(૪) કારતક સુદ-૭ શુક્રવાર, તા.૨૭-૧૦-૨૦૧૭ સવારે ૦૬-૪૩ થી ૧૦-૫૮ ચલ, લાભ અને અમૃત ચોઘડિયા, શુક્ર, બુધ, ચંદ્ર અને ગુરૂની હોરા શ્રેષ્ઠ. સવારે ૧૧-૫૯ થી ૧૩-૪૮ વિજય અભિજીત સમન્વિત શુભ ચોઘડિયાનો યોગ ઉત્તમ.

(૫) કારતક સુદ-૧૦ સોમવાર, તા.૩૦-૧૦-૨૦૧૭ સવારે ૦૬-૪૪ થી ૦૮-૦૮ ચંદ્ર હોરાની સાથે અમૃત ચોઘડિયું ઉત્તમ. રવિયોગ બળવાન. સવારે ૯-૩૩ થી ૧૦-૫૮ શુભ ચોઘડિયું, બપોરે ૧૧-૫૯ થી ૧૩-૪૪ વિજય અભિજીત સમન્વિત શુક્ર-બુધની હોરા ઉત્તમ.

(૬) કારતક સુદ-૧૩ ગુરૂવાર, તા.૦૨-૧૧-૨૦૧૭ સવારે ૦૬-૪૪ થી ૦૮-૧૦ શુભ ચોઘડિયું અને ગુરૂની હોરા શ્રેષ્ઠ, સ્થિરયોગ-રવિયોગ ઉત્તમ. સવારે ૧૦-૫૮ થી ૧૩-૪૭ બુધ, ચંદ્રની હોરા, ચલ-લાભ ચોઘડિયા તેમજ સ્થિરયોગ અને રવિયોગ બળવાન.

**શાસ્ત્રી રઘુનાથજી ચુનીલાલ(જ્યોતિષાચાર્ય-શિલ્પ-વાસ્તુ વિશારદ)**
**ગાયત્રી પંચાગ કાર્યાલય ૧૧,અવની ટાવર, નવરંગપુરા, અમદાવાદ**
**૧. ફોનઃ૨૬૪૪૦૫૯૪.**




# વાંકા દાત નિયમિત સાફ ન કરવાથી પાયોરિયાનું જોખમ

સામાન્ય રીતે ૭ વર્ષથી ૧૨ વર્ષની ઉંમર વચ્ચે બાળકોના દૂધના દાંત પડી જતા હોય છે અને તે સ્થાન પર પાકા દાંત આવતા હોય છે, પણ ઘણી વખત આ ઉંમર દરમિયાન દાંતનું સમયસર ડેવલપમેન્ટ ન થવાને કારણે પણ દાંત વાંકા આવતા હોય છે. વાંકાચૂકા દાંત ધરાવતા લોકો માટે દાંતમાં સડો અને પાયોરિયા થવાની શક્યતા ખુબ વધારે હોય છે. તેથી આવા લોકો માટે નિયમિત દાંતની તપાસ કરાવતા રહેવું જરૂરી હોય છે. આવા દર્દીઓ બ્રશ કરે ત્યારે દાંતના પેઢા સુધી બ્રશ પહોચતું નથી, તેના કારણે દાંતમાં છારી જામતી હોય છે અને વર્ષો સુધી જામતી છારીના કારણે ત્યાં સડો થવાની શરૂઆત થતી હોય છે. ત્યારબાદ મોઢામાંથી દુર્ગંધ આવવી, દાંતમાં રસી થવી, દાંત હલી જવા જેવી સમસ્યાઓ ઉદભવતી હોય છે. આ સડો દાંતના પેઢામાંથી હાડકા સુધી પણ પહોંચી શક્તો હોય છે. વાંકાચૂકા દાંત ધરાવતી વ્યક્તિને ખોરાક ચાવવામાં તકલીફ પડી શકે છે. ખાસ કરીને આવી વ્યક્તિ દાંત વ્યવસ્થિત ન હોવાને કારણે લોકો સાથે વાત કરવામાં શરમ અનુભવતા હોય છે અને લોકો સાથે વાત કરવામાં ખચકાતા હોય છે. જડબામાં તકલીફ હોય તો વ્યક્તિને સ્પિચનો પણ પ્રોબ્લમ થતો હોય છે. વાંકાચૂકા દાંત ધરાવતી વ્યક્તિએ દાંતમાં સડો ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

અનુસંધાન પાના નં.૬ ઉપર



# શીળસ રોગની દવાઓ

**હોમીયોપેથીક એક સરળઉપાર** — **ડૉ. જગદીશ ધોળકીયા**

**જીજ્ઞાસુ મિત્રો,**

શીળસ (એલરજી) એ ઘણો જ જટીલ રોગ છે. એક વાર ખુજલી આવવાનું શરૂ કરે અને આખા શરીરે લાલ લાલ ચકામા કે ધાધર થાય છે. તે કોઈપણ દવા લેવાથી ટેમ્પરરી રાહત થાય છે પણ દવાનો પાવર જાય કે તુરંત જ પાછું થાય છે. અમારી પાસે લોકો પાંચ વર્ષ, દશક વર્ષ કે પંદર વર્ષથી 'શીળસ'થી પીડાતા લોકો આવે છે. આજે આપણે વર્ષોથી શીળસથી પીડાતા લોકોને હોમિયોપેથીક દવાથી સંપૂર્ણ રાહત થયાના કિસ્સાઓ જાણીશું.

શીળસ (એલરજી) : એ પિત્તજન્ય રોગ છે. તેમાં પણ શ્રાવણ, ભાદરવો, આસો અને કારતક મહિનામાં પીત્તનો પ્રકોપ વધી જાય છે. જે લોકો ખાટી વસ્તુ જેવી કે ટમેટાં, આંબલી, કોકમ, દહીં, છાશ, શ્રીખંડ વિગેરેનું આ ચાર મહીનામાં ખોરાકમાં લે છે તેમને પિત્ત, શીળસ એસીડીટી વિગેરે થવાના ચાન્સ વધી જાય છે. તથા આ ચાર મહીના દરમ્યાન રાત્રે ખટાશ લેવામાં આવે તો તંદુરસ્ત માણસોને પીત્તનો પ્રકોપ થઈ શકે છે.

૧.રસપ્રદ કિસ્સો : સિદ્ધપુર તાલુકાના ભુરીબેન ઉ.વ.૬૦ ને આજથી આઠ વર્ષ પહેલાં શરીરમાં ખંજવાળ આવવા લાગી. માથા ઉપર પિત્ત ચડવા લાગ્યું, સવારે ઉઠતાંવેંત માથું ભારે થાય, જેમ જેમ તડકો ઉપર ચડે એટલે કે મધ્યાહન થાય ત્યારે માથું ભયંકર દુઃખવા લાગે, સાંજે સંધ્યાકાળ પછી માથાના દુઃખાવામાં રાહત થાય. એટલું જ નહીં, બપોરના બાર વાગ્યા બાદ ઉબકા આવે તથા ઉલટી થાય, ઉલટી થયા બાદ રાહત થાય.

પણ સમય જતાં માથાનો દુઃખાવો ઉલટી, એસીડીટીનો સાથે શરીરમાં ખંજવાળ આવવાની શરૂ થઈ ખંજવાળવાથી શરીરમાં લાલ ચકામા કે ધ્રાફડ થવા લાગ્યા, શરીરમાં સોટી વાગવાથી જેમ સોળ ઉત્પન્ન થાય તેમ શરીરમાં લાલ લીલા સોળ જ્યાં ઉભરાવા લાગ્યા તેમણે અમદાવાદમાં સ્પેશ્યાલીસ્ટને બતાવવા લોહી વિગેરે પરીક્ષણોની એક જ દિવસમાં વીસ હજાર રૂપિયા થયા અને પાંચ વર્ષ દવાનો કોર્ષ કરતાં લે એટલે આઠ કલાક રાહત રહે, નવમી કલાકે પાછી ખંજવાળને ધ્રાફડ શરૂ થઈ જાય, અમારા જુના દર્દીની ભલામણથી તેઓ અમારી પાસે આવતાં એક મહીનામાં જે ધ્રાફડ ને લાલ ચકામા થતા હતા તથા સોજો આવતો હતો તે બંધ થયું. પછી ધીરે ધીરે બીજા મહીને ખંજવાળ ઓછી થવા લાગી. જે દરરોજ ખંજવાળ આવતાં તે હોમિયોપેથીક દવા લેવાથી દર ચાર દિવસે ખંજવાળ આવતી પણ અમારી દવાથી તેની તીવ્રતા ઓછી થવા લાગી. શરૂઆતમાં સોજા ઓછા થયા, ખંજવાળ બંધ થઈ અને લાલ ચકામા થતા હતા તે પણ બંધ થયા અને હવે સંપૂર્ણ સારૂં છે.

રસપ્રદ કિસ્સો નં.૨ રાજસ્થાનના કોટી શહેરના પ્રખ્યાત સર્જન ડૉ.નીરજભાઈની સુપુત્રી છ વર્ષથી 'શીળસ' (એલર્જી)ની તકલીફ હતી. તેઓએ રાજસ્થાનના સુપર સ્પેશ્યાલીસ્ટોની દવાઓ લીધી પણ આરામ થવાના બદલે શીળસનો રોગ વધવા લાગ્યો. આખો દિવસ ખંજવાળ આવે, લાલ ચકામા થાય તેમજ સોજો આવે. તેમના સંબંધી દાંતીવાડા એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાં પ્રોફેસર હોઈ તેઓએ ડૉ. નીરજભાઈને અમારી સલાહ માટે ભલામણ કરી. આજથી બે મહીના પહેલાં કેસ હિસ્ટરી લેતાં છ વર્ષ જુનો રોગ હોઈ ધીરજ તેમજ વિશ્વાસથી હોમિયોપેથીક દવા લેવા અમે સલાહ આપી. એક મહીના બાદ તેઓએ કોન્ટેકટ કરતાં અમને પણ આશ્ચર્ય થયું કે શરૂઆતના પંદર દિવસમાં જે દરરોજ ખુજલી તથા લાલ ચકામા થતા તથા વિલાયતી દવાથી ફકત ચારથી છ કલાક રાહત થતી તે અમારી દવા શરૂ કર્યા બાદ ચારથી છ દિવસ સુધી ખંજવાળ લાલ ચકામા થતા બંધ રહેતાં હતા. ખંજવાળ છ દિવસ સુધી આવતી ન હતી. એક મહીનામાં ફકત પાંચથી છ વાર શીળસ થયું તથા તેની તીવ્રતા ખુબ જ ઓછી થઈ ગયેલ. બીજા મહીનાની દવા મોકલી છે તેનાથી રાહત એ થઈ કે હવે દશમે દિવસે ઓછી માત્રામાં તથા ઓછા સમય માટે શીળસ દેખાય છે બાકી સીત્તેરથી એંસી ટકા રાહત થઈ છે. ભવ્યાને આરામ થતા સર્જન ડૉ. નીરજભાઈના ધર્મપત્ની નીલમબેનને

અનુસંધાન પાના નં.૬ ઉપર

# સોરાયસીસ- સમજણથી સારવાર

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

ચામડી નો વર્ણ જેનાથી બગડે છે તેને કુષ્ઠ કહેછે. આયુર્વેદ માં કુષ્ઠ વિષે...

મહાકુષ્ઠ, લઘુકુષ્ઠ, ક્ષુદ્રરોગો. જેવા મુખ્ય પ્રકાર પડ્યા છે. તમામ પ્રકાર ના ચામડી ના રોગો માં મટાડવા માં મુશ્કેલ મનાતોસોરાયસીસ રોગને અમે વૈદ્યો અનુભવ થી .. રોગ ની પ્રથમ અવસ્થા હોય તો કીટીભ નામ નો ક્ષુદ્રરોગ, તેથી વધીને બીજીસ્થીતિ માં એક કુષ્ઠ નામનો લુઘુ કુષ્ઠ અને ના મટી શકે તેવો ઘણો જ વધી ગયેલ હોય તેવી છેલ્લી સ્થિતિ ને મંડલ કુષ્ઠનામનો મહાકુષ્ઠ રોગ કહેછે. આ સોરાયસીસ રોગ જેટલો શરીર છે તેટલો જ માનસિક પણ છે તેથી તેને મટાડવા ની યોગ્યસમજણ આવે, તો તે સાવ સહેલો થઈ જાય છે.શરીર ની સાત ધાતુઓ માં રોગ જેટલી વધુ ધાતુ બગાડે તેટલો તે મટાડવો મુશ્કેલ બને છે. સામાન્ય ખંજવાળ હોય તો રસ ધાતુ બગડી તેમ સમજવું. ચામડી નો રંગ બદલાય ને લાલાશ આવે એટલે રક્ત ધાતુ બગડી, ચામડી ઉપસી જાય, સંન્ય સોજા આવે, ભીંગડા વળે એટલે માંસ ધાતુ બગડી અને ચામડી ઉખાડે, સફેદ ફોતરી ઉખડે, લોહી કે પરુ નો સ્ત્રાવ પણ ક્યારેક દેખાય, ગોળ- ગોળ ચકામાં દેખાય અને તે ચકામાં એક બીજા સાથે ભળી જાય એટલે મેદ ધાતુ બગડી તેમ સમજવું. આ ધાતુઓ નો બગાડ થી શરીર ની સાથે મન ઉપર પણ તેટલી જ અસર થાયછે.

**રોગ થવા નું કારણ:** જેમ બધી નદીઓ નું પાણી છેવટે દરિયામાં જાયછે તેમ કોઈપણ ચામડી નો રોગ મટે નહિતેટલે સોરાયસીસ માં પરિણમે છે. નમક અને ગળ્યું, ખાટુ વધુ ખાવા ની ટેવ, જંકફૂડ, દહીં, ડુંગળી ને રાત્રે ખાવાની ટેવ, દૂધ ની સાથે દહીં , ખટાશ કે ફળ ખાવાથી સામાન્ય રીતે ચામડીના રોગો થાય છે. અનેક દર્દીઓની સારવાર પછી એમ કહી શકું કે ક્યારેક માત્ર માનસિક સારવાર કરવા થી પણ સોરાયસીસ મટી ગયા છે. એટલેકે માનસિક ચિંતા , વિચારો ને કારણે પણ લોહી બગડે છે. અને માનસિક સ્વસ્થતા થી , પ્રાણાયામ અને શવાસન નિયમિત કરવાથી ચામડી ના રોગો મટી જાય છે. એટલું જ નહિ તેથી I. B. જી – ઝાડા, થાક, અશક્તિ ને ગભરામણ જેવા રોગો પણ મટી જાયછે.

**સારવાર :**

ગોમૂત્ર, પંચગવ્ય ઘૃત, જટામાંસી, અશ્વગંધા, સર્પગંધા, બ્રાહ્મી જેવા માનસિક તાકાત આપનારાઔષધો નિષ્ણાત વૈદ્ય ના માર્ગદર્શન થી લઈ શકાય.

**ઘૃત:** સોરાયસીસ ને મટાડવા જેટલી જરૂર પથ્યાપથ્યની, મનોબળ વધારવાની છે તેટલી જ જરૂર ઔષધ યુક્તઘીની છે. લીમડો, અરડુસી, લીમડા ની ગળો, પરવળ, ભોય રિંગણી જેવા કડવા ઔષધોને ગાયના ઘીમાં સિદ્ધ કરી ને તૈયાર કરેલ ઘી પંચકર્મ વૈદ્યના માર્ગદર્શન થી લેવું.

હવે જમાનો આયુર્વેદના વૈદ્યોના અથાક પ્રયત્નોથી બદલાયો છે કે લોકોની ઘી પ્રત્યેની સૂગ રહી નથી.અમારા ચરક ઋષિ એ તો તમામ રોગો ની સારવારમાં ઘી આપવાનું કહ્યું છે અને તેથી જ આયુર્વેદથી એક વખત મટેલો રોગ ફરી ફરી ને થતો નથી.

આજે સામાન્ય સમજણ છે કે સોરાયસીસ મટતો નથી. તેવું માનનારા ખોટા પણ નથી કારણકે દ્રવ્ય ઔષધ નીસાથે મનોબળ પણ વધે તેવી સારવાર આપવી જોઈએ તે સામાન્ય લોકોને ખબર જ નથી ને...

**પંચકર્મ :**

પંચકર્મ ના પ્રયોગો થી આ રોગ મટે જ મટે. શરીર માં રહેલા દોષ, ઝેર, કચરોને વામન, વિરેચનનાપ્રયોગ થી બહાર કાઢી ને નવજીવન આપવાનું તથા ઝાડા- ઉલટી કરાવ્યા વિના પણ બધી જ ધાતુઓ ને શુદ્ધ કરીને વધારવાનું કામ બસ્તિકર્મ દ્વારા – પંચકર્મ દ્વારા સરળતાથી સંપૂર્ણ રોગમુક્ત કરવાનો આયુર્વેદ નો આ અનોખો પ્રયોગ છે.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# બાળકો સામે વધી રહેલ દુષ્કર્મ, અત્યાચાર તેમજ હત્યાની ઘટનાઓ સમાજ માટે ખતરારૂપ



ભારત એ સૌથી વધુ યુવાની ધરાવતો દેશ છે. ૪૦% આબાદી ૧૫ વર્ષ થી ઓછી ઉમરની છે. પૂરી દુનિયાના ૧૫ વર્ષથી ઓછી આયુષના ૨૬% લોકો ભારતમાં છે અને એટલેજ ભારત એક યુવાન દેશ છે અને બાળકોએ દેશનું ભવિષ્ય પણ છે. પરંતુ દેશની આ ૪૦% આબાદી પર વધતા જતા દુષ્કર્મ, અત્યાચાર તેમજ હત્યા ના પ્રમાણ થી સમાજ ખાસ કરીને માં-બાપ આજે ભય નાં વાતાવરણ માં છે. બાળક સ્કૂલ, રમવાના સ્થળે, અડોસ-પડોસ માં અરે કદાચ ઘરમાં પણ સલામત નથી રહ્યું જે અતિ ગંભીર બાબત છે તેમજ સમાજ વ્યવસ્થા સામે મોટો પડકાર છે. જે સ્થળો મા શારદાના મંદિર ગણાય છે, જ્યાં તેમનામાં સંસ્કારનું સિંચન થતું હોય છે, જ્યાં તેમના ભવિષ્યનું નિર્માણ થતું હોય છે તે સ્થળો પણ હવે અભડાયા છે. ગુરુગ્રામ (ગુડગાવ) ની ઘટનાએ સમગ્ર સમાજને હચમચાવી મુક્યો છે. શાળાના વોશરૂમ માં ગળું કપાયેલી હાલતમાં મળેલા ધોરણ ૨ના વિદ્યાર્થી સાથે પહેલા દુષ્કર્મ નો નિષ્ફળ પ્રયાસ જે છેવટે હત્યામાં પરિણમ્યો તે એક સમાજની વિષમ પરિસ્થીતી નો વરવો ચિતાર રજુ કરે છે. જે સંદર્ભે શાળાના બસના ડ્રાઈવર, કન્ડકટર સહિત ૧૦ જેટલા લોકોની ધરપકડ થયા બાદ તેમના ઉપર કાયદાકિય કાર્યવાહી છતાં માં-બાપ સમક્ષ એક યક્ષ પ્રશ્ન મુકિદે છે કે બાળકોને સ્કુલમાં મોકલવા એ કેટલું સલામત છે? એવોજ એક બીજો કિસ્સો હાલે હરિયાણામાં ફરીદાબાદનાં સીકરી ગામની એક શાળાનાં ધોરણ ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પર સૂસ્ત્રી વિરુદ્ધનું કૃત્ય આચર્યા બાદ તેની હત્યા કરી નખાઈ જેની લાશ ૧૦ દિવસ બાદ મળી અને જેમાં પડોશિજ શંકાસ્પદ આરોપી તરીકે જણાયો, સમાજમાં કુમળા બાળકો સામેના આવા અનેક કિસ્સાઓ સામે આવે છે ત્યારે સમગ્ર સમાજમાં એક ભયનું વાતાવરણ પ્રસરી જાય છે. આવા કિસ્સાઓનું પ્રમાણ ચિંતાજનાક રીતે વધી રહયુ છે જે દર્શાવે છેકે સમાજમાં નેતિક મૂલ્યોનું અધપતન થઈ રહ્યું છે. ખરેખર જવાબદારી કોની થાય છે?

સોશ્યલ નેટર્વકિંગ સાઈટ, પોર્ન સાઈટ, પોર્ન લિટરેચર વગેરેની સહેલાઈથી ઉપલબ્ધિ કે પછી સમાજમાં વધતું રહેલું સ્ટ્રેસ નું પ્રમાણ. જવાબદાર કારણો કદાચ ગમેતે હોય, પરંતુ એક પરિવાર પોતાનું લાડકવાયુ સન્તાન ગુમાવે છે, સમાજીક સોહાર્દાતા પણ જોખમાય છે અને સોથી વધુ કે માં-બાપો અત્યારે ચીન્તાગ્રસ્ત છે, કુમળા બાળકને કયા શબ્દો માં સમજ આપવિકે "બેટા પોતાની સલામતી પોતેજ રાખવી પડશે, કોઈના અસાહજિક સ્પર્શને ઓળખાતા કયા શબ્દોમાં સમજ આપી શકાશે?". કાયદા મુજબ બાળક સ્કુલમાં હોય ત્યારથી લઈને તે સહીસલામત તેના વાલી સુધી નાં પહોચે ત્યાં સુધીની તમામ જવાબદારી સ્કુલ સત્તાધીશોની બને છે. ફક્ત નફો કમાવવો એ અંતિમ ધ્યેય ના હોવું જોઈએ, નીતિમત્તાના ધોરણો પણ જળવાવવા જોઈએ.

કાનુની જોગાવાઈઓ સખત છે. ભારતીય ફોજદારી કાયદા ની કલમ ૩૭૭ મુજબ દસ વર્ષ થી આજીવન કેદ અને હત્યાની ઘટનાઓમાં ફાંસી સુધીની સજા છે.,

નવો કાયદો Protection of Children from Sexual Offence Act, ૨૦૧૨ (POCSO) પણ અમલમાં આવેલ છે. કાયદાઓની આપને ત્યાં ખોટ નથી પરંતુ કદાચ તેનો ડર ઘટી રહ્યો છે. સમાજમાં નૈતીક મૂલ્યોનું પતન થઈ રહ્યું છે.

સમાજે ખુદ આવી ઘટનાઓ સામે લાલ આંખ કરવી પડશે, શાળાઓ ફક્ત નફો રળવાનું માધ્યમ ન બનતા

તેમને પોતાનું ઉત્તરદાયિત્વ સમજી અને બાળકોને સુરક્ષા પ્રદાન કરવી પડશે જેથી કરીને આવી ઘટનાઓ નિવારી શકાય અને બાળકો તેમજ માં-બાપ ભયમુક્ત બને.

**ડૉ. ડિમ્પલ ટી. રાવલ**
**હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ લો, રક્ષા શક્તિ યુનીવર્સિટી, અમદાવાદ**

# ભાષાવાદ-પ્રાંતવાદ દેશને ખોખલો કરે છે

**મન બિલોરી કાચ** — **મંજુ પ્રજાપતી**

દેશમાં જ એટલા બધા પડકારો અને શત્રુઓ વધી ગયા છે કે હવે વિદેશી શત્રુઓ અને પડકારોની કોઈ જરૂર જ નથી દેખાતી.!

એક લાકડી તોડવી આસાન બની શકે પરંતુ દસ લાકડીનો ભારો તોડવો અશક્ય બની જાય છે, એવી ગુરૂ શિષ્યની વાતો આજના પ્રવર્તમાન સમયમાં ભારત દેશને બરોબર લાગુ પડે છે, આ સંદેશો ખરેખર પ્રસ્તુત બની રહે છે.

છેલ્લા થોડા સમયથી ફરી એક વખત ગુજરાતના પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં ભાષાવાદ અને પ્રાંતવાદના ભૂતને રાજ- કારણીઓ ધુણાવી રહ્યા છે, પોતાનો રોટલો શેકવા હાલી નીકળેલા આ થર્ડ કલાસ(સોરી કલાસ વગરના) રાજકીય નેતાઓ આમ જનતામાં વર્ગ વિગ્રહ પેદા કરાવી રાષ્ટ્રદ્રોહ કરી રહ્યા છે, જેમાં સૌથી મોટી કરૂણા એ વાતની છે કે આપણા રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સંવાદિતા જાળવી રાખવાની જેમની જવાબદારી બને છે એ કેન્દ્ર સરકાર અને ન્યાયતંત્ર આ મુદ્દે આંખ આડા કાન કરી રહેલ છે.

જાહેર હિતનો પ્રશ્ન ઉપસ્થિત થતો હોય તેવા સંજોગોમાં જ્યારે રાજ્ય કે કેન્દ્ર સરકાર માત્રને માત્ર મતના રાજકારણ માટે નમાલાપણું પ્રદર્શીત કરે ત્યારે શું ન્યાયતંત્રની એ જવાબદારી નથી બની જતી કે તે સુઆમોટો કાર્યવાહી હાથ ધરે ?

શું આપણો દેશ અને દેશવાસીઓ કાંઈ રાજકીય પક્ષોના હિત પોષવાના સાધન છે ભાઈ ? માત્ર પક્ષીય વિચારધારા.પક્ષીય સિધ્ધાંતો અને પક્ષીય નીતિ રીતિને જ વફાદાર રહેતા રાજકીય પક્ષો શાસનરૂપી રાજગાદી સુધી પહોંચવા માંગતા હોય તો તેમના સિધ્ધાંતો, વિચારધારા અને નીતિ રીતિમાં નાગરિક હિત જ સર્વોપરી બની રહે. અને એ પણ ફરજિયાત ધોરણે એવું ઠરાવવામાં આવતું નથી એમ શા માટે ભલા ? કોઈ રાજકીય પક્ષને ધરાર કોઈ બોલાવતું નથી,પ્રજા સુખ શાંતિ ને પ્રગતિ ઈચ્છે છે, રાજકારણીઓના પાપે ઉભી થતી અધોગતિ તો નહીં જ.

દેશનું શાસન ચલાવવા માટે રાજકીય પક્ષોને કોઈ નાગરિક સામે ચાલીને બોલાવવા કે આમંત્રણ આપવા જતો નથી કે પરાણે પરાણે બળજબરી પૂર્વક ફરજ પણ નથી પાડતો, આ વાત હવે ધીમે ધીમે રાજકીય પક્ષો સમજે તો કેવું સારૂ ?

છેલ્લા થોડા દિવસોથી મહારાષ્ટ્રના લોકોમાં ભાષાવાદની લાગણી ભડકાવવાનો હીન અને ઉતરતીકક્ષાનો પ્રયાસ થઈ રહ્યો છે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાનો પ્રમુખ રાજઠાકરે જાણે કે રાજ્યના પિતા બની ચૂક્યો હોય એવી રીતે બેફામ બનીને ગૂંડાગર્દી આચરી રહ્યા છે ને તેની પાર્ટીના કાર્યકરો, સોરી..સોરી.. ગુંડાઆએ મહારાષ્ટ્રમાં અન્ય રાજ્યોના પરપ્રાંતીય ભારતીય નાગરીકો ઉપર કાળો કહેર વર્તાવી દીધો છે,અરે તાજેતરમાં જ કોંગ્રેસ અને એન.સી.પી.ની મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં હવેથી ટેકસી ડ્રાઈવરે લાયસન્સમેળવવા મરાઠી ભાષા જાણવી શિખવી અને બોલવી ફરજીયાત બનાવી સમગ્ર દેશને જબરદસ્ત આંચકો આપ્યો છે.

અત્યાર સુધી રાજઠાકરેની હરકતો અને બેફામ વાણી વિલાસ વિરૂદ્ધ ઉગ્ર રોષ પ્રગટ કરનારા કોગ્રેસ અને એન.સી.પી. ના નેતાઓ પોતે પણ હવે રાજઠાકરેની જ પંગતમાં બેસી ગયા છે, રાજ્ય સરકારની આ પ્રકારની

અનુસંધાન પાના નં.૬ ઉપર

# હાડકાં ગળવાની તકલીફો આજકાલ કેમ વધી ગઈ છે?

**આરોગ્ય સંહીતા**

હાડકાં નબળા પડવાની આ બીમારીને કારણે મલ્ટિપલ ફ્રેક્ચર થવાની શક્યતા વધે છે જેને કારણે વ્યક્તિની હાઈટ પર પણ અસર થાય છે વાંકી વળું તો મારી કેડ નમી જાય, નીચી નમું તો મારી ડોક દુખી જાય... ગીતમાં નાયિકા લાડ લડાવવા માટે ભલે આમ કહેતી હોય, પણ આજના સમયમાં સુવિધાઓ વધી જવાથી યુવતીઓમાં ખરેખર આ તકલીફો વધી ગઈ છે. અગાઉ ૮૦ વર્ષે પણ દાદીને હાડકાંની કોઈ તકલીફ નહોતી થતી, પણ આજે તો ૩૦થી ૪૦ની વયમાં સ્ત્રીઓ ઓસ્ટિયોપોરોસિસ નામના હાડકાં નબળાં પડવાના રોગનો શિકાર બની રહી છે. ઓસ્ટિયોપોરોસિસ એટલે શું? હાડકાંની ડેન્સિટી એટલે કે હાડકાંમાંનું મટીરિયલ કે જે હાડકાંની સ્ટ્રેંગ્થ છે, એ જેટલું વધારે એટલી હાડકાંની તાકાત વધુ અને એ ઓછી થઈ જાય તો હાડકાં ગળે અને નબળાં પડે. હાડકાંની ડેન્સિટીને બનાવી રાખવા કેલ્શિયમ અને હોર્મોન્સ જરૂરી છે. સામાન્ય રીતે ૫૦ વર્ષ પછી હાડકાંની ડેન્સિટી એક ટકો ઘટે છે, પરંતુ હવે નાની વયમાં જ આ તકલીફ થવા લાગે છે. હાડકાની ડેન્સિટી કેટલી હોવી જોઈએ એનો એક ચાર્ટ ઉંમરને ધ્યાનમાં લઈને દુનિયાના લાખો લોકો પરથી તૈયાર કરવામાં આવ્યો છે. એ મુજબ હાડકાંની ડેન્સિટી ૨.૫ કે તેથી ઓછી હોય તો ઓસ્ટિયોપોરોસિસ થયો છે એમ કહેવાય જે સ્ત્રીઓને જ વધુ થાય છે.

**આ રોગ કેવી તકલીફ કરે?**

અનુસંધાન પાના નં.૬ ઉપર

# મનનું કરો અતિક્રમણ.. તેની પેલે પાર છે... પરમાનંદ જ પરમાનંદ...!

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

તે જ પરમ શાંતિ સ્વરૂપ પરમ આત્મતત્વ છે.

જેટલા તેની નજીક જઈશું તેટલો જ જીવનનો બોજ અછો થતો જશે અથવા વિપરીત રીતે પણ જેટલો બોજો ઓછો કરતા જઈશું એટલા આપણે 'તેની નજીક પહોંચીશું' તેનામય બની જઈશું. મન મોટી મુશ્કેલી છે, મહામુસીબત છે,અને ખરેખર તે સહેજે ઉપયોગી ન થાય તો કંઈ નહીં, પરંતુ તે માત્ર નુકશાન થતું અટકાવે કે પછી મુશ્કેલીઓ ઉભી ન કરે તો પણ તે સારૂં ઘણું છે. તેની પાસેથી માત્ર એટલી જ અપેક્ષા રાખવી જોઈએ.

મન ભલે હાજર હોય તેનાથી કંઈ પ્રશ્ન ઉભો થતો નથી પણ જ્યારે તે પ્રયત્નશીલ બનવા લાગે છે ત્યારે બધી જ મુશ્કેલીઓ શરૂ થાય છે.. અપ્રયત્નશીલ મન દ્વારા જે કંઈ થાય તે સહજ રીતે થયું તેમ કહેવાય અને આ સહજતાનો કોઈ પ્રયત્ન ન હોઈ તે મન બિલકુલ તણાવરહીત અવસ્થામાં હોય છે. બધું જ સ્વયંભુ થાય છે, આપણે આગળ જોયું કે,જેમ પ્રકૃતિ, સમગ્ર સૃષ્ટીમાં સઘળું આપમેળે થાય છે તો પછી તે સમગ્ર ઘટના સંપુર્ણ તણાવશૂન્ય બની જાય છે.હવે કર્તા હાજર નથી હોતો અને કર્તા હાજર ન હોય તો હવે ચિંતા કરશે કોણ ? મનના કોઈપણ જાતના પ્રયત્નો, એક તો ક્રીયાને સંપુર્ણ અને શ્રેષ્ઠ રીતે થવા દેતા નથી. કારણ કે તે જસમયે તે પ્રયત્નો દ્વારા આગોતરા પાછોતરાના આયોજનના વિચારોમાં ખોવાઈ જાય છે. એટલે આ ક્ષણની પ્રક્રિયા પરથી ધ્યાનના સમગ્ર કે તેના મોટા ભાગને પોતે શોષી લે છે.તેથી વર્તમાન ક્ષણની ક્રિયાની ગુણવત્તા બગાડે છે. વળી અધુરામાં પુરૂં તે ચિંતા વિચારોને બોનસરૂપે જન્માવે છે અને તણાવ વધારી દે છે. આમ સહજતા એ શ્રેષ્ઠતાનો અને હું ઉંડી શાંતિ કે આનંદનો પર્યાયવાચક છે. એક નાનકડા ટાપુ પર ત્રણ સંતો રહેતા હતા. તેઓ ગામઠી અને ભોળા હતા.**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# મોઢાની દુર્ગંધ દૂર કરતા ૫ પ્રાકૃતિક માઉથ ફ્રેશનર

**આરોગ્ય**

તીવ્ર દુર્ગંધવાળી વસ્તુઓ ખાવાથી તુરંત જ મોઢામાં વાસ આવવા લાગે છે જે લાંબા સમય સુધી મોઢામાંથી જતી નથી. આવામાં આપણે કોઈ સારા માઉથ ફ્રેશનરનો સહારો લઈએ છીએ. પણ શું તમે જાણો છો કે બજારમાં મળતા તૈયાર માઉથ ફ્રેશનરથી તમને નુકસાન પણ થઈ શકે છે? આવામાં આ નુકસાનથી બચવા માટે તમે કેટલાંક પ્રાકૃતિક માઉથ ફ્રેશનરની મદદ લઈ શકો છો, જેનાથી તમને કોઈ સાઈડ ઈફેક્ટ પણ નહીં થાય. **આ છે પ્રાકૃતિક માઉથ ફ્રેશનર -**

**૧. ઈલાયચી** - ભોજન બાદ, તમે એક ઈલાયચી દાણો ખાઈ શકો છો અને તેને લાંબા સમયના રૂપમાં ૨૦ મિનિટ માટે શ્વાસની વાસ ભગાડવા માટે ચાવી શકો છો.

**૨. કોથમીરના પાંદડા** - ભોજન બાદ દુર્ગંધ દૂર કરવા માટે તમે તાજા કોથમીરના પાંદડા ચાવીને ખાઈ શકો છો.

૩. લવિંગ - તે ભોજનમાં સ્વાદ વધારવા માટે વપરાય છે જેને આપણે શરદી અને તાવ ભગાડવા માટે પણ પ્રયોગમાં લઈએ છીએ. આનાથી તમે મોઢાની વાસને પણ ભગાડી શકો છો અને જો ગળામાં દર્દ છે તો તે પણ આનાથી જતો રહેશે.

**૪. ફુદીનાના પાન** - આ પાંદડા એક પ્રાકૃતિક માઉથ ફ્રેશનર છે જે મોઢાની ગંધનો ઈલાજ કરી શકે છે.

**૫. વરિયાળી** - આની સુગંધ બહુ તેજ હોય છે. આવામાં તમે થોડી ખાશો તો પણ તે ફાયદો કરશે. સાથે તે લાંબા સમય સુધી કાર્ય કરવામાં પણ સક્ષમ હોય છે.

**૬. દ્રાક્ષ** - આના સ્વાસ્થ્ય પ્રત્યેના મોટા મોટા ગુણો તો તમે સાંભળ્યા જ હશે પણ શું તમને એ માલુમ છે કે તે ખાવાથી મોઢામાં દુર્ગંધ નથી આવતી. તો હવે પછી જ્યારે પણ તમે કોઈ ફળ ખરીદવા જાઓ તો દ્રાક્ષ લેવાનું ન ભૂલશો.

**૭. જામફળ** - આ ફળ અને તેના બીજ મોઢાની સમસ્યાને દૂર કરવામાં બહુ કારગર હોય છે. આ સાથે જામફળના પાંદડામાં પણ એટલી શક્તિ હોય છે કે તે તમારા પેટને પણ સાજુ રાખે અને મોઢાની દુર્ગંધને દૂર કરે.

## હોમીયોપેથીક

### અનુસંધાન ૫ નુ ચાલુ...

વાળ ખરવાની સમસ્યા જોઈ તેમણે પણ અમારી સારવાર શરૂ કરી છે. આમ હોમિયોપેથીક સારવારમાં જે લોકો શ્રદ્ધા, વિશ્વાસ તેમજ ધીરજથી લે છે તેમને સંપુર્ણ સારૂં થાય છે..રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

## મન બિલોરી કાચ

### અનુસંધાન ૫ નુ ચાલુ...

શાસન નીતિ રીતિથી રાજઠાકરે જેવા પ્રજાદ્રોહીને વિશેષ પ્રોત્સાહન અને બળ મળશે, શું કેન્દ્ર સરકાર હવે આ મામલે કશું વિચારી શકશે ખરી ? કેમ કે કોગ્રેસ-એન.સી.પી.તો કેન્દ્રની યુપીએ સરકારના જ ભાગીદાર છે, મહારાષ્ટ્ર સરકાર સામે કેન્દ્ર કોઈ પગલા લઈ શકે તેવી સંભાવના જણાતી નથી.

છેલ્લા કેટલાક વરસોથી આપણો દેશ સ્થાનિક ઘરેલું ઉપરાંત આંતરરાષ્ટ્રીય ત્રાસવાદ સહિતના અનેક વિધ પડકારોનો સામનો કરી રહ્યા છે,આ એવો સમય અને પડકાર છે,કે જેનો મુકાબલો કરવાનું કોઈ એકલ દોકલ વ્યક્તિની ત્રેવડ બહારની વાત છે, આવી સમસ્યાઓનો સામનો તો સરકાર અને પ્રજા સાથે મળીને કરે તો જ સંભવ બને, અન્યથા નહીં.. જ..'

જો રાજકારણીઓની કારમી મહેરબાનીના પાપે આપણો દેશ પ્રાંતવાદ અને ભાષાવાદના ભયાનક ભરડામાં સપડાઈને કટકે કટકામાં વહેંચાઈ જશે તો તેની એકતારૂપી તાકાતનું પણ વિભાજન થઈ જશે જે આપણા દેશની અખંડિતતા સામે મોટો પડકાર સર્જી દેશે. એક એવી છાપ વિશ્વમાં પ્રવર્તી રહી છે કે આપણું ન્યાયતંત્ર પરનો વિશ્વના કેટલાક સારા ન્યાયતંત્રોમાં સ્થાન મેળવવા જઈ રહ્યું છે કેટલાક કિસ્સાઓમાં જાણીતી હસ્તિઓ વિરૂધ્ધ થયેલી કોર્ટ કાર્યવાહીએ નાગરીકોનો ન્યાયતંત્ર ભરોસો અને આસ્થા ટકાવી રાખવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે.

આજે આપણા દેશવાસીઓ ન્યાયતંત્ર પાસેથી એવી અપેક્ષા રાખે છે કે રાજઠાકરે જેવા નમૂનાઓ અને દલાલો જેવા રાજકારણીઓને કારણે દેશની એકતા સામે જોખમ ઉભું થતું હોય ત્યારે થોડી જાગૃતિ દાખવી આવા નઠારા તત્વોને સબક શીખવે,સુપ્રિમ કોર્ટ સૂઓમોટો રીટ દાખલ કરી ભાષવાદ, પ્રાંતવાદ કે પછી મોંઘવારી ભડકે તેવા નિવેદનો અને વહીવટ કરનારા તેમજ ભ્રષ્ટાચારથી દેશને ખોખલો કરી રહેલા હરામખોરો સામે શક્ય તેટલી કડક કાર્યવાહી કરી સખત સજા ફટકારવામાં આવે તેવો પ્રયાસ કરે.

આ તકે એટલી ટકોર કરવાનું મન જરૂરથી થાય છે કે વિદેશી અને દેશદ્રોહી દુશ્મનો આજે ટાપીને બેઠા છે, ભારતને નુકશાન પહોંચાડવા ભારતમાં રાજઠાકરે જેવા દ્રોહીઓ ખદબદી રહ્યા હોય ત્યારે દેશને વિદેશી દુશ્મનોની જરૂર જ ક્યાં છે ?

**- મંજુ પ્રજાપતિ**

## આરોગ્ય સંહીતા

### અનુસંધાન ૫ નુ ચાલુ...

થાક ખૂબ લાગે, શરીરમાં તાકાત જ નથી રહી એવું લાગે, દાદરા ચડવા-ઉતરવામાં થાકી જવાય, નાની વાતમાં ફ્રેક્ચર થઈ જાય, કમરમાં દુ:ખાવો રહ્યાં કરે, શરીરના બીજા ભાગો પણ દુખ્યા કરે. આગળ ઝૂકીને ચાલવું પડે, કમર વાંકી વળી જાય. એ થવાનું કારણ? ઓસ્ટિયોપોરોસિસ થવાનાં બે મુખ્ય કારણ છે. હોર્મોનલ અસંતુલન અને કેલ્શિયમની કમી. હાડકાંની મજબૂતી માટે શરીરને પૂરતું કેલ્શિયમ મળવું જરૂરી છે. શરીરમાંથી કેલ્શિયમ ઘટવા લાગે તો શરીરને જરૂરી કેલ્શિયમ હાડકાંથી વપરાતાં હાડકાં નબળાં પડવા લાગે છે. સ્ત્રીઓમાં મેનોપોઝ સમયે એસ્ટ્રોજન નામના હોર્મોનનું પ્રમાણ ઘટે છે. કેટલીક સ્ત્રીઓમાં કોઈક કારણસર ગર્ભાશય નકામું થઈ જાય છે અથવા તો કાઢી નાખવું પડે છે ત્યારે ઓસ્ટ્રોજન ઘટે છે. ઉંમર વધવા સાથે હાડકાંની ડેન્સિટી વરસે એક ટકો ઘટે છે. માએ ગર્ભાવસ્થામાં પૂરતું પોષણ ન લીધું હોય અને પૂરતી એક્સરસાઈઝ ન કરી હોય તો બાળકમાં વિટામિન્સની કમી સર્જાય છે. આવા બાળકોમાં નાની વયે ઓસ્ટિયોપોરોસિસ થવાની સંભાવના વધી જાય છે. ઓસ્ટિયોપોરોસિસનાં બીજ આમ જન્મથી જ રોપાયાં હોય છે. તકેદારી અને સારવાર ઓસ્ટિયોપોરોસિસની તકલીફની શરૂઆત થાય એ પછી જો તરત જ સારવાર શરૂ કરી દેવામાં આવે તો થનારા ડેમેજની સ્પીડ અટકાવી જરૂર શકાય. ઓસ્ટિયોપોરોસિસમાં કેલ્શિયમ અને હોર્મોનનું પ્રમાણ માપસર કરવા માટે હોર્મોન થેરપી, એનાબોલિક, સ્ટીરોઈડ, ઈસ્ટ્રોજન, સ્ટીમ્યુલેશન મોડયુલેશન જેવી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. દર્દીએ પ્રોટીન અને કેલ્શિયમ વધુ હોય એવો ખોરાક જરૂર પડે તો એની સપ્લીમેન્ટ્સ લેવી જોઈએ. ગર્ભવતી સ્ત્રીઓએ પોતાના આહારમાં પ્રોટીને અને કેલ્શિયમ અને કેલ્શિયમનું પ્રમાણ વધારે રાખવું જોઈએ. દૂધ, કઠોળ, ઘી, મિલ્ક પ્રોડક્ટ્સ વધુ લેવા.

**ઓસ્ટિયોપોરોસિસ થતો રોકવા શું કરશો?**

ઓસ્ટિયોપોરોસિસ થતો અટકાવવા તમે ૫૦ વર્ષે કે એ થાય ત્યારે જાગો એ ન ચાલે. પોતાના બાળકને ઓસ્ટિયોપોરોસિસ થતો અટકાવવા માએ બાળક ગર્ભમાં હોય ત્યારથી જ કાળજી લેવાની જરૂર છે. વિટામિન ડી, પ્રોટીન, જરૂરી વિટામિનો અને પ્રોપર ન્યુટ્રિશન્સ લેવાં અને યોગ્ય કસરત કરવી જરૂરી છે. જો બાળકોમાં વિટામિન ડેફિશિયન્સી હશે તો તે ઊભું રહેવાનું શરૂ કરશે ત્યારે જો તેના હાડકાં નબળાં હશે તો પગ વાંકા થવા લાગશે એટલું જ નહીં, મોટા થયા પછી તેને ઓસ્ટિયોપોરોસિસ થઈ શકે છે. ઓસ્ટિયોપોરોસિસ ન થાય એ માટે બાળકો સતત ટીવી જોતાં કે ઘરમાં ન બેસી રહે એ જોવું જોઈએ. બાળકોના શરીરને બરાબર કસરત મળવી જોઈએ. એ માટે તેમને ઘરની બહાર ઊછળકૂદ કરવા અને રમવા મોકલવા જોઈએ. તેમની સ્કૂલબેગ તેમને જ ઉપાડવા દેવી જોઈએ. તેમને દોડવા દેવા જોઈએ. દાદર ચડવા દેવા જોઈએ. અગાઉ સ્ત્રીઓ ઘરનાં કામ જાતે કરતી હતી. દળણાં દળતી હતી, પાણી ભરતી હતી તેથી શરીરને પૂરતી કસરત મળતી હોવાથી હાડકાં મજબૂત રહેતાં હતાં. એસી ઓફિસોમાં અને બંધ ઘરમાં રહેતી સ્ત્રીઓને સૂર્યપ્રકાશ મળતો જ નથી જે વિટામિન ડીનો મુખ્ય અને કુદરતી સ્ત્રોત છે. કસરત થાય એવા કામ મશીનો કરે છે અને સ્ત્રીઓને જિમમાં જઈ કસરત કરવાનો સમય નથી મળી રહ્યો. આજે જે લાઈફસ્ટાઈલ છે એમાં બધી બાજુથી શરીરને તોડતા જઈએ છીએ. જે લાઈફસ્ટાઈલ આપણે અપનાવી છે એની કિંમત આપણે આજે ચૂકવી રહ્યાં છીએ.

## માનસ..

### અનુસંધાન ૫ નુ ચાલુ...

તેમનામાં નરવી સહજતા હતી.અને તેમની આ સહજતા સાથેબાલસહજ નિર્દોષતા હતી. ટાપુ પરના લોકોને તેમના પ્રત્યે ભક્તિભાવ હતો. અનેકલોકો તેમનાં દર્શને આવતા. એક વાર બહારથી એક વહાણમાં કેટલાક લોકો આ ટાપુની મુલાકાતે આવ્યા. તેમાં એક પંડીતજી અને તેમની સાથે તેમના બે શિષ્યો પણ હતા. પંડીતજીએ આ ત્રણ સંતો અને તેમના ભકતોને જોયા. આટલા બધા ભકતો જોઈ પંડીતજીના મનમાં ઈર્ષા જાગી. જ્યારે ભકતોની ભીડ ઓછી થઈ ત્યાં આ પંડીતજીઅને તેમના બે શીષ્યોની ત્રિપુટી સંતો પાસે પહોંચી ગઈ. અને તેમના પ્લાન મુજબ પેલા શીષ્યોએ પંડીતના વખાણ કરતાં કહ્યું, તેઓ યોગ પંડીત છે અને શાસ્ત્રજ્ઞ છે. તેમનું જ્ઞાન અતિ વિશાળ અને ઊંડુ છે.

આ સાંભળી પેલા ત્રણ સંતો તો તેમના પંડીત પગમાં પડી ગયા અને તેમને કંઈક ઉપદેશ આપવા કહ્યું, પંડીતજી તો રાજી થઈ ગયા. તેમનો અહંકાર સંતોષાતાં જ તેમણે થોડીક મીનીટો માટે આ સંતોને તેમનું પોપટીયું જ્ઞાન સંભળાવ્યું અને છેલ્લે તેમણે સંતોને પુછ્યું, અમે કોઈ મંત્રોનું રટણ કરો છો કે નહીં ? સંતોએ હા પાડતાં કહ્યું, અમે પણ ત્રણ છીએ અને તમે પણ ત્રણ છો. એવો મંત્ર રોજ બોલીએ છીએ. પંડીતે કહ્યું આને તે વળી મંત્ર કહેવાય ? ચાલો હું તમને એક મંત્ર શીખવાડું.. એમ કહી તેમણેત્રણેને એક જમંત્ર શિખવાડીને રોજ રટવા માટે કહ્યું.

**ડૉ. પ્રવિણ પટેલ**

## દાંત

### અનુસંધાન ૫ નુ ચાલુ..

આવા વ્યક્તિઓએ નિયમિત દાંતની તપાસ કરાવતા રહેવું જોઈએ અને દિવસમાં બે વખત ખાસ બ્રશ કરવું જરૂરી છે. વાંકાચૂકા દાંતની સારવાર જેટલી નાની ઉંમરમાં આવે એટલું જ સારૃ પરિણામ મળી શકે છે. જ્યારે મોટી ઉંમરમાં સારવાર તો થઈ શકે છે, પરંતુ સારવાર માટેનો સમયગાળો વધી જતો હોય છે. દરેક વ્યક્તિ માટે વર્ષમાં એક વખત દાંતનું ચેકઅપ કરાવવું જરૃરી છે. ત્યારે સાત વર્ષના બાળકને પાકા દાંત આવવાની શરૃઆત થતી હોય છે. ત્યારે દાંતનું ચેકઅપ કરવું ખાસ જરૃરી છે. મેડિકલ સાયન્સની પ્રગતિના કારણે હવે મોટી ઉંમરની વ્યક્તિના પણ વાંકાચૂકા દાંતને સીધા કરી શકાય છે.

# ખૂબ ગુણકારી છે સંચળ, ઉપયોગ કરશો તો આ પરેશાનીઓ દૂર થશે

અમારા આરોગ્ય માટે કાળા સંચણ ખૂબ ગુણકારી હોય છે. જો અમે તેમનો યૂજ કરશો તો અમારા આરોગ્યના ઘણા લાભ મળશે .

★ દરરોજ સવારે ઉઠીને સંચણ કે સિંધાલોણ(સિંધાલૂણ )ને પાણીમાં મિક્સ કરીને પીવાથી બ્લ્ડ શુગર અને જાડાપણ વગેરેથી છુટકારો મળે છે.

★ સંચણમાં રહેલ ક્રોમિયમ અને સલ્ફર હોય છે. જે એક્નેથી લડવામાં સહાયતા કરે છે. તે સિવાય આ ત્વચાને કોમળ અને સાફ બનાવી રાખે છે.

★ તેમાં ખનિજ ભરપૂર માત્રામાં હોય છે. જે એંટી બેકટીરિયલનો કાર્ય કરે છે અને શરીરને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે.

★ જો તમે સંચણવાળું પાણી પીશો તો તેનાથી પાચન તંત્રને સ્વસ્થ કરીને શરીરની કોશીકાઓ સુધી પોષણ પહોંચાડે છે. જેનાથી જાડાપણ કંટ્રોલમાં કરી શકાય છે. મીઠું બોડીને ડિટાક્સ કરવાનું કાર્ય કરે છે. તેથી દરરોજ સવારે ઉઠીને મીઠાવાળું પાણીનું સેવન કરવું.

# ફક્ત અડધુ લીંબૂ કરી દેશે જાડાપણાને છૂમંતર, કરો આ રીતે ઉપયોગ

ઈફસ્ટાઈલમાં મોટાભાગના લોકો જાડાપણાથી પરેશાન થાય છે. જાડાપણા પાછળ અનેક કારણ હોઈ શકે છે. જેવી કે અનહેલ્ધી લાઈફસ્ટાઈલ. લોકો વજન ઓછુ કર્વા માટે અનેક રીત અપનાવે છે. કેટલાક ઘરેલુ ઉપાયથી પણ વજન ઓછુ કરી શકાય છે. લીંબૂ પણ વજન ઓછુ કરવામાં મદદરૂપ છે. તેમા રહેલા તત્વ બ્ડીનુ મેટાબોલિજમ વધારે છે. જેનાથી ઝડપથી વજન ઓછુ થાય છે. ફક્ત અડધા લીંબૂથી વજન ઓછુ કરી શકાય છે.

અંકુરિત લસણના ૫ ફાયદા જાણીને હેરાન થઈ જશો તમે
આ રીતે તૈયાર કરો ડ્રિંક

સૌ પહેલા લીંબૂને કાપી લો.. એક ગ્લાસમાં ગરમ પાણીમાં લીંબૂનો રસ નાખીને સારી રીતે મિક્સ કરો. હવે આ પાણીમાં અડધી ચમચી બેકિંગ સોડા મિક્સ કરો. ડ્રિંક તૈયાર છે. ખાલી પેટ આ ડ્રિંકને પીવાથી જલ્દી ફાયદો થાય છે. કુણા પાણીથી પેટ સારુ રહે છે. જેનાથી જલ્દીથી વજન ઓછુ થાય છે.

ખુશ થઈને ઉઠવું છે તો રાત્રે સૂતા સમયે આ વાતનું રાખો ધ્યાન

વજન ઓછુ કરવામાં આ ડ્રિંક્સ પણ છે મદદરૂપ

-લીંબૂ પાણીમાં મધ મિક્સ કરીને પીવાથી પણ વજન જલ્દી ઓછુ થાય છે. આ ઉપરાંત પેટ સંબંધિત બીમારીઓ દૂર થાય છે.

- આદુની ચા પણ ખૂબ મદદરૂપ છે. તેમા લીંબૂનો રસ મિક્સ પીવાથી પણ વેટ લૉસ થાય છે.

- ખીરાના રસમાં લીંબૂનો રસ મિક્સ પીવાથી જલ્દીથી વજન ઓછુ થશે.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :...................... પતિ/પિતા :......................
માતા : ......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..........................................................
સરનામુ : .........................................................
મોકલનારની સહી : ..............................................

**૯૦૦ પ્રતિ ...**

**પાના નં.૧ ચાલુ**

ટેકાના ભાવે ખરીદી હતી. ખેડૂતોને રૂપિયા ૧૭૫.૨૪ કરોડનો ફાયદો આ ટેકના ભાવે સરકાર ખરીદી કરતા થયો હતો. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આ વર્ષે અંદાજે ૩૨ લાખ મેટ્રિક ટન મગફળી થવાનો અંદાજ છે અને રાજ્ય સરકારે રૂપિયા ૯૦૦ પ્રતિમણના ભાવે ખરીદી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરતા ધરતીપુત્રોને અંદાજે રૂપિયા ૫૦૦ કરોડ જેટલી વધારાની રકમ મળવાની છે. રાજ્ય સરકાર અડદ, તુવેર, કપાસ વગદેરની પણ ટેકાના ભાવે ખરીદી કરવાની છે. ગત વર્ષ ૨૦૧૦૬-૧૭માં રૂપિયા ૮૮૫.૮૫ કરોડના ટેકાના ભાવે ૧.૭૫ મેટ્રિક ટન તુવેર ૯૨૬૭૬ ખેડૂતો પાસેથી ખરીદવામાં આવ્યા હતા પરિણામે રૂપિયા ૩૨.૬૬ કરોડનો ફાયદો ખેડૂતોને થયો હતો. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, ૨૦૧૬-૧૭ના વર્ષમાં મગફળીનો ટેકાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ ૪૨૨૦ હતો તે વધારીને આ વર્ષે ૪૫૦૦૦ કરવામાં આવ્યો છે. તૂવેરનો ભાવ રૂપિયા ૫૦૫૦ હતો તે રૂપિયા ૫૪૫૦, અડદના રૂપિયા ૫૦૦૦ના રૂપિયા ૫૪૦૦ અને મગના રૂપિયા ૫૨૨૫ના રૂપિયા ૫૫૭૫ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, આ વર્ષે સારા વરસાદ, ભેજવાળુ વાતાવરણ વગેરેને પરિણામે રાજ્યમાં ૩૨ લાખ મેટ્રિક ટન મગફળી, ૩.૨૧ લાખ મેટ્રિક ટન તુવેર, ૦.૬૪ લાખ મેટ્રિક ટન મગ અને ૦.૮૩ લાખ અડદ તેમજ ૭૩.૬૦ લાખ ગાંસડી કપાસના ઉત્પાદનનો અંદાજ છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ વિપુલ પાક ઉત્પાદન થવાથી બજારમાં ભાવો નીચા જાય અને ખેડૂતોને પોતાનું ઉત્પાદન સસ્તા ભાવે વેચવાની નોબત ન આવે અને તે માટે રાજ્ય સરકાર તેમને પડખે ઉભી છે અને ટેકાના ભાવે ખરીદીને ભાવોમાં માતબર વધારો જાહેર કર્યો છે. આ ખરીદી નાફેડ, ગ્રોફેડ, ગુજકોમાસોલ સહિતના ૧૦૬ કેન્દ્રો પરથી કરવામાં આવશે. કોઇ સાચો ખેડૂત વંચિત ન રહે, વચેટિયાઓનો ભોગ ન બને તે માટે ખેડૂતોનું રજિસ્ટ્રેશન ઓનલાઈન સોફટવેરથી કરાશે અને ખેડૂતોને એસએમએસથી જાણ પણ કરવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું. વિજય રૂપાણીએ જણાવ્યું કે, ખેડૂતોને આ નાણા સમયસર અને પારદર્શી પદ્ધતિએ મળી રહે એ માટે ખેડૂતના બેંક એકાઉન્ટમાં એક સપ્તાહમાં જમા આપી દેવાશે. ખેડૂતો પોતાના માલના વેચાણ માટે કેન્દ્રો પર આળે ત્યારે જમીન દસ્તાવે, ૭/૧૨, ૮-અ પોતાનો બેંક નબર, આધાર કાર્ડ નંબર વગેરે પણ રજૂ કરે તે આવશ્યક છે.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે આ નિર્ણયને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. રાજ્ય સરકારે બારદાન, સ્ટોરેજ, ગોડાઉન તથા માનવબળ તથા પરિવહન વગેરેનું આગોતરુ આયોજન પણ કર્યું છે. મુખ્યમંત્રીએ ધરતીપુત્રોના વિશાળ હિતમાં આ નિર્ણય લેવાના સંદર્ભમાં આયોજનની માહિતી આપી હતી.

**આજથી રાહુલનો ...**

**પાના નં.૧ ચાલુ**

રાહુલ ગાંધી માટે ખાસ તૈયાર કરાયેલી હાઈફાઈ અને અદ્યતન ટેકનોલોજીથી સજ્જ લક્ઝરી બસનો પણ ઉપયોગ થાય તેવી શકયતા છે. તા.૨૫મી સપ્ટેમ્બરે રાહુલ ગાંધી તેમની ચૂંટણી પ્રવાસની યાત્રાનો દ્વારકા ખાતે દ્વારકાધીશના દર્શન કરી પ્રારંભ કરશે. જયાં કલ્યાણપુર, ભાટિયા અને ખંભાળિયામાં લોકોને મળશે. ત્યારબાદ જામનગર પહોંચશે, જયાં વિશાળ રો-શોનું આયોજન કરવામાં આવ્યું છે. અહીં ચાંદીબજારમાં રાહુલ ગાંધી સ્થાનિક વેપારીઓ અને સમાજના અગ્રણીઓ સાથે વાર્તાલાપ કરશે. તા.૨૫મીએ જામનગરમાં રાત્રિરોકાણ કર્યા બાદ તા.૨૬મીએ ધ્રોલ, લતીપુર થઇ તેઓ મોરબીના ટંકારા પહોંચશે. ટંકારામાં રાહુલ ગાંધી સ્થાનિક ખેડૂતોને સંબોધન કરશે. ત્યાંથી તેઓ સીધા રાજકોટ આવશે અને ત્યાં અલગ-અલગ વિસ્તારોમાં ફરશે. તા.૨૭મીએ તેઓ બામણબોર થઇ ચોટીલા જશે અને ત્યારબાદ જસદણ, આટકોટ થઇને વિરપુર જલારામ મંદિરે દર્શન કરી ત્યાંથી ખોડલધામ મંદિરે દર્શન કરી જેતપુરમાં જાહેરસભા સંબોધશે. દ્વારકાથી તેઓ જામનગર, રાજકોટ, ચોટીલા, સુરેન્દ્રનગર, વિરમગામ થઇ અમદાવાદમાં પ્રવાસની પૂર્ણાહુતિ કરશે. આ સમગ્ર ચૂંટણી પ્રવાસ દરમ્યાન રાહુલ ગાંધી ભાજપ સરકારની નિષ્ફળતાઓ, નોટબંધી, જીએસટી સહિતના મુદ્દાઓને પ્રજા સમક્ષ ઉજાગર કરશે અને કોંગ્રેસની સત્તા આવશે તો પ્રજાલક્ષી ખાસ કરીને ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને નાના તેમ જ લઘુઉદ્યોગને લગતી પ્રોત્સાહક નીતિઓ અમલમાં લાવશે તેની પ્રજાને હૈયાધારણ આપશે. રાહુલ ગાંધીના આ રોડ શો અને ચૂંટણી પ્રવાસને લઇને જ કોંગ્રેસ દ્વારા સૌપ્રથમવાર રાહુલ ગાંધી માટે વિશેષ હાઇફાઇ લક્ઝરી બસની વ્યવસ્થા કરવામાં આવી છે. રાહુલ ગાંધીના ચૂંટણી પ્રવાસ દરમ્યાન ખાસ પ્રકારે તૈયાર કરાયેલી આ હાઇફાઇ લક્ઝરી બસમાં સુરક્ષાને લઇને પણ વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. હાઇફાઇ લક્ઝરી બસની ફરતે ચારેબાજુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે કે જેથી બસની આસપાસ કે ફરતે થઇ રહેલી કોઇપણ શંકાસ્પદ ગતિવિધિ કે હિલચાલ પર નજર રાખી શકાય. ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠામાં પૂરપીડીતોની મુલાકાતે આવેલા રાહુલ ગાંધીની ગાડી પર ધાનેરામાં પથ્થર વડે હુમલો કરાયો હતો, જેના ઘેરા પ્રત્યાઘાતો પડયા હતા. જેથી આ વખતે કોંગ્રેસે હાઇફાઇ લક્ઝરી બસમાં લાઉડ સ્પીકર, સોફા, બેડ, લેપટોપ-ઇન્ટરનેટ સહિતની અદ્યતન સુવિધાઓની સાથે સાથે સીસીટીવી કેમેરા લગાવી સુરક્ષાના મુદ્દાને પણ ઘણો જ ગંભીરતાથી લીધો છે. રાહુલ ગાંધીના આ ચૂંટણી પ્રવાસની જવાબદારી કોંગ્રેસ દ્વારા પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જનુ મોઢવાડિયાને સોંપવામાં આવી છે.

**ભાભર નજીક ...**

**પાના નં.૧ ચાલુ**

લાશને ભાભર સી.એચ.સી.માં પી.એમ.અર્થે લાવવામાં આવતા બન્નેના સગાઓ મોટી સંખ્યામાં સી.એચ.સી.માં દોડી આવતાં રોકકળ મચી જતાં હૃદયદ્રાવક દૃશ્યો સર્જાયા હતા. જેના કારણે પંથકમાં અરેટારી મચી ગઈ હતી. ભાભર પોલીસે અકસ્માત ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

**ડીસાના ધનાવાડા ...**

**પાના નં.૧ ચાલુ**

જેથી રણજિતને ગંભીર ઇજા થતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ આજુબાજુ ના લોકોને થતા તુરંત ૧૦૮ મોબાઈલ વાન અને ડીસા તાલુકા પોલીસને જાણ કરી હતી. ૧૦૮ ઘટના સ્થળે પહોંચતા તેને મૃત જાહેર કર્યો હતો. રણજિત ગામનો આશાસ્પદ યુવક તેમજ તેના પરિવારનો મુખ્ય આધાર સ્તંભ હતો. તેના મોત થી પરિવારજનો પર જાને આભ તૂટી પડ્યું છે. ગામમાં ઘેરા શોકની લાગણી ફેલાઇ જવા પામી છે. ડીસા તાલુકા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**થરા શ્રી ઓગડ...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

અચરતલાલ ઠક્કર (ડિરે.ગૃહ ગ્રા.વિ.બોર્ડ) ભૂપતાજી ઠાકોર (નેકારીયા), દિનેશભાઈ પટેલ, માનદમંત્રી એમેચ્યોર કબડ્ડી ફેડરેશન ઓફ ઈન્ડિયા, બી.કે. પરમાર ઉપપ્રમુખ રાજય કબડ્ડી એસોસીયેશન, અમરસંગ ડી. પરમાર, પી.એસ.આઈ. થરા, જગમાલભાઈ જોષી શિક્ષકસંઘ-પ્રમુખ, ઈશ્વરભાઈ ઠક્કર(ટ્રસ્ટી-શિશુમંદિર), ડૉ.રાજેશ બ્રહ્મભટ્ટ (ડૉક્ટર સેલ), યશપાલસિંહ વાઘેલા, જશુભાઈ શાહ(નિવૃત્ત આચાર્ય) વડા સરપંચ સી.વી. ઠાકોર, સારાલાલ શાહ, ઉમેશ પ્રજાપતિ, અમરતજી કાકરેચા, કે.વી. ગોકલાણી, ગોપાલભાઈ જોષી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. ભાઈઓની ૧૪ અને બહેનોની ૧૧ ટીમોએ ભાગ લીધેલ. વિજેતા-૨૧૨ ટીમમાં ભાઈઓમાં સુરત ગ્રામ્ય અને બહેનોની તાપી જિલ્લા ટીમ વિજેતા જયારે રનરઅપમાં ભાઈઓની ભરૂચ અને બહેનોની કચ્છ ટીમ આવી હતી. બનાસકાંઠાની બહેનોની ટીમ ત્રીજા ક્રમે આવેલ. સમારંભના અધ્યક્ષ ધીરજકુમાર કે.શાહ તરફથી વિજેતા રનરઅપ ટીમને ટ્રોફી- શિલ્ડ એનાયત કરવામાં આવેલ. ત્યારે ચીનુલાલ ગુજારીયા, ધીરજભાઈ ઝવેરી સહિત શુભેચ્છકો ઉપસ્થિત રહી શુભકામના પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન જોરાભાઈ દેસાઈએ કરેલ. આભારવિધિ મંત્રી જીવણભાઈ જે. જોષીએ કરી હતી. ટુર્નામેન્ટને દાનવીર દાતાઓએ દાનની સરવાણી થકી પ્રોત્સાહિત કરેલ.

**કોંગ્રેસના જનવેદના...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ બી.કે.જોષી, તા.પં.ના પૂર્વ પ્રમુખ ભારતીબેન ચૌધરી, કેળવણી મંડળના, પ્રમુખ પ્રવિણસિંહજી વાઘેલા, લાખણી પ્રમુખ ધુડાભાઈ પટેલ તાલુકા પંચાયત સદસ્યો સેવંતીભાઈ ઠક્કર, રાજાભાઈ પટેલ, કે.ટી.રાજપુત, ભલજીભાઈ રાજપુત, જગમાલભાઈ પટેલ, રત્નાભાઈ દેસાઈ, શ્રવણભાઈ દવે કનુભાઈ પઢિયાર, રાજુભાઈ દેસાઈ, મગન પરમાર, નાનજીભાઈ પટેલ, વાઘાભાઈ જોષી, ડાયાભાઈ પટેલ, બળદેવ બારોટ, રમેશભાઈ ચૌધરી, ભુપતભાઈ સોની, અજાભાઈ રાજપુત, ભાવનાબેન ઠાકોર, દાંનાભાઈ પટેલ સહિત દિયોદર લાખણી તાલુકાના કોંગ્રેસના અગ્રણીઓ ઉપસ્થિત રહેલા.

**રવિયાણા ગામે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ત્યારે આ બાબતે સત્તાધીશો દ્વારા જો ૧૦ દિવ્સની અંદર ગટરલાઈન નાંખી આપવામાં નહી આવે તો તાલુકા મથકે વોર્ડ નં.૮ ના નાગરિકો દ્વારા ધરણાંથી માંડી ઉપવાસ આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

**જિલ્લાભરના કૃષિ ..**

**પાના નં ૮ ચાલુ**

અરજી કરવામાં આવેલી છે. તેવા ખેડુતોને યુજીવીસીએલ દ્વારા ૧૮૦ દિવસમાં નવા વિજ જોડાણ માટેના બોર બનાવી તમામ કાગળો આપવામાં જાણ કરી હતી. તેવા ખેડુતોને પણ વધુ ૯૦ દિવસથી છુટછાટ આપવામાં આવી છે. જેથી જે ખેડુતોને ૧૮૦ દિવસ પૂર્ણ થઈ ગયા હોય અને વિજ જોડાણથી વંચિત રહી ગયા હોય તેવા ખેડુતો ૯૦ દિવસ સુધી નવા વિજ જોડાણ માટે જિલ્લામાં આવી પડેલી આપત્તિના કારણે છુટ આપવામાં આવી છે.

**પાલનપુર શહેર ...**

**પાના નં ૮ ચાલુ**

દોરી સંચાર હોવાના ખુલ્લા આક્ષેપો થયા હતા. જોકે, પ્રમુખ આણી મંડળીના વિરોધની પરવા કર્યા વિના નવનિયુક્ત પ્રમુખ સુરેશ પટેલને સત્કારી તેઓને ચાર્જ પણ સોંપી દેવાયો હતો.

દરમિયાન, વધુ એક નાટકીય ઘટનાક્રમમાં પ્રદેશ કૉંગ્રેસે ફરી એકવાર શહેર કોંગ્રેસ પ્રમુખ સુરેશ પટેલની નિયુક્તિને હાલ પૂરતી સ્થગિત કરી હતી. જેને પગલે જુના પ્રમુખને પુનઃ શહેર પ્રમુખ પદે સ્થાપીત કરાયા હોવાના અહેવાલ મળ્યા છે. જોકે, પ્રમુખને પણ આગામી વિધાનસભાની ચૂંટણી સુધી ચાલુ રખાશે પછી ફેર વિચારણા કરાશે તેવા અહેવાલો વચ્ચે બનાસકાંઠામાં કૉંગ્રેસ ભૂલોની પરંપરા સર્જી પોતાની જ ઘોર ખોદી રહી હોવાની લાગણી ખુદ પક્ષના સંનિષ્ઠ કાર્યકરો વ્યક્ત કરી રહ્યા છે.

**દિયોદર વિધાનસભાની...**

**પાના નં ૮ ચાલુ**

રહ્યા છે. તો કોંગ્રેસ પણ પોતાનો ઉમેદવાર નક્કી કરવામાં કોઈ ઉતાવળ કરવા માગતી ન હોવાનું જણાઈ રહ્યું છે. દિયોદર વિધાનસભા વિસ્તારમાં હાલના સમયે કોંગ્રેસમાં નવો જુસ્સો જોવા મળી રહ્યો છે તેમાં પણ યુથ કોંગ્રેસ વધુ સક્રિય બની છે. અને લાખણી પંથકમાં તો કોંગ્રેસ દ્વારા સરકાર વિરુદ્ધ અનેક કાર્યક્રમો થઇ રહ્યા છે. તેમજ ગામેગામ મિટિંગો ભરાઇ રહી છે તથા પાર્ટીની વિચારસરણી પ્રમાણે આયાતી ઉમેદવારો તેમજ સિત્તેર વર્ષથી ઉપરના ઉમેદવારોને ટિકિટ મળવાની શક્યતા ઓછી હોવાની સંભાવના ને કારણે મોવડી મંડળ નવા ટિકિટ વાંચ્છુઓમાંથી દિયોદર વિધાનસભામાં યુવા અને ઉત્સાહી ઉમેદવાર ઉપર પસંદગીનો કળશ ઢોળાય તેવી શક્યતા જણાઈ રહી છે.

આવા સંજોગોમાં મતદારોની ચર્ચાને ધ્યાને લેવાય તો વર્ષોથી કોંગ્રેસના સક્રિય સભ્ય તરીકે કામ કરનાર અને દરેક સમાજને સાથે રાખી તન મન ધનથી સાથ આપનાર અને સ્થાનિક કોંગ્રેસમાં પણ સન્માનભર્યું સ્થાન ધરાવનાર ઉમેદવાર તરીકે લાખણી વિસ્તાર ના દેવાભાઇ વેનાજી પટેલનું નામ કોંગ્રેસના મોખરાના દાવેદાર તરીકે આગળ આવી રહ્યું છે. આ બાબતે દેવાભાઇનો સંપર્ક કરાતા તેમણે જણાવ્યું હતું કે પાર્ટી મને અથવા કોઇ પણ ઉમેદવારને ટિકિટ આપશે તેને વિજેતા બનાવવા અમારી ટીમ સખત મહેનત કરશે.

**બનાસકાંઠામાં બીજા...**

**પાના નં ૮ ચાલુ**

ભાજપ દ્વારા નિક્યુત નિરીક્ષકો અંજારના ધારાસભ્ય ડૉ.નિમાબેન આચાર્ય, સંગઠન ના સિનિયર સભ્યો હર્ષદગિરી ગોસ્વામી અને હર્ષદભાઈ પટેલે સાંભળી તેઓની પ્રતિક્રિયા જાણી હતી.

બીજા દિવસની સેન્સ લેવાની પ્રક્રિયા માં દાવેદારોની જાણે કતાર લાગી હતી. સૌથી વધુ પાલનપુર બેઠક માટે ૩૮ લોકોએ ટીકીટ ની માંગ કરતા ભારે ચર્ચા થઈ હતી.જ્યારે વડગામમાં પણ ૩૫ જણે દાવેદારી નોંધાવી હતી.વડગામ માં અને કાંકરેજ માં સ્થાનિક ઉમેદવારની માંગ નિરીક્ષકો સમક્ષ કરાઈ હતી.

**સુરતમાં દારૂની..**

**પાના નં.૧ ચાલુ**

પોલીસે ટીમ બનાવી ઘટના સ્થળે પહોંચી હતી. જેમાં ૧૧ મહિલા સહિત ૨૯ દારૂની મહેફિલ માણતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે ઘટના સ્થળેથી ૯ જેટલી હાઈબ્રાન્ડ દારૂની બોટલ પણ ઝડપી પાડી હતી. તમામ નબીરાઓની અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. ઝડપાયેલા નબીરાઓને ચેકઅપ માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતા નબીરાઓના પરિવાર જનો પોલીસ મથકે દોડી આવ્યા હતા. અને મામલાને લઈને ભીનું સંકેલવાના પ્રયાસો કર્યા હતા. હાલ સમગ્ર મામલે ખટોદરા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

**દેશના વિકાસમાં ...**

**પાના નં.૧ ચાલુ**

હતી અને કહ્યું હતું કે, બિલાલે દાલ સરોવરમાંથી એકલા ૧૨૦૦૦ કિલો કચરાની સફાઈ કરી છે. શ્રીનગર નગરનિગમ દ્વારા બિલાલને સફાઈના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાને લઇને પ્રસંશા કરી હતી. આકાશવાણી પરથી પ્રસારિત થતાં પોતાના કાર્યક્રમમાં તેમણે કહ્યું હતું કે, સ્વચ્છતા અભિયાન આંદોલન તરી-કે લોકો લઇ રહ્યા છે. સંકલ્પ સાથે લોકો આગળ વધી રહ્યા છે. સ્વચ્છતા હી સેવાના પખવાડિયા સાથે પ્રથમ ચાર દિવસમાં ૭૫ લાખ લોકો જોડાઇ ચુક્યા છે. સ્વચ્છતા અભિયાનમાં દરેક વ્યક્તિ યોગદાન આપવા ઈચ્છુક છે. ફિલ્મ કલાકારો, સ્કૂલ, કોલેજો, યુનિવર્સિટીઓ સાથે જોડાયેલા લોકો આગળ આવી રહ્યા છે. જાહેર સ્થળો ઉપર પણ દબાણ આવ્યું છે. ગાંધી જયંતિથી પહેલા ૧૫ દિવસ પહેલા દેશમાં સ્વચ્છતા અભિયાન સાથે લોકો વધુ જોડાશે તેવી આશા વ્યક્ત કરી હતી. વડાપ્રધાને કહ્યું હતું કે, ખાદી પ્રત્યે લોકોનો રસ દિન પ્રતિદિન વધી રહ્યો છે. ખાદીનો વધુ ઉપયોગ કરવા માટે કહેવામાં આવ્યા બાદ લોકો આને અપનાવી ચુક્યા છે. ખાદીના વેચાણમાં વધારો થઇ રહ્યો છે. ગરીબોના ઘરમાં રોજગારી પણ પહોંચી છે. બીજી ઓક્ટોબરથી ખાદીમાં છુટછાટ આપવામાં આવે છે.

**બનાસકાંઠા જિલ્લામાં ...**

**પાના નં ૮ ચાલુ**

લીધેલ. જે પરિવારજનોને ખબર પડતાં સમજાવેલ. દરમ્યાન બંન્ને યુવતીઓએ મૈત્રી કરાર મુજબ બંન્નેને સાથે રહેવા અને તેમને પોલીસ રક્ષણ પુરૂ પાડવા દાવો રજું કરતાં હાઈકોર્ટ દ્વારા પોલીસ રક્ષણ મળેલ. દરમ્યાન પરિવારજનોનો કહેવાય છે કે હેરાન ગતિ રહેતાં તેમણે બનાસકાંઠા જિલ્લા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને ફોન કરતાં મહિલા હેલ્પલાઈન દ્વારા દીઓદર પોલીસને જાણ કરી આ યુવતીઓને લાવી પાલનપુર નારી કેન્દ્રમાં લઈ જવામાં આવેલ.બંન્ને યુવતીઓ પૈકી દીપીકાના તો લગ્ન પણ થઈ ગયેલ છે.જોકે બંન્ને યુવતીઓએ જણાવેલ કે અમોને સંસારમાં રસ નથી.અમો બંન્ને સાથે રહેવામાં જ રસ ધરાવીએ છીએ. જો અમોને છુટા પાડવામાં આવશે તો અમો આપઘાત કરીશું.

અભયમ ટીમના જિનલબેન તથા ભગવતીબેન બંન્નેએ બંન્ને યુવતીના પરિવારજનોને સમજાવેલ કે બંન્ને યુવતીઓએ મૈત્રી કરાર કરી દીધા છે અને બંન્ને સાથે જ રહેવા સંમત છે તો તમે હવે વાતને ભુલી જાઓ અને સ્વીકારી લો....દરમ્યાન બંન્ને ભારતીના માતા-પિતા દીઓદર આવતાં પોતાની પુત્રીને ખૂબ જ સમજાવવા છતાં ન માનતાં તેઓ ચોંધાર આંસુએ રડી પડેલ.

હાલ બંન્ને યુવતીઓને પાલનપુર નારી કેન્દ્રમાં પોલીસ રક્ષણ હેઠળ મુકાયેલ છે. જિલ્લામાં સૌ પ્રથમ આવો કિસ્સો બનવા પામેલ છે. જેની ભાવિ અસરો કેવી પડશે તે સમય બતાવશે.

**મુખ્યમંત્રીની જાહેરાતને ...**

**પાના નં ૮ ચાલુ**

આલમ સહાયથી વંચિત રહેવા પામેલ છે. અને તેનો દોષ સરકાર ઉપર ઢાળી રહ્યો છે. ત્યારે ખેડૂત આલમ પુછી રહ્યો છે કે શું ૨૦૧૫ નું પુનરાવર્તન તો નહી થાય ને ?

એક તરફ વિધાનસભા ચૂંટણીના નગારા વાગી રહ્યા છે. ત્યારે સરકાર દ્વારા કરોડો રૂપિયાની સહાય જાહેર થયેલ છે. અને ફાળવાઈ છે ત્યારે અધિકારીઓ દ્વારા સહાયથી ખેડૂત આલમને વંચીત રાખવા પાછળનો આશય શું હશે ? જિલ્લાની નેતાગીરીએ આ બાબતે યોગ્ય તપાસ કરાવી ખેડૂતોને તાત્કાલિક સહાય મળે તેવી તજવીજ કરેવી જોઈએ.

## શંખલપુર ગામ ચોકમાં નવરાત્રિમાં છપ્પનભોગ મનોરથ કરાયો



ચાણસ્મા

પવિત્ર નવરાત્રિની રમઝટ જામી રહી છે. ત્યારે બહુચરાજી તાલુકાના શંખલપુર ગામે ગામચોક વચ્ચેની ગરબીમાં સ્વ.અમથારામ મનોરદાસ પટેલ પરિવાર દ્વારા છપ્પનભોગ મનોરથ કરવામાં આવ્યો હતો. બાદમાં મહાઆરતી કરવામાં આવી હતી.

## અખાણી પરિવાર દ્વારા ચંડી યજ્ઞ કરાયો



કમલ ચક્રવર્તી

રાધનપુર

આસો સુદ એકમથી શરુ થયેલ શારદીય નવરાત્રી પર્વ નિમિત્તે ભક્તો દ્વારા વિવિધ રીતે માં જગદમ્બાની પૂજા અર્ચના કરવામાં આવેછે, શ્રી અખાણી પરિવાર દ્વારા સમી ખાતે શ્રી ક્ષેત્રપાલ દાદા, શ્રી આશાપુરા મંદિર ખાતે વર્ષોથી નવરાત્રી પર્વ દરમ્યાન આસો સુદએકમથી આસો સુદ આઠમ સુધી યજ્ઞનું આયોજન કરવામાં આવે છે,આ વર્ષે પણ ચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે વિદ્વાન ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે માતાજીના યજ્ઞ દ્વારા પૂજા અર્ચના કરવામાં આવેલ.

## વડાલી-ખેડબ્રહ્મામાં પ્રથમ નોરતે વરસાદ પડતાં ખેલૈયાઓ નિરાશ

વડાલી

સાબરકાંઠાના વડાલી, ખેડબ્રહ્મા તાલુકામાં ગત ગુરૂવારે અસહ્ય ઉકળાટ બાદ મોડી સાંજે ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. જેમાં ખેડબ્રહ્મામાં એક ઈંચ જેટલો વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. નવરાત્રીના પ્રથમ નોરતાએ મેઘરાજાનું આગમન થતાં ખેલૈયાઓ નિરાશ થયા હતા.

સાબરકાંઠા જિલ્લામાં ગત રોજ બપોર પછી વાતાવરણમાં પલટો આવતાં વડાલી તાલુકા સહિત આસપાસના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. જેની જનજીવન પર માઠી અસર વર્તાઈ હતી.

## રણછોડપુરામાં માઈનોર કેનાલ તૂટતાં ખેતરોમાં પાણી ફરી વળ્યા

મહેસાણા

કડી તાલુકામાંથી પસાર થતી કચ્છ-સૌરાષ્ટ્રની મુખ્ય કેનાલમાંથી સબ કેનાલો દ્વારા તાલુકાના ગામડાઓમાં પાણી આપવામાં આવે છે. તે માટે માઈનોર કેનાલો બનાવવામાં આવી છે.

તેના નબળા બાંધકામથી વારંવાર તૂટવાના કિસ્સા બનતા જોવા મળે છે. ત્યારે રણછોડપુરા ગામની સીમમાં આવેલ માઈનોર કેનાલ તૂટતાં ૧૦ વીઘા જમીનમાં પાણી ફરી વળતાં વાવેતર નષ્ટ થયું હતું. ખેતરોની અંદર દોઢ ફુટ પાણી ભરાયા હતા.

અગાઉ પણ આ કેનાલના નબળા બાંધકામને લીધે વારંવાર તૂટવાની પ્રક્રિયાથી ખેડૂતો ત્રાસી ઉઠ્યા છે. તેમના પાકને નુકશાન થયું છે.

નર્મદા અધિકારીઓ દ્વારા જણાવેલ કે કેનાલ પર ગેટવેન હોવા છતાં આ ગેટ સુચના વિના કોણ ખોલી નાંખે છે, તેના કારણે વધુ પાણીનું પ્રેસર કેનાલ તૂટી જતી હોય છે.

## પ્રાંતિજમાં પરિણીતાના આપઘાતના બનાવમાં સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર

પ્રાંતિજ પોલીસના જણાવ્યા અનુસાર શહેરના રેલ્વે ફાટક નજીક રહેતા હિરલબા રણજીતસિંહ ઝાલાએ ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ત્યારબાદ હિરલબાના મોત અંગે તેના પિયર પક્ષના પરિવારજનોને જાણ થતાં તેઓ પણ પ્રાંતિજ ખાતે દોડી આવ્યા હતા.

જેમાં પાટણ ખાતેના ગોલાપુર ખાતે રહેતા પિયર પક્ષના કલુભા પ્રતાપસિંહ ઝાલાએ મૃતક હિરલાબાના સસરા રમેશસિંહ પુંજસિંહ ઝાલા, સાસુ લખુબા રમેશસિંહ ઝાલા, અને જેઠાણી ચેતનાબા નટવરસિંહ ઝાલા વિરૂધ્ધ ત્રાસ ગુજારી મરવા માટે મજબુર કરવા સુધીનું દુષ્પ્રેરણ કરાયા અંગે પ્રાંતિજ પોલીસમાં ગુરૂવારે ફરિયાદ નોંધવતા પોલીસે ચારે સાસરિયા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

## રાધનપુરમાં વિકાસ ડાહ્યો થયો, પાલિકા દ્વારા પાકા રસ્તાની કામગીરી પુરજોશમાં



કમલ ચક્રવર્તી

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેરમાં નાગરિકો ઉબડ-ખાબડ રસ્તાઓથી ત્રાહિમામ પોકારી ગયા હતા અને સોશ્યિલ મીડિયા ઉપર વિકાસ ગાંડો થયો છેએવી બૂમરેંગ ચાલી રહી હતી ત્યારે નગરપાલિકા દ્વારા દિવાળી પહેલા શહેરના મોટાભાગના રસ્તાઓને પાકા કરવાનું અભિયાનહાથ ધર્યું છે ત્યારે લોકોમાં હવે વિકાસ ડાહ્યો થયો હોવાની મજાકની આપ-લે થઇ રહી છે.છેલ્લા ત્રણ દિવસમાં એસ.ટી.સ્ટેન્ડ નજીકથી પારસનગર -ગ્રીનપાર્ક થઈને મીરાદારવાજા રોડનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે,જેનો ઉપયોગ શહેરના અનેક લોકો કરે છેતેમને ભંગાર રસ્તાથી છુટકારો મળશે, આ ઉપરાંત પછાત ગણાતા રવિધામ વિસ્તારમાં પણ રોડ પાકો તૈયાર થઇ ગયો છે, પાલિકાના બાંધકામ સમિતિના ચેરમેન શંકરભાઇ ઠાકોરના જણાવ્યા મુજબ હવે ઠાકોર વાસથી મંડાઈચોક સુધીના રોડનું કામ બે દિવસમાં ચાલુકરાશે, કોલેજ રોડનું કામ પણ ઝડપથી ચાલી રહ્યું છે, જે કોલેજના ખૂણાથી નેશનલ હાઈવે સુધી તૈયાર થઇ જતા ચાર સોસાયટીઓઉપરાંત ૪૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ઉપયોગી નીવડશે. ટાઉનપ્લાનિંગ કમિટીના ચેરમેન અંકુરભાઈ જોશીના જણાવ્યા મુજબ શહેરના મોટાભાગના રસ્તાઓ રૂ.૧૫ કરોડના ખર્ચે પાકા કરવામાં આવનાર છે, જેની કામગીરી ક્રમાનુસાર હાથ ઉપર લેવામાં આવશે.

## બહુચરાજી તાલુકાના ૧૦૦ બુથના કાર્યકરોની તાલીમ શિબિર યોજાઈ



**આ પ્રસંગે બહુચરાજી તાલુકાના શુરપુરા ગામના તેમજ બહુચરાજીના અગ્રણી વેપારી મનુભાઈ ઈશ્વરભાઈ સહિત ૫૦ કાર્યકરોએ ભાજપને રામરામ કરી કોંગ્રેસમાં જોડાવાની જાહેરાત કરતાં રાજેન્દ્રસિંહ દરબારે કોંગ્રેસનો ખેસ પહેરાવી આવકાર આપ્યો હતો.**

ચાણસ્મા

બહુચરાજી ખાતે તા. ૨૩/૯/૨૦૧૭ ના રોજ નારણપુરા વાડીમાં બહુચરાજી તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા બહુચરાજી તાલુકાના ૧૦૦ બુથ કાર્યકરનું સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં તાલુકાભરમાંથી કોંગ્રેસ પક્ષના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તે તમામને આગામી વિધાનસભાની ચૂંટણીમાં બુથ ટ્રેનીંગ આપવામાં આવી હતી.

બહુચરાજી ખાતે બુથ કાર્યકરોની યોજાયેલ મીટીંગમાં પ્રદેશ મંત્રી તથા ટ્રેનર સતીષભાઈ પંડ્યા અને તેમની ટીમે બુથ ટ્રેનીંગ આપી હતી. અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં મતદારોને જાગૃત કરી મોટી સંખ્યામાં કોંગ્રેસ તરફે મતદાન કરાવી વિધાનસભાની બહુચરાજી બેઠક જીતવા માટે અત્યારથી જ કામે લાગી જવા હાંકલ કરી હતી. બહુચરાજી બેઠકમાં દાવેદારી નોંધાવેલ તમામ ઉમેદવારોએ હાજરી આપી હતી અને પક્ષ જાતિવાદને દુર રાખી માત્ર પક્ષને ધ્યાનમાં લઈ ઉમેદવારને જીતાડવા આહવાન કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત કાર્યકરોને બનાસકાંઠાના પ્રદેશ ડેલીકેટ રાકેશ દવે, બહુચરાજી વિધાનસભાના પ્રભારી મનુસિંહ ઠાકોર, માનસિંહ ઠાકોર, તાલુકા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ દરબાર, તાલુકા કોંગ્રેસ પ્રમુખ વાઘુભા જાડેજા, યુથ કોંગ્રેસ પ્રમુખ ધર્મરાજ જાડેજા, કારોબારી અધ્યક્ષ જશુભાઈ પ્રજાપતિ, તા.પં./ જિલ્લા પંચાયત સદસ્યો તથા મોટી સંખ્યામાં કાર્યકરો અને મતદારોએ હાજરી આપી હતી.

## મોડાસામાં સીટી લાઈવલી હુડ સેન્ટરનું ઉદ્દઘાટન



મોડાસા

મોડાસા નગરપાલિકા દ્વારા તા. ૨૨/૯/૨૦૧૭ ના રોજ મહાલક્ષ્મી ટાઉનહોલ, ચાર રસ્તા, મોડાસા ખાતે ૬૭૨રૂ-ર્દ્નન્સ યોજના હેઠળના સીટી લાઈવલી હુડ સેન્ટરનું ઉદ્ઘાટન કલેક્ટર શાલીનીબેન અગ્રવાલ તથા નગરપાલિકાના પ્રમુખ વનિતાબેન પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું. તથા ફાયનાન્સલી લીટરસી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. તે ઉપરાંત મોડાસા નગરપાલિકા દ્વારા કાર્યકર DAY-NULM ના લાભાર્થીઓને સર્ટીફિકેટનું વિતરણ કરવામાં આવ્યું. અને મોડાસા નગરપાલિકાની વેબસાઈડ, એપ્લીકેશન, પીઓએસ મશીન અને એક્સીસ બેંકની કોઈ પણ શાખામાં નગરપાલિકાનો મિલ્કતવેરો ભરી શકે તેવી સુવિધા નગરજનો માટે અર્પણ કરવામાં આવી. આ કાર્યક્રમમાં ખુબ મોટી સંખ્યામાં ર્દ્નન્સ ના સ્વ- સહાય જુથો તાલીમાર્થીઓ નગરજનો અને ર્દ્નન્સ ની યોજનામાં લાભ લઈ રહેલ લાભાર્થીઓ કાર્યક્રમમાં હાજર રહ્યા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અરવલ્લી જિલ્લા કલેક્ટર નગરપાલિકાના પ્રમુખ વનિતાબેન પટેલ તથા મુખ્ય અધિકારી પ્રણવભાઈ પારેખ તથા કોર્પોરેટર તથા બેંક મેનેજર તથા નગરપાલિકાનો સ્ટાફ અને નગરજનો મોટી સંખ્યામાં હાજર રહેલ હતા. જેમાં મે.કલેક્ટર દ્વારા તથા પ્રમુખ દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ.

## અતિવૃષ્ટિથી ઉ.ગુજરાતના બે જિલ્લામાં ૫૦૦ કરોડથી વધુના બાંધકામ થશે

પાટણ

બે માસ અગાઉ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિથી મોટાપાયે જાનમાલને હાનિ થઈ હતી. સરકારી અને ખાનગી બિલ્ડીંગોને નુકસાન પહોંચ્યું હોવાથી બંને જિલ્લામાં સરેરાશ ૫૦૦ કરોડથી વધુનું બાંધકામ કરવું પડશે. જેના કારણે પરોક્ષ રીતે કન્સ્ટ્રક્શન સંબંધિત માલસામાનના વેપાર ધંધાને તેજી મળશે. બીજી તરફ રસ્તાઓનું મોટેપાયે ધોવાણ થઈ ગયું હોવાથી બાંધકામનો અંદાજે ૨૦૦ કરોડનો ધંધો થવાની શક્યતા જણાય છે.

બે માસ અગાઉ પડેલા વરસાદ અને પૂરથી પાટણ અને બનાસકાંઠા જિલ્લાની શાળાઓ, વિવિધ કચેરીઓ, ક્યાંક ધરાશાયી તો ક્યાંક અસરગ્રસ્ત બની છે. જ્યારે રહીશોના મકાનો, ખાનગી બિલ્ડીંગો, સહિતના બાંધકામ સંબંધિત મકાનોને નુકસાન થયું છે.

સરકારી બિલ્ડીંગોની નુકસાની જિલ્લામાં સરેરાશ રૂા. ૩૫૦ કરોડ જેટલી થવા જાય છે. જ્યારે ૧૫૦ કરોડથી વધુ ઘરેલુ અને વાણિજ્યિક મકાનોને નુકસાન થયું છે. જ્યારે સરકારી અને ખાનગી બિલ્ડીંગોનું નવિનીકરણ અને રિનોવેશન થશે. ત્યારે પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં અંદાજીત રૂા. ૫૦૦ કરોડની રેતી, કપચી, ઈંટ, પત્થર, સિમેન્ટ, લોખંડ વગેરેનું વેચાણ થશે.

## વારાહી ગૌશાળાની સહાય આપવામાં સરકારના ઠાગાઠૈયા

પ્રતિનિધિ રાધનપુર

વારાહી પંથકમાં ભારે વરસાદ અને પૂરના કારણે વ્યાપક નુકશાન થવા પામ્યું હતું, જેમાં જીવદયાગૌશાળા ટ્રસ્ટ સંચાલિત વારાહીની ભીડભંજન હનુમાનજી ગૌશાળાની ત્રણ શાખાઓમાં પણ ભારે નુકશાન થયું હતું, જેમાં શ્રી ભીડભંજન હનુમાનજી દાદાના મંદિરની બાજુમાં, વારાહીથી પાંચ કિલોમીટર દૂર આવેલ માનપુરા મુકામે શ્રી સગત માતાજીનામંદિરની બાજુમાં તેમજ વારાહીથી રાધનપુર નેશનલ હાઈવે ઉપર આવેલ એમ ત્રણેય ગૌશાળાઓમાં કુલ ૩૧૦૦ જેટલી ગાયોની સેવા તથા સારસંભાળ લેવામાં આવે છે,તા.૨૨ જુલાઈ થી તા.૧૦ ઓગસ્ટ સુધીમાં આ ગૌશાળાઓમાં ભારે વરસાદ અને પૂરના કારણે ૧૯૫ જેટલી ગાયો મૌતને ભેટી હતી,અને ૩૦૦ ગાયો બીમાર પડી જવા પામી હતી.આ ગૌશાળાઓમાં પાપડી, ઘાસચારોતેમજ ગોળ સહિતની ગાયોને ખવડાવવાની સામગ્રીનો નાશ થયો હતો, જેમાં આશરે રૂ.૨૦,૦૦,૦૦૦ નું નુકશાન થયું હતું,આ બાબતે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા વિકાસ અધિકારી ઉપરાંત આરોગ્ય મંત્રી શંકરભાઇ ચૌધરી અને

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પણ લેખિતમાં જાણ કરવા છતાંય આજ દિન સુધી કોઈ જ સહાય ચુકવવામાં આવી નથી. ગુજરાતસરકાર દ્વારા એક ગાય દીઠ રૂ.૪૦૦૦૦ નુકશાની વળતર આપવામાં આવશે તથા ૧૦૦ ગાડી ઘાસ આપવામાં આવશે તેવી જોરશોરથી જાહેરાત કરવામાં આવી હતી,પરંતુ આજ દિન સુધીમાં કોઈ જ સહાય ચુકવવામાં આવી નથી.

આ ઉપરાંત કોરડા, સાંતલપુર, રાધનપુર, ભાભર,રામપુરા,ટેટોડા,થરા,ડીસા સહિતની પાટણ બનાસકાંઠા જિલ્લાની તમામ ગૌશાળાઓને સહાય મળી ના હોઈ સહાય ચૂકવવા સમસ્ત મહાજન મુંબઈના મેનેજીંગ ટ્રસ્ટી અને પ્રમુખગીરીશભાઈ શાહ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને મળીને રજુઆત પણ કરી ચુક્યા છે, આ બાબતે ગુજરાત સરકારે તાત્કાલિક ગૌશાળાઓને સહાય ચુકાવવાઈ જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

## સુરક્ષા સેતુ અને સાબરકાંઠા જીલ્લા પોલીસ દ્વારા નવરાત્રીનું આયોજન



સતીશ ભટ્ટ

હિમતનગર

સુરક્ષા સેતુ અને સાબરકાંઠા જીલ્લા પોલીસ દ્વારા એસપી કચેરીના પ્રાંગણ નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગઈકાલે પ્રથમ નોરતે શહેરના ધારાસભ્ય સહિત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી મહાઆરતી કરી હતી.

સાબરકાંઠા જીલ્લા પોલીસ વડા પી.એસ. માલ પોતે નવરાત્રીના શોખીન તથા ગાવાના રસિયા હોવાના કારણે દર વર્ષે એસપી કચેરીના પ્રાંગણ નવરાત્રીનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ સુરક્ષા સેતુ સોસાયટી અને જીલ્લા પોલીસના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું છે.

ગઈકાલે પ્રથમ નવરાત્રીએ માતાજીની મ્હાઆર્તીથી નવરાત્રીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ધારાસભ્ય રાજુભાઈ ચાવડા, નગરપાલિકા પ્રમુખ નીલાબેન પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ જેડી પટેલ,પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી ગોપાલસિંહ રાઠોડ, જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર સિહ કુંપાવત, કોર્પોરેટર રાકેશ પટેલ, ઈશાક શેખ, હર્ષદ મિસ્ત્રી ભાજપા શહેર પ્રમુખ, ઉપપ્રમુખ બન્ટી મેહતા એ ભાગ લીધો હતો.

જીલ્લા પોલીસવડા પી.એસ. માલે પ્રથમ નવરાતે જ પોતાના સુરીલા કંઠથી ગાઈને નવરાત્રીનો શુભારંભ કરાવ્યો હતો. ત્યારબાદ શહેરના નાગરિકો ડીજેના તાલે ઝૂમતા જોવા મળી રહ્યા હતા. નવરાત્રીના આ સરસ માહોલમાં ગરબા રમવામાં જીલ્લા પોલીસ વડા પી એસ માલ તેમના પત્ની સાથે, એસઓજી પીઆઈ વી આર ચાવડા, હિમતનગર ગ્રામ્યના પીએસઆઈ કોમલ રાઠોડ સહીત પોલીસ કર્મચારીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં જીલ્લા પોલીસ વડા પી.એસ. માલ, એસઓજી પીઆઈ વી આર ચાવડા, એલસીબી પીઆઈ કલાસવા તથા તમામ સ્ટાફે ભારે જેહમત ઉઠાવી હતી.

## એમ.કે.કોલેજ ઓફ એન્જીનીયરીંગમાં નવરાત્રિ મહોત્સવની ઉમળકાભેર ઉજવણી



પાટણ

ગત રોજ પાટણના પ્રખ્યાત એવા એમ.કે.શૈક્ષણિક સંકુલમાં એમ.કે. કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજીકલ રીસર્ચ તેમજ એમ.કે. સ્કૂલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ એકદિવસીય નવરાત્રિ મહોત્સવમાં પાટણ જિલ્લા વિકાસ અધિકારી એવમ કલેક્ટર રાજ્યગુરૂ મુખ્ય ઉદઘાટક તરીકે હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે પાટણ જિલ્લાના મહિલા ડી.વાય. એસ.પી. ચેતના બહેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ પદે યુજીવીસીએલના પી.એમ. પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેર પાટણ શહેર પૂર્વ પ્રમુખ મનોજભાઈ ઝવેરી, પાટણ નગરપાલિકાના સદસ્ય અને આગેવાન લાલેશભાઈ ઠક્કર, મધુભાઈ પટેલ, દુધસાગર ડેરીના ડિરેક્ટર શંકરભાઈ ચૌધરી, જય જલારામ મંદિરના સેવાભાવી જગદીશભાઈ ઠક્કર, પાટણ જિલ્લાના આગેવાનો અને સમાજ સેવક ભુરાભાઈ જોષી, અન્યગ્રુપોના આગેવાનો અને મોટીસંખ્યામાં વાલીમિત્રો, એન્જિનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ, સ્ટાફ મિત્રો સૌ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આમંત્રિત મહેમાનોનું સ્વાગત સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી જ્યોત્સનાબેન પટેલ, કોલેજના પ્રિન્સીપાલ હર્ષભાઈ પટેલ, આચાર્ય મનીષાબેન પટેલ, કોમ્પ્યુટર વિભાગના હેડ પ્રો.રીન્કીબેન, પ્રો. પ્રગેશ ગજ્જર, પ્રો.પૂર્વીબેન પટેલ, પ્રો.અનેરી પટેલ, પ્રો. ઝરણાબેન પ્રજાપતિ, પ્રો.અભિષેક પટેલ, પ્રો.અક્ષત પટેલ વગેરેએ સૌ મહેમાનોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

નવરાત્રિના પ્રોગ્રામની સાથે સાથે પ્રોગ્રામની ખાસ વિશેષતા એ હતી કે સંસ્થા દ્વારા તા.૨૪-૭-૨૦૧૭ ના રોજ પૂર પીડિતોને મદદ કરનાર તમામ જલારામ મંદિરના જગદીશભાઈ, મયુરભાઈ તેમજ ટ્રસ્ટના સહયોગી તરીકે હાજર રહેનાર એ પૂરપીડિતોને સહાય કરનાર નવયુવાનોને પ્રોત્સાહિત કરવા માટે કલેક્ટર/ડી.ડી.ઓના હસ્તે શાલ ઓઢાડી બુકેથી સ્વાગત કરેલ, તેમજ ડી.વાય.એસ.પી. ચેતનાબેન ચૌધરીએ પણ સેવાભાવી સૌ નવયુવાનોને સન્માનિત કરેલ હતા. ત્યારબાદ ગરબાનો કાર્યક્રમનું આયોજન કરેલ તમામ ખેલૈયાઓને ઈનામ વિતરણ તેમજ પ્રાસંગિક સૌ નાના બાળકોથી માંડી સહુનું સ્વાગત કરવામાં આવેલ હતું.

સંસ્થાએ નિરવ ગાંધી, ગૌરવ ત્રિવેદી, અશોક રાજ સૌનો સુંદર કાર્ય બદલ આભાર માનેલ હતો અને આમ નવરાત્રિ મહોત્સવની સાથે સાથે સેવાભાવી સંસ્થાઓને સન્માન આપવાનો કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ હતો.

## રાધનપુર તાલુકાના દેવમાં દીવડા ઝગમગ્યા



પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના દેવ ગામે હિમજા માતાજીના મંદિરે નવરાત્રીના નવ દિવસ દરમ્યાન માતાજીને અવનવા શણગાર કરવામાં આવે છે,

અને ભક્તિસભર કાર્યક્રમો યોજાય છે, ત્રીજા નોરતે માતાજીની દીવડાઓના ઝગમગાટથી પૂજા અર્ચના કરવામાં આવી હતી, જેથીસમગ્ર વાતાવરણ ભક્તિસભર બની જાવ પામ્યું હતું.

# બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ કિસ્સો : બે યુવતીઓએ મૈત્રી કરાર કર્યા

### યુવતીઓને નારી કેન્દ્રમાં મુકાઈ


(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લા માટે અજબો ગજબ કિસ્સો બનવા પામેલ છે.પતિ- પત્ની સાથે રહેવાના કિસ્સા સાથે બે બહેન પણીઓએ પણ સાથે રહેવાના કોલ આપી ૮ માસ પૂર્વે મૈત્રી કરાર કરી પરિવારને સંકટની સ્થિતિમાં મુકી દીધો છે.

કાંકરેજ તાલુકાની થરા ગામની ભારતી (નામ બદલ્યું છે.) યુવતી જે ગ્રેજ્યુએટ સુધીનો અભ્યાસ કર્યા બાદ પોલીસમાં ભરતી થઈ પાલનપુર ખાતે પોલીસ પરેડમાં ટ્રેનીંગમાં ગયેલ જ્યાં એક માસના રોકાણ દરમ્યાન દાંતીવાડા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી અને પોલીસ પરેડમાં ટ્રેનીંગમાં આવેલ દિપીકા (નામ બદલ્યુ છે.) સાથે મિત્રતા થઈ.સતત એ મહિના સુધી બંન્ને યુવતીઓ એક બીજા સાથે રહેલી અને ટ્રેનીંગ પૂર્ણ થયા બાદ બંન્ને પોતાના ઘેર ગયેલ અને ફોનથી સતત સંપર્કમાં રહેવા પામેલ. ત્યારબાદ બંન્ને યુવતીઓ તા.૨૩-૧-૨૦૧૭ના રોજ ઘરેથી એક બીજાને મળવા જવાનું કહી નીકળી ગયેલ અને એડવોકેટ મારફત મૈત્રી કરાર કરી

અનુસંધાન પાના નં.૬

**કોંગ્રેસમાં કમઠાણ**

# પાલનપુર શહેર કોંગ્રેસ પ્રમુખપદે સુરેશ પટેલની નિમણુંક સ્થગિત કરાઈ


સંજય જોષી

પાલનપુર

વિધાનસભાની ચૂંટણી ક્ષિતિજે ડોકાઈ રહી છે. ત્યારે ભાજપે તો ચૂંટણી તૈયારીઓ આરંભી દીધી છે. જયારે બનાસકાંઠા કોંગ્રેસમાં તો ચૂંટણી પૂર્વે જ રાજકીય ઘમાસણ શરૂ થઈ ગયું છે. કોંગ્રેસના આંતરિક કલહને લઈને નિતનવા વિવાદ થઈ રહ્યા છે. તાજેતરમાં પાલનપુર શહેર કોંગ્રેસ પ્રમુખની હકલપટ્ટી કરાયા બાદ આજે કોંગ્રેસને તેઓને પુનઃ સ્થાપિત કરવાની ફરજ પડતા આ વિવાદ વધુ વકરે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

તાજેતરમાં પાલનપુર શહેર કોંગ્રેસ પ્રમુખને હટાવી એડવોકેટ સુરેશચંદ્ર પટેલને મુકવામાં આવ્યા હતા. જોકે, પ્રમુખની હકાલપટ્ટીને પગલે શહેર સંગઠનના ૨૬ જેટલા હોદ્દેદારોએ રાજીનામાં ધરી દીધા હતા.૧૦ દિવસ અગાઉ પ્રમુખની કરાયેલી હકાલપટ્ટી પાછળ જિલ્લા પ્રમુખ ઝાકિર ચૌહાણ અને પાલનપુરના ધારાસભ્ય મહેશ પટેલનો

અનુસંધાન પાના નં.૬

# વાવ વિધાનસભા કોંગ્રેસની ટીકીટ મેળવવા ઈચ્છતા સંભવિત ઉમેદવારો









તાલુકા પ્રતિનિધિ વાવ

૨૦૧૭ ની વાવ વિધાનસભાની ચૂંટણી યોજાવાને હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. દરેક પાર્ટીએ ઉમેદવારની પસંદગીના મુદ્દે 'સેન્સ' લેવાની પ્રક્રિયા હાથ ધરી દીધી છે. ત્યારે અતિ મહત્વની ગણાતી વાવ બેઠક ઉપર કોંગ્રેસની ટીકીટ મેળવવા માટે ઉમેદવારોની લાંબી કતારો લાગી ગઈ છે. જો કે ૨,૫૧,૦૦૦ મતદારો ધરાવતી વાવ બેઠકમાં રાજપુત, ઠાકોર, પટેલ, બ્રાહ્મણ, ઈતર સમાજના ઉમેદવારોએ ટીકીટ માટે તૈયારીઓ બતાવી પોતાના બાયોડેટા પાર્ટી સમક્ષ રજુ કરી દીધા છે. ૧૮૨ માંથી ૭૩ ઉમેદવારોને કોંગ્રેસ પાર્ટીએ રીપીટ કરી દઈને ચૂંટણી પ્રચારનો દોર પણ આરંભી દીધો છે. જયારે વાવ બેઠક ઉપર રાજપુત સમાજના અગ્રણી અને કોંગ્રેસ પાર્ટીના વફાદાર વ્યવસાયે વેપારી તેમજ મોટા ખેડુત એવા કાંનજીભાઈ રાજપુતનું નામ અગ્ર હરોળમાં ચાલી રહ્યું છે. જયારે જિલ્લામાં કોંગ્રેસ મહિલા ઉમેદવારને એક ટીકીટ ફાળવે તો મતોની સંખ્યા પ્રમાણે વાવ સીટ ઉપર ઠાકોર સમાજનું પ્રભુત્વ છે તેથી ગેનીબેન ઠાકોર પણ આ બેઠક ઉપર પ્રબળ દાવેદાર છે. જયારે કે.પી.ગઢવી ઈતર સમાજમાં એક 'હુલામણું' નામ છે. દરેક સમાજમાં પ્રિય અને એડવોકેટના વ્યવસાય સાથે સંકળાયેલા કે.પી.ગઢવી પણ પ્રબળ દાવેદાર છે. જયારે ગુલાબસિંહ રાજપુત જેઓ ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખ અને ઈલેકશન કમિટીના મેમ્બર છે. તેઓ વાવ- થરાદની બંને બેઠક ઉપર કોંગ્રેસના પ્રબળ દાવેદાર છે. જયારે અમીરામભાઈ જોષી જેઓનું બ્રહ્મ સમાજમાંથી નામ ઉભરાઈ રહ્યું છે. તેઓ વાવ તા.પં.ના પ્રમુખ પદે કાર્યરત છે જેમનું પણ આ પંથકમાં આગવુ પ્રભુત્વ છે. જેથી કરીને તેઓ પણ પ્રબળ દાવેદાર છે. જયારે પટેલ સમાજમાંથી ડૉ.ગણેશભાઈ ચૌધરી અને જીવરાજભાઈ ચૌધરી પણ કોંગ્રેસ પાર્ટીના અડીખમ નેતા હોઈ તેઓનું નામ પણ ચાલી રહ્યું છે તેઓ પણ પ્રબળ દાવેદાર છે. આમ ડિસે. ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણી વાવ બેઠક ઉપર કોંગ્રેસ પાર્ટીની ટીકીટ માટે ઉમેદવારોની લાંબી કતારો જોવા મળી રહી છે. જયારે સામાપક્ષે ભાજપમાં ગતરોજ લેવાયેલ સેન્સ મુજબ વાવ સીટ ઉપર ચાલુ ધારાસભ્ય અને રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી સિવાય કોઈનું નામ છે નહી. તેઓએ છેલ્લા પાંચ વર્ષના પોતાના કાર્યકાળ દરમિયાન સરહદી વિસ્તારની કાયાપલટ કરી દીધી છે. અને આવનારા સમયમાં આ તાલુકાને વિકાસની નવી ઉંચાઈઓ ઉપર લઈ જવાની નેમ પણ વ્યકત કરી છે. તેઓ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કક્ષાના કદાવર નેતા છે. કોંગ્રેસે તેમની સામે ટક્કર લઈ શકે તેવા મજબુત ઉમેદવારની સોધ કરવી પડશે. કોંગ્રેસમાંથી કોની પસંદગી થશે તેતો આવનારો સમય જ બતાવશે.

**ભાજપમાંથી એક માત્ર શંકરભાઈ ચૌધરી ઉમેદવાર**

**ઉત્તર ગુજરાતના લોકપ્રિય અખબાર રખેવાળ દ્વારા...**

કારણ વગરનું રાજકારણ — ચૂંટણી ચક્રવ્યુહ ૨૦૧૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગવાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ઉત્તર ગુજરાત અને બનાસકાંઠાની તમામ વિધાનસભાની બેઠકનો વિસ્તૃત અહેવાલ, રાજકીય ઈતિહાસ, દરેક બેઠક પર કોણ દાવેદાર છે. કયો પક્ષ મજબુત છે. વગેરે વિગતો રખેવાળ ટીમ દ્વારા વાંચકો સમક્ષ મૂકવામાં આવશે. વાંચકો પણ ચૂંટણી-૨૦૧૭ના આ વિશેષ કવરેજમાં પોતાના સૂચન - અભિપ્રાય મોકલી શકશે. તો હવે રાહ કોની જુઓ છો. તમારી નકલની વ્યવસ્થા આજથી જ કરશો - તેમજ તમારા સૂચનો - અભિપ્રાયો નીચેના નંબરે વ્હોટ્સએપ તેમજ ઈ-મેઈલ પર મોકલવા વિનંતી. વ્હોટસ એપ - મો.૯૮૨૪૫૦૨૧૦૨

Email : rakheval@gmail.com

# દીઓદર સીટમાં વર્તમાન ધારાસભ્યના નામને દીઓદર - લાખણી ભાજપ સંગઠનની મહોર...?



તાલુકા પ્રતિ. દીઓદર

ગતરોજ વિધાનસભાની ચુંટણીમાં બનાસકાંઠા જીલ્લાની સીટો માટે ભાજપ પક્ષના નિરીક્ષકો દ્વારા ઉમેદવારોના સેન્સ લીધેલ જેમાં દીઓદર વિધાનસભા બેઠક માટે પણ સેન્સ લેવામાં આવેલ જેમાં દીઓદર વિધાનસભા મત વિસ્તારમાં આવતા દીઓદર તાલુકા ભાજપ તથા લાખણી તાલુકા ભાજપ સંગઠન દ્વારા ગુજરાત રાજયના મંત્રી અને દીઓદરના વર્તમાન ધારાસભ્ય કેશાજી ચૌહાણનું એક માત્ર નામ સૂચવેલ હોવાનું જાણવા મળેલ છે.

જોકે અન્ય દાવેદારોમાં દિલીપસિંહ માનસિંહજી વાઘેલા તથા દિલીપ લીલાધરભાઈ વાઘેલા તથા ચાણસ્માના વતની બાબુભાઈ નાગોહ (દેસાઈ)એ પણ તેમની દાવેદારી રજુ કરી હોવાનું જાણવા મળેલ છે.

# મુખ્યમંત્રીની જાહેરાતને વહીવટીતંત્ર ઘોળીને પી ગયું ?

### અસરગ્રસ્ત પ્રજા ૨૫ દિવસે પણ સહાયથી વંચિત

તા.પ્રતિ. દિયોદર

બનાસકાંઠા જિલ્લામાં આવેલ અતિવૃષ્ટિ અને આપત્તીના સમયે બચાવ રાહત પુનઃસ્થાપન ત્વરિત નિર્ણયો કરી. રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અસરગ્રસ્તોને પડખે ઉભા રહી જિલ્લાને વધુમાં વધુ સહાય માટેના પ્રયાસો કર્યા હતા. અને સરકાર દ્વારા કેશડોલ, જમીનધોવાણ, પાક ધોવાણની અનેક જાહેરાતો થયેલ વહીવટી તંત્ર દ્વારા કેશડોલમાં ભારે ગેરરિતી ચલાવ્યા બાદ પણ પ્રજા કે જાણે કે બિચારી બાપડી તેવું વર્તન અધિકારીઓ દ્વારા થઈ રહ્યું છે અને સરકારની જાહેરાતોને માત્ર કાગળ ઉપર દોડાવી આમ પ્રજાને સરકારથી વિમુખ કરવાનું જાણે કે બેડું ઝડપ્યું છે.

તા.૩૦-૮-૨૦૧૭ ના રોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ દિયોદર આવી જિલ્લાના ચાર કે પાંચ અસરગ્રસ્તોને જમીન ધોવાણ, પાક ધોવાણના ચેકો અર્પણ કરેલ તે સમયે મુખ્યમંત્રીએ જાહેરાત કરેલ કે સરકાર દ્વારા પૂરીપુરી સહાય મંજુર કરવામાં આવી છે. જે આવતીકાલથી જિલ્લાના તમામ ખેડૂતોના બેંક ખાતામાં આ સહાયની રકમ જમા કરાવી દેવામાં આવશે. મુખ્યમંત્રીની જાહેરાતોને આજે ૨૫-૨૫ દિવસ થવા આવ્યા છતાં હજું વહીવટ તંત્ર માત્ર રંગસીયા ગાડાની માફક ચાલી રહ્યુ છે. સરકાર દ્વારા કરોડો રૂપીયા ખેડૂત આલમને સહાય માટે બેંકોમાં જમા કરાવી દેવામાં આવ્યા છે ત્યારે અધિકારીઓની નિષ્કાળજી કારણે આ પંથકનાં ખેડૂત

અનુસંધાન પાના નં.૬

# બનાસકાંઠામાં બીજા દિવસે ચાર બેઠકના ભાજપના ઉમેદવારોની સેન્સ લેવાઈ


ભરત સુંદેશા

### પાલનપુર, દાંતા, કાંકરેજ અને વડગામ બેઠકના કાર્યકરો દાવેદારોને સાંભળ્યા

ડીસા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ભાજપે ટીકીટ વાંચ્છુઓની સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરતા બનાસકાંઠાની નવ બેઠકો માટે ઉમેદવારો નક્કી કરવા બીજા દિવસે પણ ડીસાના ભોંયણ નજીક સોમનાથ ફાર્મ ખાતે પ્રદેશ ભાજપના નિરીક્ષકો દ્વારા પાલનપુર, દાંતા, વડગામ અને કાંકરેજ વિધાનસભા મત વિસ્તારના કાર્યકરો, દાવેદારોને સાંભળવામાં આવ્યા હતા. બનાસકાંઠામાં ઉમેદવારોની સેન્સ લેવાની પ્રક્રિયામાં પ્રથમ દીને જિલ્લાની નવ બેઠકો માંથી ડીસા, ધાનેરા, વાવ, થરાદ અને દિયોદર અને બીજા દિવસે પાલનપુર, વડગામ, દાંતા અને કાંકરેજ વિધાનસભા મત વિસ્તારના કાર્યકરો અને ટિકિટના દાવેદારોને પ્રદેશ

અનુસંધાન પાના નં.૬

**કઈ બેઠક માટે કેટલા દાવેદાર**

| બેઠક | દાવેદાર |
|---|---|
| પાલનપુર | ૩૮ |
| કાંકરેજ | ૨૭ |
| દાંતા | ૧૯ |
| વડગામ | ૩૫ |
| ધાનેરા | ૨૦ |
| ડીસા | ૨૨ |
| વાવ | ૧ |
| થરાદ | ૧ |
| દિયોદર | ૧ |

# પાલનપુરના ગોળા નજીક ટ્રેક્ટર પલ્ટી જતા એકનું મોત પાંચ ઘાયલ

પાલનપુર

પાલનપુરના ગોળા નજીક મજૂરી અર્થે જઈ રહેલા મજૂરોને અકસ્માત નડ્યો હતો. જેમાં એક શ્રમિકનું મોત નિપજ્યું હતું. જયારે ૫ ઘાયલ થયા હતા.

ગોળા નજીક શ્રમિકોને અકસ્માત નડ્યો હતો. જેમાં ટ્રેક્ટર પલ્ટી ખાતા માથાના ભાગે ગંભીર ઈજા થતા મીઠાભાઈ હીરાભાઈ ચૌહાણ ઉ.૧૯ રહે.ચિકનવાસ અમીરગઢવાળાનું મોત નિપજ્યું હતું. જયારે ૫ શ્રમિકો ઘાયલો થયા હતા. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમા ખસેડવામાં આવ્યા હતા. ઘાયલોમાં જગાભાઈ નાનાભાઈ ચૌહાણ, આલુભાઈ સોમાભાઈ ચૌહાણ, લાલાભાઈ રૂપાભાઈ ગમાર, સાયબા ગલાભાઈ ગમાર, રાણા સવા ગમાર

# બનાસકાંઠાના અમીરગઢમાં ૨૦૦થી વધારે પાટીદારો કોંગ્રેસમાં જોડાયા


(સંજય જોષી)

બનાસકાંઠાનાઅમીરગઢમાં૨૦૦થી વધારે પાટીદારો કોંગ્રેસમાં જોડાયા છે. દાંતાના કોંગ્રેસના ધારાસભ્યની હાજરીમાં આ પાટીદારો જોડાયા હતા. જેને લઈને ભાજપમાં સોપો પડી ગયો છે. આ મત વિસ્તાર આમ તો કોંગ્રેસનો ગઢ ગણાય છે, અને તેમાં પણ પાટીદારો જોડાતા કોંગ્રેસને નવા શ્વાસ મળ્યા છે

**સરકારની જાહેરાતની અમલવારી શરૂ**

# જિલ્લાભરના કૃષિ વિજ જોડાણ ધરાવતા ખેડુતોને ત્રણ મહિના સુધી વિજબીલ ભરવામાંથી મુક્તિ !


નરસિંહ દેસાઈ

### જિલ્લાના તમામ ડિવિઝન અને સબ ડિવિઝનમાં આદેશ કરાયા

પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં જુલાઈ માસમાં પડેલા ભારે વરસાદ બાદ પૂરની સ્થિતિ નિર્માણ થતાં જિલ્લાના ખેડુતોને વ્યાપક નુકશાન થવા પામ્યું હતું. ખેતીની જમીન સહિત ઉભો પાક ધોવાઈ જતાં ખેડુત વર્ગ પાયમાલ થઈ ગયો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ખેડુતો ફરી બેઠા થાય તે માટે વિવિધ રાહત સહાયની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોના ખેડુતોને કૃષિ વિજ જોડાણના વિજબીલ ત્રણ માસ સુધીના માફ કરવાની સરકાર દ્વારા જાહેરાત થઈ હતી. ત્યારે જાહેરાત બાદ સરકાર દ્વારા તેનો હવે ઠોસ અમલ કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

યુજીવીએલના સુત્રો પાસેથી મળેલી વિગતો પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પૂરઅસરગ્રસ્ત વિસ્તારોના ખેડુતોને ત્રણ માસના વિજબીલ માફ કરવાના જિલ્લાના તમામ ડિવિઝન સાથે સબ ડિવીઝનમાં આ અંગેની સત્તાવાર આદેશ આપવામાં આવી દેતા જિલ્લાના તમામ તાલુકાના ખેડુતોને ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર આમ ત્રણ માસના કૃષિ વિજબિલ ભરવામાંથી મુક્તિ મળી છે. જ્યારે જે ખેડુતોને અગાઉથી કાર્ડ આપવામાં આવેલ છે. એટલે કે દર બે મહિનાનું ફિક્સ બિલની ચુકવણી કરતા ખેડુતોને દોઢ બિલની રકમ માફ કરવામાં આવી છે.

સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ૧૧૫૮૮૧કૃષિ વિજ જોડાણ ધરાવતા ખેડુતોને અંદાજીત કરાયેલી જાહેરાતનો તુરંત અમલ થતાં ખેડુત વર્ગમાં પણ ખુશી જોવા મળી રહી છે. આ ઉપરાંત જે ખેડુતો દ્વારા નવા વિજ જોડાણ માટે

અનુસંધાન પાના નં.૬

# દિયોદર વિધાનસભાની બેઠકની ચૂંટણી માટે કોંગ્રેસની ટિકિટ માટે હોડ જામી



(પ્રતિ.) લાખણી

ગુજરાત રાજયની વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે. તેમ તેમ રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગીને આખરી ઓપ આપવા માટે ટિકિટ વાંચ્છુઓને સાંભળી રહ્યા છે. તેમજ તેમની કામગીરી તથા લોકચાહના ઉપર બાજ નજર રાખી રહ્યા છે તેમાં પણ હાલનું રાજકારણ જોતાં દિયોદર વિધાનસભાની સીટ ઉપર રાજયમંત્રી અને જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ લગભગ ભાજપના ઉમેદવાર તરીકે નિશ્ચિત મનાઈ

અનુસંધાન પાના નં.૬

**અનુભવી તથા બિનઅનુભવી સ્ટાફ જોઈએ છે**

પેકીંગ મટીરીયલ્સના શો-રૂમમાં
હેલ્પર તથા કાઉન્ટર ઉપર
કામ કરી શકે તેવો સ્ટાફ જોઈએ છે.
પગાર રૂા.૮૦૦૦ (ઉંમર ૩૫ વર્ષ સુધી)
રહેવાની સગવડ આપવામાં આવશે.

**જય ચંદન ટ્રેડીંગ કું.**
ટંકશાળ રોડ, કાલુપુર - અમદાવાદ
મો.૯૪૨૮૦ ૧૮૭૧૨

**છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**


સ્વ.વાલીબેન રગાભાઈ પટેલ
સ્વ.તા.૨૫-૯-૨૦૧૧ (રવિવાર)

સમી સાંજના શમીયાણામાં
ધીમો ધીમો ધુપ જલે છે,
વહાલા જેના જાય વછોડી
તેનું હૈયું ચુપ ચાપ રડે છે.
આપનો આત્મા જ્યાં
પણ હોય ત્યાં સુખ શાંતિ
પામે એજ આશા...

લિ.

પટેલ ભેમાભાઈ રામસુંગભાઈ (દિયર)
પટેલ અણદાભાઈ વાલાભાઈ (દિયર)
પટેલ ધુડાભાઈ અણદાભાઈ (ભત્રીજા)
પટેલ તેજાભાઈ રગાભાઈ (પુત્ર)
(મંત્રી, શિવનગર કોટડા (દી.) દૂધ ઉ.સહ.મંડળી)
પટેલ વિપુલકુમાર તેજાભાઈ
પટેલ જીવાભાઈ વિરાભાઈ (ભત્રીજા)
ગુડેલ બાબરાભાઈ અજમલભાઈ (તા.પં.સદસ્ય)
પટેલ માલાભાઈ પરબતભાઈ (દિયર)
પટેલ બાબરાભાઈ સગરામભાઈ (દિયર)

**હાર્દિક અભિનંદન**


શ્રી સરદારજી મકનાજી રાજપૂત
પ્રમુખ, ધાનેરા તાલુકા કોંગ્રેસ સમિતિ
મુ.ભાટીબ, તા.ધાનેરા

આપની ધાનેરા તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે વરણી કરાતાં અમો હર્ષની લાગણી અનુભવી આપને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. આપ ઉત્તરોત્તર રાજકીય ક્ષેત્રે પ્રગતિના સોપાન સર કરતા રહો તેવી શુભેચ્છા..

લિ.

અજયભાઈ સોલંકી
જિલ્લા કોંગ્રેસ મહામંત્રી, જિ.બનાસકાંઠા

**હાર્દિક અભિનંદન**


શ્રી સરદારજી મકનાજી રાજપૂત
પ્રમુખ, ધાનેરા તાલુકા કોંગ્રેસ સમિતિ
મુ.ભાટીબ, તા.ધાનેરા

આપની ધાનેરા તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે વરણી કરાતાં અમો હર્ષની લાગણી અનુભવી આપને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. આપ ઉત્તરોત્તર રાજકીય ક્ષેત્રે પ્રગતિના સોપાન સર કરતા રહો તેવી શુભેચ્છા..

લિ.

નાનામેડા ગૃપ ગ્રામ પંચાયત
પનાભાઈ હેમાભાઈ : સરપંચ
લક્ષ્મીબેન ગોકળાભાઈ : ડેપ્યુટી સરપંચ
તથા કમિટી સભ્યો તેમજ સભાસદો, મુ.નાનામેડા, તા.ધાનેરા, જિ.બ.કાં.

**હાર્દિક અભિનંદન**


શ્રી સરદારજી મકનાજી રાજપૂત
પ્રમુખ, ધાનેરા તાલુકા કોંગ્રેસ સમિતિ
મુ.ભાટીબ, તા.ધાનેરા

આપની ધાનેરા તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે વરણી કરાતાં અમો હર્ષની લાગણી અનુભવી આપને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. આપ ઉત્તરોત્તર રાજકીય ક્ષેત્રે પ્રગતિના સોપાન સર કરતા રહો તેવી શુભેચ્છા..

લિ.

રબારી જોઈતાભાઈ ખેતાભાઈ
સમાજના અગ્રણી
મુ.વોડા, તા.ધાનેરા, જિ.બ.કાં.

**બેસણું**


દલસંગભાઈ કાનજીભાઈ ચૌધરી (મોર)
સ્વ.તા.૨૩-૯-૧૭, શનિવાર

મારા મોટાભાઈશ્રી દલસંગભાઈ કાનજીભાઈ ચૌધરી (મોર) તા.૨૩-૦૯-૨૦૧૭ ને શનિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્દગતનું બેસણું તા.૨૭-૯-૧૭ ને બુધવારના રોજ સવારે ૮.૦૦ થી ૧.૦૦ કલાક સુધી નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મુ.નાની ગીડાસણ, તા.વડગામ, જિ.બ.કાં.

લિ. હેમરાજભાઈ કાનજીભાઈ ચૌધરી (ભાઈ)
હિતેશભાઈ દલસંગભાઈ ચૌધરી (પુત્ર)
ભગવાનભાઈ ઘેમરભાઈ ચૌધરી (ભત્રીજા)
હરેશભાઈ હેમરાજભાઈ ચૌધરી (ભત્રીજા)
રાકેશભાઈ હેમરાજભાઈ ચૌધરી (ભત્રીજા)

**પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**


સ્વ.ધનાભાઈ એમ.ઠાકોર
સ્વ.તા.૨૫-૯-૨૦૧૬

અમારા સૌના જીવનની જ્યોત ઝબુકીને બુઝાઈ ગઈ, ઈશ્વરના ચરણનું પુષ્પ બની સંસારની મોહ માયા છોડી કુટુંબનો પ્રેમ અધુરો મુકી અને પરિવારજનોને રડતા મુકી આપ અનંત યાત્રાએ ચાલ્યા ગયા. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.

ઠાકોર રેવાબેન મગનજી પરિવાર
ઠાકોર સીતાબેન ધનાજી પરિવાર
લહેરીપુરા, દીઓદર (જી.બ.કાં.)